સમાનો મન્ત્ર. (ઋગ્વેદ) સમાની પ્રપા (અથર્વવેદ)

પરબ

વર્ષ : ૪૮ મે · ૨૦૦૬ અંક ૫

: પરામર્શનસમિતિ :

બકુલ ત્રિપાઠી — પરિષદપ્રમુખ

ભોળાભાઈ પટેલ — વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય

ભારતી ર. દવે — પ્રકાશનમંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ

મેઘાણી જ્ઞાનપીઠ ○ ક. લા. સ્વાધ્યાયમંદિર

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ ૩૮૦ ૦૦૯
ફોન ૨૬૫૮૦૯૪૭

પરબ

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલેન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી.
- પત્રવ્યવહારનું સરનામું : તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

ISSNO250-9747 પરબ

છૂટક કિં. રૂ. ૨૦/-

પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : ભારતી ર. દવે (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ ૩૮૦ ૦૦૯ * મુદ્રણસ્થાન : શારદા મુદ્રણાલય, ૨૦૧, સિલ્કચાર્જ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ✆ ૨૬૫૬૪૨૭૯

પરબ

મે : ૨૦૦૬

• અનુક્રમ •

પરિષદ-પ્રમુખોનાં ભાષણો'માંથી આચમન : શ્રી નટવરલાલ કુબેરદાસ પંડ્યા 'ઉશનસ્' • સંકલન : યોગેશ જોષી 4

પરિષદપ્રમુખશ્રીનો પત્ર : બકુલ ત્રિપાઠી 9

કવિતા : ચાર કાવ્યો • ચન્દ્રકાન્ત ટોપીવાળા 10, ઘટના એવી – • હરિકૃષ્ણ પાઠક 12, એમ જ લખું છું • કિશોર મોદી 12, પડઘાની ધાર • અંકિત ત્રિવેદી 12, બે ગઝલ • સતીન દેસાઈ 'પરવેઝ' 13, એરૂના દરમાં ! • દિલહર સંઘવી 14, એક કાવ્ય • વિપાશા 14, ઉનાળુ બપોર • પ્રદ્યુમ્ન તન્ના 15, મિત્ર, કવિ ઉશનસ્ પ્રતિ • જયન્ત પંડ્યા 15

વાર્તા : પૂતળું • મોહનલાલ પટેલ 18

નિબંધ : મારું ગામ • મનસુખ સલ્લા 19, કેરીગાળો • ધીરુ મોદી 23

વિદેશી સાહિત્ય : પિન્ટરનું છેલ્લું નાટક • ભરત દવે 28

સર્જકવિશેષ : વિદ્યા કરંદીકર • જ્યા મહેતા 34

સ્વાધ્યાય : 'એક અસ્વપ્ન સુખી જીવન' : સિદ્ધિઓ અને સીમાઓ • રમેશ ર. દવે 41

સમીક્ષા/ગ્રંથાવલોકન : હસ્તપ્રતવિદ્યાના જિજ્ઞાસુઓ માટે માહિતીપ્રદ સંપાદન • કાન્તિભાઈ બી. શાહ 50, 'ઈઓ' – એકવીસમી સદીના માનવની સંવેદના ઝીલતી સમૃદ્ધ કવિતા • યોસેફ મૅકવાન 52, એક સ્વપ્નિલ રેખાંકનયાત્રા • જય પંચોલી 57

દૃશ્ય-શ્રાવ્ય : સંવેદનશીલ લોકોએ જોવા જેવી ફિલ્મ : ખામોશ પાની : Silent Water • શરીફા વીજળીવાળા 60

ભાવાંજલિ : 'ગીત-સંગીતના ઐશ્વર્ય'ના ઉપાસક અજિતભાઈ તથા 'ગુજરાતમાં પ્રયોજિત સંગીત – સુગમ સંગીત' • ચંદ્રકાન્ત શેઠ 66

અહેવાલ : અસ્મિતાપર્વ–૯ : અમીરસ સૂરશબ્દનો ઝમે મૌનમાં... • અજય રાઠક /4

પરિષદવૃત્ત : સ્વ. ચંદ્રકાન્ત બક્ષીની શ્રદ્ધાંજલિ સભા, પાક્ષિકી, ગ્રંથગોષ્ઠિ, એની સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ, ગુજરાતી સાહિત્ય પરિષદ અને તેના વિવિધ ઘટકોનાં અંદાજપત્રો 76

સાહિત્યવૃત્ત : સંકલન : પ્રફુલ્લ રાવલ 82

પત્રસેતુ : જયંત ગાડીત 84

આ અંકના લેખકો : 84

આવરણ-રેખાંકન : રસિકલાલ ન. પરીખ

'પરિષદ-પ્રમુખોનાં ભાષણો'માંથી આચમન

સંકલન : યોગેશ જોષી

શ્રી નટવરલાલ કુબેરદાસ પંડ્યા 'ઉશનસ્'
(ઈ.સ ૨૮-૯-૧૯૨૦)

અધિવેશન : ૩૬
સ્થળ : કોઇમ્બતુર
વર્ષ : ૧૯૯૧

સૌ સાહિત્યરસિકોને અને સારસ્વતોને મારું હાર્દિક આમંત્રણ છે કે તે સૌ પરિષદાભિમુખ થાય, તેને સેવે અને પરિષદ ઊંચાં કલાધોરણોમાંથી જરાય ચલિત ન થાય એમ પરિષદને જીવનપરાયણતા તરફ વાળવામાં સહાયક બને, અને આપણે સૌ પરિષદને સમસ્ત ગુજરાતની – બૃહદ ગુજરાતની અને દરિયાપારના ગુજરાતનીય પ્રતિનિધિ એવી વ્યાપક પાયાવાળી ને ઉન્નત આશયવાળી સાહિત્યિક સંસ્થા બનાવવા પ્રયત્નશીલ થઈએ.

*

ગાંધીયુગ ૧૯૪૮ સુધી ઠીક ચાલ્યો પણ તે હવે સ્વાતંત્ર્યોત્તર યુગ પણ બને છે. ૧૯૪૦માં ઉમાશંકર પ્રહ્લાદ પારેખના 'બારી બહાર' કાવ્યસંગ્રહની સીમાચિહ્ન જેવી પ્રસ્તાવના લખે છે તેમાં ઓસરતા ગાંધી-ઠાકોર યુગના કઠોર વાસ્તવ ને અર્થઘનતાને બદલે રવીન્દ્રનાથના સૌંદર્યવાદી પ્રભાવના ઉઘાડની વાતો આગળ કરે છે; ને તેનાં ઉત્તમ નિદર્શનોમાં પછી શ્રી રાજેન્દ્ર શાહ, શ્રી નિરંજન ભગત-પ્રભાવિત એક લઘુ પણ સત્ત્વશીલ 'અનુગાંધીયુગ' ગુજરાતી સાહિત્યમાં પ્રવર્ત્યો છે ને કેટલીક 'કવિતાના વાસ્તવ'વાળી રચનાઓ પણ મળી છે. પણ ૧૯૫૬ની આજુબાજુના સમયમાં વળી પાછું કશુંક ઉપરતળે થતું દેખાય છે. આ અરસામાં જ દૃઢશ્રદ્ધ ગાંધીવાદી ઉમાશંકર જોશી 'છિન્નભિન્ન છું' જેવી કૃતિ પ્રગટ કરે છે, શ્રી નિરંજન ભગત 'પ્રવાલદ્વીપ' નામે નગરચેતનાના વૈષમ્યવાળો, અલ્પિકેરક કૃતિસંગ્રહ આપે છે તે સૌનું 'ધ્યાન' ખેંચે છે, જોકે ઉમાશંકર વનવેલી કે વનવેલીકલ્પ એવા છંદોલયમાં પ્રવૃત્ત થાય છે, તો નિરંજન છંદોને પરંપરિત કરી તેના લયમાં પોતાનું વિશિષ્ટ કવિકર્મ કરે છે. જીવનની વિષમતાને એક વાર કાન્તે એમનાં ખંડકાવ્યોમાં 'સુસ્વન વૃત્તો'માં પ્રગટ કરી આપી હતી. તેમ નિરંજન પણ કવિકર્મમાં ઠાકોર કરતાંય કાન્તની [illegible] નિકટ રહીને એવું કરી શક્યા છે.

* * *

સાવલીના ઘરના વાતાવરણમાં હોય તો તે ગિરધરકૃત 'રામાયણ' ને પ્રેમાનંદકૃત 'ઓખાહરણ', 'દશમસ્કંધ', 'સુદામા-ચરિત્ર' ને 'મામેરુ' જેવી કૃતિઓ વંચાતી તે હતાં

'સુદામા-ચરિત્ર' તો છેક સિદ્ધપુરના ગાળામાં મારી મોટી બહેન તે ભણતી હતી તેના મુખેય સાંભળ્યું છે. સાવલીના ગાળામાં પછી એક આ પ્રેમાનંદની આખ્યાનશૈલી ને બીજી ધારા તે છંદોરચના જે પાછળથી 'દલપત પિંગળ', જે મામાએ મને કવિતા લખતો જાણી ભેટ આપ્યું હતું તેના સેવનથી પોષાઈ હતી તે બે ધારાઓ મારા કાવ્યારંભના મૂળમાં રહી છે. ત્રીજું પોષકબળ તે પિતાજી સ્નાન કરતી વખતે ને પછી દેવસેવા કરતી વખતે બોલતા તે 'વસંતતિલકા' અને 'શિખરિણી' છંદના સંસ્કૃત શ્લોકોની ગુંજ.

*

મારો પ્રથમ કાવ્યસંગ્રહ ૧૯૫૫માં 'પ્રસૂન' નામે પ્રગટ થાય છે તેમાં મુખ્યત્વે ગાંધીપ્રભાવ અને અભિવ્યક્તિમાં બીજા ગૌણ પ્રભાવો પણ છે, શ્રી રવીન્દ્ર-અરવિંદના. ... 'પ્રસૂન'માં પ્રો. ઠાકોરનો પ્રભાવ નથી એમ નથી કહેતો, પણ નજરમાં 'કાન્ત'ના છંદો પણ છે જ. હા, 'ભક્તકાર' એ મારો એક આદર્શ છે, તો 'ઉપહાર' એ મારો બીજો આદર્શ છે.

*

'પ્રસૂન'માં પ્રગટ થયેલી મારી સૉનેટકૃતિ 'વળાવી બા આવી' (૧૯૪૩) જુઓ, એનો શિખરિણી છંદ; જરાય ઠાકોર જેવો છે ? એને ગાંધીજીની સરલ બાનીનો જાણે ચેપ લાગ્યો છે. છંદ નથી તો ઠાકોરશાઈ કે નથી કાન્તશાઈ. તેમાં એક, વીસમી સદીના પ્રભાવે ગામડાગામમાં આપણું જમાનાજૂનું સંયુક્ત ઘર – કુટુંબ કેવી રીતે તૂટતું આવે છે એનું ભાન પણ ન રહે તે રીતનું લાઘવયુક્ત બયાન છે. એક અનિવાર્ય ટ્રેજેડી જરાય બોલકી થયા વિના જ ચૌદ પંક્તિના આકારવિધાનમાં કેવી કંડારાઈ ગઈ છે ! વીસમી સદીના વિકાસે – વિકાસના નામે ક્યાં જઈને કેવા મર્મસ્થળે મૂઢ માર વાગ્યો છે તેનું એમાં ડૂસકું છે.

*

'પ્રસૂન' આદિનાં ગીતો વિશે વાત કરું તો મને લાગે છે કે મારી નજર સામે દયારામ – નાનાલાલ જેવો તળપદ ગુજરાતી પૂર્ણગીતનો નમૂનો નથી. થોડાક લોકલય છે, પણ મારી પાસે મેં 'વ્યાકુલ વૈષ્ણવ'(૧૯૭૭)માં જેને 'ગીતિ' કહી શકાય તેવા રવીન્દ્રભાવનથી આવેલા એક-બે ગીતલય છેક 'પ્રસૂન'કાળથી હતા જે નગીનદાસના 'ગીતાંજલિ' અને બીજાં કાવ્યોના સેવનથી પુષ્ટ થયા છે. મારી પાસે આ પણ એક લય છે.'ધનભાગ્ય' ગીતનો. (૨-૨-૫૫)

"બાઈ રે, તારાં ભાગ્ય મહા બળવાન
અમૃતપ્રાશનહાર તે તારાં ચોરસ માગે ફલાન"

... છેક 'અશ્વત્થ'(૧૯૭૫)માં પાછો આ લ્હેકો પ્રગટ થતો દેખાય છે :

"બાઈ રે, જરીક જ વધુ જો વેઠે,
આ રહ્યું એનું મકાન ટૂકડું,
અહીં આગળ તરભેટે."

૧૯૫૬માં હું 'નેપથ્યે'માં દીર્ઘકાવ્ય પ્રગટ કરું છું. એમાં કંઈક ખંડકાવ્ય જેવું છે; એક 'અસુરહસ્ય' તો પદ્યનાટકના અખતરા જેવું છે જેની પૂરતી નોંધ લેવાઈ નથી, બીજાં 'પ્રાચીના' જેવાં ને સુન્દરમ્‌નાં એવાં દીર્ઘકાવ્યોના પ્રભાવમાં કરેલું કામ છે.

*

આધુનિક કે મારા સમકાલીન બીજા વિવેચકો અછાંદસના આકમણથી કાં તો મુગ્ધ કાં તો મૂઢ બની ગયા છે, આ ગાળામાં અનુગાંધીયુગ પછીય મારું નોંધપાત્ર છાંદસ કવિકર્મ થતું આવ્યું છે, વિકસિત થતું આવ્યું છે, ને પ્રયોગોમાં પણ ગયું છે પણ તેની પૂરતી તે સજાગ નોંધ લેવાનું કામ જાણે હવે વિવેચને અપ્રસ્તુત ગણી છોડી દીધું છે તે મને તો શોચનીય લાગે છે.

સૉનેટ જ ઓછાં લખાય છે પછી સૉનેટમાળાની તો વાત જ ક્યાં કરવી ? છતાં મેં એકાધિક સૉનેટગુચ્છો ને સૉનેટમાળાયે રચી છે; 'રસ્તો ને ચહેરો', 'અનદહની સરહદે'; ને એ બહાને હું મારી પ્રણય અને પ્રકૃતિકવિતા વિશે બે વાત કરવી ઠીક ગણું છું ભાઈ જયન્ત પાઠકે મારી કવિતાની સૂક્ષ્મ ગતિનું યોગ્ય નિરીક્ષણ કરતાં ક્યાંક કહ્યું છે કે 'ઉશનસ્ પ્રકૃતિકવિતાના આદિમતત્ત્વ રૂપે 'તૃણ' ઉપર ઠર્યા છે ને પ્રણયકવિતામાં તે ઠર્યા છે 'ચહેરા તત્ત્વરૂપે'; ક્યારેક જોકે આ તૃણરેખા અને ચહેરાની રેખાઓ મારી કવિતામાં સેળભેળ થઈ જતી જોવામાં આવે છે, જુઓ

"તૃણપત્તીએ દીધી પાછી દેખા,
એ જ એ જ એ રેખા."

... મારી 'પ્રણય'કવિતા કેવળ ભાવનાત્મક નથી, એમાં વ્યક્તિઓના ચહેરાઓની રેખાઓ મેં ઘૂંટ ઘૂંટ કરી છે; જાણે પૂર્વજન્મે કોઈ ચહેરો જોયો છે ને ચાહ્યો છે તેને હું હવે આ જન્મે શોધ્યા કરું છું : ને તેની સાથે મળતી આવતી રેખાઓ ક્યાંક જોઉ છું તો પછી આકુળવ્યાકુળ બની જાઉં છું. છેક 'પ્રસૂન'થી આ ઝંખના ચાલુ જ છે. ને તે વધુ ને વધુ તીવ્ર થતી આવી છે ને કદીયે શમી નથી.

*

વતનપ્રીતિની વાત પણ છેવટે બાના ચહેરારૂપે જ પમાય છે. 'વતન ને બાનો ચહેરો' (અશ્વત્થ – ૧૯૭૪), 'રસ્તો અને ચહેરા' સૉનેટમાળા આવા રસ્તે મળતા ચહેરાઓ, ઘૂંટતા પ્રેમની યાત્રાની કૃતિઓની ગૂંથેલી માળા છે.

*

તૃણની આંગળી પકડીને જ હું દક્ષિણ ગુજરાતના વનાંચલોમાં પ્રવેશ્યો છું. 'અનહદની સરહદે'માં હું આદિમ આવેગો ને અનામી આશ્રયો લઈને ડાંગના અડાબીડ વનમાં ગયો હતો; એ સૉનેટમાળા પછી હું જાણે હવે 'તૃણ અને તારકો' વચ્ચે આવી ગયેલા એક ગ્રહની જેમ બંને બાજુનું આકર્ષણ અનુભવું છું ને તેથી 'તૃણ'અને તારકો વચ્ચે' (૧૯૬૪) જેવી કૃતિ જન્મે છે. જેની ટોચ આવી પંક્તિઓમાં આવે છે :

"હું તારકો ને તૃણની બિચોબિચ
હું તારકો ને તૃણથી ખીચોખીચ !"

મને લાગે છે કે મારી કૉસ્મિક અનુભૂતિ કંઈક આવા વાસ્તવવાળી છે. હું દ્યાવાપૃથિવી વચ્ચે ને બંનેનો જાણે કોઈ વિવર્ત છું. મારી ચેતનાએ જાણે પૃથ્વીને ઓળંગી છે ને હવે હું આકાશપ્રભાવિત છું. હવે જાણે એકલી પૃથ્વીની કે એકલા આકાશની વાત કરી શકાતી નથી. – આ અનુભૂતિમાં હું કેવી રીતે દૃઢ થયો તેના કારણમાં જતાં મને એમ લાગે છે કે હું ધીમે ધીમે ઉપનિષદોમાં વેદાંતદર્શનમાં ભારતીય દર્શનના તાત્ત્વિક પ્રભાવમાં વધુ

ને વધુ આવી ઠર્યો હતો. ખાસ તો ગીતાનો, વિનોબાનો, શંકરાચાર્યના પ્રભાવમાં ને તે જ વખતે અમેરિકન વૈજ્ઞાનિક કાપ્રાનું "તાઓ ઑફ ફિઝિક્સ" વાંચ્યું ને તે અને વેદાન્ત જાણે ચિત્તમાં એકાકાર થઈ ગયાં, આખું વિશ્વ નટરાજના નૃત્ય જેવી લયબદ્ધ ગતિમાં આંદોલિત છે. એ આ બંને વિચારણાના પાયામાં છે. શંકરાચાર્યનો પેલો શ્લોક પણ ચિત્તમાં ઘર કરે છે : 'લોકત્રયં શાંતવ નર્તનસ્થલી'. અને પરિણામે તૃણ અને તારકોનો અભેદ અનુભવ્યો. બધું લયબદ્ધ રીતે રાસમાં હોય તેમ એકબીજાની સાથે તાલમાં ને તાલીમાં જાણે પ્રવર્તે છે, બધું જાણે એકબીજાની પાસે સરે છે, ને એકેબીજાથી સંભોગાઈ જાણે ત્રીજા વિવર્તને જન્મ આપે છે અને આ એક અનંત પ્રક્રિયારૂપે પ્રવાહિત છે. આ જ દર્શન પછી 'વ્યાકુળ વૈષ્ણવ'ની કેટલીક ગીતિઓમાં અને 'સદ્‌ગતાનો ખાંચો'માં પણ 'નષ્ટોમોહ' નામક પ્રકરણમાં પણ નિરૂપાયું છે. અને આ ગાળામાં લખાયેલી કેટલીક મારી 'એકસ્ટસીઓ'માં પણ તે જોવામાં આવશે. મારે એમ પણ કહેવું જોઈએ કે આ અનંત સંકુલ તરંગલોલ દર્શને મારી એકસ્ટસીઓને ચાલના પણ આપી છે. આ એકસ્ટસી, એ શી ચીજ છે ? એ બધું સેળભેળ કરી દેતી, અવનવા વિવર્તોમાં સંકર, સંસૃષ્ટિની પ્રક્રિયા અને પરિણામે અનુભવની એક અદમ્ય વન્ય ફૂંક છે; એક સેળભેળ કરી મૂકતો વાવંટોળ છે જેમાં ભાષા, ભાવ ને ભંગિમા, બધું જ જાણે ઉદ્ધત લયમાં નર્તન કરતું એકબીજામાં મળી જતું ગતિ કરે છે આ વખતે જો છંદ હોય તો તે રમણે ચઢે છે અથવા અછાંદસમાં હિલ્લોળા લે છે. ઉભયરીતિમાં માણવાનો છે આવેગ જ, બધાં જે ઉપકરણોને તળે ઉપર કરી મૂકે છે તે આવેગ જ. એમાં માણવાની છે તો તે છે સંકુલતા.

*

વિસ્મય અને આવેગબળ એ મારી કવિતાના મૂળમાં છે ને તે કૃતિને ચાલના આપે છે. પ્રકૃતિની જેમ મારી પ્રેમકવિતામાં પણ આવા આવેગોની એકસ્ટસી રચનાઓ છે. હું પ્રેમને પણ એક આદર્શ ભાવના કે તત્ત્વજ્ઞાનમાં લઈ જતો નથી પણ એને એસ્થેટિકલી આદિમ વન્ય આવેગોથી ઇન્દ્રિયગ્રાહ્યતામાં મૂર્ત કરીને પામું છું, માણું છું.

*

'અશ્વત્થ' (૧૯૭૫) સંગ્રહમાં મેં એક જાહેરનામું ગ્રંથના આરંભમાં મૂક્યું છે કે મારી કવિતાએ હવે સંદેશા આપવાનું છોડી દીધું છે ને હું હવે જાણે એક અવકાશયાત્રી છું ને માત્ર બ્રહ્માંડમાં લીધેલી વિસ્મયની છબીઓ હવે ઝીલું છું ને પૃથ્વી ઉપર સંક્રાંત કરું છું. બસ, મારું આ એક જ કામ હવે રહ્યું છે એવી એની મતલબ રહી છે, પણ તે છતાં હું મનુષ્યનાં સામાજિક-રાજકીય કુચક્રોથી મારી કવિતાને મુક્ત, તટસ્થ રાખી શક્યો નથી

*

પ્રથમથી જ હું પૃથ્વીના ને માણસના પ્રેમમાં રહ્યો છું તેનું મને એક કવિ તરીકે ગૌરવ પણ છે. હું જેમજેમ વિચારું છું તેમતેમ મને સમજાતું આવે છે કે આ અખિલ વિશ્વ મૂળે એના સ્રષ્ટાની આનંદલીલા છે. આનંદ એની સિસૃક્ષાના મૂળમાં એક એકસ્ટસીની જેમ રહેલો છે. એ ઉપનિષદવાણીથી હું પ્રભાવિત છું.

*

આપણે ત્યાં પણ દલિત સાહિત્ય, નારીવાદી, નવા પ્રગતિશીલ સાહિત્યનો જન્મ અને

પ્રસાર-પ્રચાર થવા લાગ્યો છે જે હવે પછી વધુ ને વધુ અસરકારક બની ગુજરાતી સાહિત્ય ઉપર પ્રભાવ પાડશે એમ માની શકાય. ૧૯૫૬ની આજુબાજુ અસ્તિત્વવાદી, નિ સારતાવાદી મોજું આપણે ત્યાં આવ્યું હતું તેણે એક આડપેદાશરૂપે શુદ્ધ સાહિત્યની કંઈક કલ્પના કરી હતી. તે ગાળાનો શુદ્ધ કવિતાનો શબ્દ છેવટે એટલો તનુ બની ગયો છે કે જીવનના ધીંગા પ્રશ્નોનો ભાર તે ઝીલી શકે તેવો રહ્યો નથી. અને આ બીજા નવપ્રબોધમાં જીવન તેની પ્રશ્નોભરી અખિલાઈથી સામે આવ્યું છે ને વધુ આવશે. ગુજરાતનો હવે પછીનો કવિ આ કેવી રીતે કરી શકશે તે વિચારણીય છે. કદાચ આપણે ગાંધીયુગની ધીંગી ભાષા, અનુગાંધીયુગની સૌંદર્યલય દીક્ષા ને આધુનિક કવિતાનો નિઃશેષ જાડ્યવિરોધ, એય સમન્વિત રીતે કેળવવાં પડશે. ભાવિ કવિતા Future Poetryમાં શ્રી અરવિંદે ફરી પાછા કોઈ છંદ પાસે જેવું પડશે એમ ભાખ્યું છે. જે કોઈ ધીંગી કૃતિ(તે મહાકાવ્ય કે દીર્ઘકાવ્ય કે પદ્યનાટક હોય ભલે)ની રચનામાં ઉપકારક રીતે કામ લાગે તેવો હશે. આમ આપણે વૈશ્વિક રીતે વિજ્ઞાનમય અવકાશી ચેતનામાં છીએ, તો ભારતીય રીતે આમપ્રજાના બીજા નવપ્રબોધમા ઐહિક રસે જીવનઉદ્ધારના સઘન પ્રયોગકાળમાં છીએ ત્યારે આવી કોઈ ધીંગી કાવ્યરચનાના કવિની અપેક્ષા રાખી શકીએ. આ એક સકારાત્મક ક્રાન્તિની ક્ષણ છે. ગાંધીયુગ વચ્ચે જે પ્રગતિશીલ ને વાસ્તવવાદી યુગ બેઠો હતો તેનાથી આ વધુ વ્યાપક ને સઘન કાર્યક્રમ છે તેના ટેક ઑફની જાણે ઘડી આવી પહોંચી છે. ૨૧મી સદીના ભાવિ કવિ માટે આ એક પડકાર હશે. આ સંકુલતાને વણી લેતા કોઈ કવિની ગુજરાત પણ હવે સકારણ રાહ જુએ છે

*

હું કાન્ત કાલિદાસ જેવા સુઘડ છંદને ફરીથી ઝંખું છું. સુઘડ અનવદ્ય છંદોરચના એ મારી ભાવિ કવિતાનો એક આદર્શ છે. હું મારા Ecstasy જેવા આવેગોને સુઘડ છંદમાં ઢાળી શકીશ ? બ્રહ્માંડ ઉપરાંત મારી સાથે પ્રથમથી જ રહેલાં બે વાનાં – પૃથ્વી ને પ્રિયતમાનાં અદમ્ય આકર્ષણો તથા છેલ્લા માણસની મારી ચિંતાને હું સંયોજી શકીશ કોઈ એકત્ત્વવાળી પદ્યકૃતિમાં ? મારે આ નૂતન કૉસ્મિક – વૈશ્વિક અને ભારતીય પરિસ્થિતિની સંકુલતા સાથે જેને દ્યાવાપૃથિવી ચેતના કહી શકાય તેમાં આશ્ચર્ય અનુભવતો, ટકરાતો ને વ્યવસ્થાતો માણસ નિરૂપવો છે કોઈ નૂતન છંદમાં, પણ તે મારાથી થઈ શકશે ખરું ? ન જાને.

❑

પરિષદ-પ્રમુખશ્રીનો પત્ર (૪)

જો સાથે કામ કરવાની તૈયારી જ નહીં, હોંશ પણ આપણે પ્રગટાવી શક્યા હોઈએ આ વર્ષે પ્રથમ વાર જ, સૌ સંકળાયેલા સાહિત્યરસિકો દ્વારા સતત સંપર્કપ્રવૃત્તિ અને પછી મધ્યસ્થ સમિતિની ઉપરાઉપરી બે, ઠીક ઠીક પ્રલંબ એવી, મિટિંગોના પરિણામે, તો હવે આપણે સૌની સામેલગીરીના સુફળ માટે ઉત્સુક બનીએ જ. (આ લખાય છે ત્યારે તો હવે, ૭મી મે ૨૦૦૬ના કાર્યવાહક સમિતિના મિલનની પણ ઉત્સાહભરી અપેક્ષા છે.)

જો માનવદેહ એ અસંખ્ય રક્તશિરાઓનું માળખું છે, તો સમૂહતંત્ર (ઓર્ગેનિઝેશન) એ પણ વ્યક્તિવ્યક્તિ વચ્ચેના અસંખ્ય વ્યવહારોની સામુહિક ઓળખ છે. જો તંત્રને અસરકારક રીતે ચાલતું કરવું હોય, તો દરેક નાનામાં નાના કાર્યની વ્યાખ્યા, ગતિ, દિશા – દરેક ક્રિયાનો અન્ય ક્રિયા જોડે પરસ્પર તાર્કિક અને તેથી જ અસરકારક સંબંધ – એ બધું જ પૂર્વવિચાર અને પૂર્વવ્યવસ્થા માંગી લે છે.

આ બધું પરંપરાથી ઉત્કાંત થયું હોય, અને અચાનક સૌને, બહારથી જોનારને પણ, લાગવા માંડે કે સમગ્રની અસરકારકતા, ગતિશીલતા, જીવંતપણું કંઈક ઘટી ગયાં છે – અરે, કદાચ સ્થગિતતા સુધી પહોંચી જવાનાં ચિહ્નો પણ દેખાવા માંડ્યાં હોય – ત્યારે ઘણીબધી બાબતોનો તદ્દન પાયાની સપાટીથી પુનર્વિચાર કરવો પડે.

પરિષદમાં આ બધું વિચારતી એક 'ટીમ' ઊભી થઈ રહી છે. એના કાર્યનાં અન્ય ઉદાહરણો છોડીને આજે એના એક જ કાર્યારંભને આવકારીએ – એ છે 'પ્રમાણભૂત કાર્યપદ્ધતિઓની શોધ અને આયોજન' જેઓ સહેજ પણ આધુનિક સમયની કોઈ પણ વાસ્તવલક્ષી અસરકારક તંત્રવ્યવસ્થા-સંચાલનવ્યવસ્થા જોડે સંકળાયેલા હશે, તેઓ 'સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર્સ – એસ.ઓ.પી.' એ સંજ્ઞાથી પરિચિત હશે જ.

આનો વૈજ્ઞાનિક રીતે વિચાર કરવાનો આરંભ થઈ ચૂક્યો છે, એટલું જ હરખભેર આ પત્રમાં નોંધીએ. વધુ વિગતો આપણામાંના – શુદ્ધ સાહિત્યસર્જકોના – રોમેન્ટિક જીવને કદાચ કંટાળો આપશે. શું કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે એની સમજૂતી આપવાનું આ સ્થાન નથી, પણ મધ્યસ્થ સમિતિના તથા કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ તો આની સાથે સંકળાઈ જ રહ્યા છે. એમને મોકલાતા પરિપત્રો, તક મળે તો, જોશો.

આ સમગ્ર પ્રક્રિયાનું સુપરિણામ જોવાનું તો આપણામાંના દરેકના 'નવી સદી, નવો ઉમંગ, નવાં પ્રમાણો'ની ભાવના સાથે સંકળાવાની વૃત્તિના પ્રમાણ પર નિર્ભર રહેશે।

હું આશાવાદી છું!

નાણાવ્યવસ્થા તથા હિસાબપદ્ધતિ (ફાઇનાન્સિંગ), સંપર્ક અને આંતરિક તથા બાહ્ય સંચારવ્યવસ્થા (કમ્યુનિકેટિંગ) તથા અગાઉના સમયમાં પરિષદે જેની જવાબદારી લીધી જ છે તેવાં કાર્યો, જેમ કે સંશોધનાત્મક અભ્યાસલેખન તથા પ્રકાશન – તેમાં આ પ્રમાણભૂત કાર્યપદ્ધતિઓનો વિનિયોગ આજે ૨૧મી સદીમાં એક અનિવાર્યતા તરીકે આપણને દેખાઈ રહ્યો છે

આ બધી જ વાતો, હવે જ્યારે ડિસેમ્બર ૨૦૦૬ના જ્ઞાનસત્રની તૈયારીઓ, અગાઉના રિવાજ કરતાં ઘણી વહેલી, અને અગાઉની નિર્ણયપદ્ધતિઓ કરતાં વધારાક્તિ પણ કંઈક જુદી એવી રીતની, શરૂ કરી દીધી છે આપણે, ત્યારે વધુ આનંદદાયક બની રહે છે.

પૂર્તિ રાખી શકો કે ન રાખી શકો, આપણા દરેકની મૂળભૂત પ્રકૃતિનો સવાલ છે। પણ ઉમંગી બનો જ એવો મારો આગ્રહ ખરો।

અનુવાદ અંગેના એક ખૂબ ઉત્તેજક નવા જ અનુભવની વાત... આવતા મહિનાના 'પરબ'માં। આજે આ એક જ પાનું બસ।

– બકુલ ત્રિપાઠી

ચાર કાવ્યો | ચન્દ્રકાન્ત ટોપીવાળા

૧. બે કૂતરાની કથા

(ચતુરક્ષરી)

મારામાં વસેલા બેઉ કૂતરાની વાત કહું
કૂતરા તો કૂતરા છે, કૂતરાની જાત કહું

એક સાવ દુષ્ટ અને બીજો નર્યો સાલસ છે
એક મહાકપટી ને બીજો છે, નિખાલસ છે.

દુષ્ટ ભસ્યા કરે, એને બીજું કોઈ કામ નથી
સાલસને ક્યારે યે તે ઘડીનો વિરામ નથી.

દ્રહાડો આખો દુષ્ટ ભસે, ઘસે, કૂદે, બાઝે લડે
બથ્થંબથ્થા, સામસામા ક્યારેક તો આવી ચડે

પૂછો તમે 'બેઉમાંથી કોણ છેવટ જીતે છે ?'
ખવડાવું જેને ઝાઝું એ જ આમ તો જીતે છે !

૨. તું શું કરે ?

(મિશ્રોપજાતિ - સૉનેટ)

આ શું કર્યું તેં ? જરી ભાન છે તને ?
આ શું કર્યું તેં બસ આમ આખર !
આ શું કર્યું સાગરપેટ સાગર !

અપાર ધાર્યો જલરાશિ ભાર,
અસંખ્ય મોજાં દિનરાત તેં વહ્યાં
અખંડ વેઠ્યો વડવાગ્નિ પંડમાં.

આવ્યો હશે પ્રાણ કદીક કંઠે
સ્હેજે ય તેં ધીરજ ના ગુમાવી
મૂકી ન માઝા, બસ સ્વસ્થ ગાજ્યો.

આ એ જ તું કે ? વિકરાળ ફૂંફવી
કાળોતરા કાળમુખે ધસીને
વિરાટ-જીભે હડપી ગયો બધું

તું શું કરે ? દાબ હશે જ એવો
તું યે તૂટ્યો, તોડી બધું ય દેતાં !

૩. સાંભરણ

(અનુષ્ટુપ - સૉનેટ)

પ્રશાન્ત તારકો જાણે ગુંજતા તમરા-મુખે
અંધારું ફોરતું ઝાડું પીધી સુગંધના સુખે
ફલો જોવાય ના એક્કે, જોવાતા રસઊભર્યા
ઠેર ઠેર મહેકોના ટપુઓ મસ્તીએ ભર્યા.

ચંદ્રસ્પર્શે હવા ગૌર ચાંદની થઈને સરે
પારદર્શક વસ્ત્રોનું લ્હેરે પોત સરોવરે
જંપેલા સ્વર પંખીના આગિયામાં પ્રકંપતા
વૃક્ષોના ઘુમ્મટો, હાલ્યાં પર્ણોને પડઘાવતા.

દિવસે ખિસકોલીના અંકાયા ગતિ-તાંતણા
તંત્રીઓ બનીને રાતે રણકે રળિયામણા
વીંટળાઈ વળે આવી કીડીના પગનો લય
રજે રજ પડે, ઊડે, જડે કશું અમીમય.

સંભારું જ્યાં તને ત્યાં તો તું ના એક, અનેક છે
સો સો દશ્યો, છબી સો સો ને તું છતાંય એક છે !

૪. બર્ડફ્લૂ

(વિસ્રસ્ત હરિણી)

ત્વચા અસ્તી જતી, સળવળ થતાં રૂંવેરૂંવાં
પીંછે પીંછાં બધિબધ ફૂટતાં ફરફર થતાં
નજર કરું તો શરીર ભરાયલું રૂંછેરૂંછે
મુખ મટી રહ્યું, ઊગી રહી ચાંચુડી હોઠે નાની
ચળક ચળકી આંખો, ઝીલી થઈ રહી આકુડી
હલહલ કરે ડોકી રાખી રખાય નહીં સ્થિર
શિર ભર કૈં ડોલી રાતું રહ્યું કલગી સમું.
સંકોચાઈ પગ થઈ રહ્યા સદંતર ટૂંકડા,
કદ ઘટી રહ્યું, ઊંચાઈ યે થતી કમ, આખરે
આવી પહોંચી પલકભરમાં જમીન લગોલગ
મન થઈ રહ્યું ઊડી લેવા જરી અમથું, અને
કંઠે આવી કુકડ કુકની બૂમો શમતી રહી
ત્યાં કો, ઊંધો પકડી પગથી, મને પટકાવતું
તરફડું, મને અચાનક ઘટ્યું

ઘટના એવી — | હરિકૃષ્ણ પાઠક

ઘટના એવી કંઈ અણઘટી
કેમે ના પરખાય એવડી ઊંડી ને અટપટી,
ઘટના એવી કંઈ અણઘટી.

કિયે વાયરે ઊઠી એમાં કોણે પૂર્યાં રંગ,
સાન કશી ના મળે છતાં સૌ સાંભળનારાં દંગ.
ઘડીક ઊજળે અંગ, ઘડીમાં મેલી માથાવટી
ઘટના એવી કંઈ અણઘટી.

મૂળ જડે નહિ મનમાં, તનમાં ફેલાવે કંઈ તાપ,
ગયું કોઈ પ્રગટાવી કે એ પ્રગટી આપોઆપ?
મથું ખાળવા ત્યાં તો ભાળું – જતી વેળને વટી
ઘટના એવી કંઈ અણઘટી.

અણમંજસના અણઘડ ઓટે અથરો અથરો બેસું;
પરોવાઈને વળતો પાછો, પાછો વળતો પેસું...
ખરેખરું કંઈ થયું ન'તું તો ગયું હવે શું મટી?
ઘટના એવી કંઈ અણઘટી.

એમ જ લખું છું | કિશોર મોદી

શ્વાસની કૂંપળ ઉપર એમ જ લખું છું
ભીતરી ઝળહળ ઉપર એમ જ લખું છું.

દિલનો લથબથતો લીલોછમ પહાડ લઈને,
રોજના વાદળ ઉપર એમ જ લખું છું.

એક હું વ્હેતી નદી તું તો સમન્દર,
નિજત્વના અંજળ ઉપર એમ જ લખું છું.

છે અગમ-શી વાત નિરાકારતાની,
બસ પળ ઉપર એમ જ લખું છું.

ઋચામાં ઝલમલવું છે કિશોર,
કાગળ ઉપર એમ જ લખું છું.

પડઘાની ધાર | અંકિત ત્રિવેદી

એકલી ક્યાં જઈશ ઉતારીને?
માર્ગમાં મેં પૂછ્યું ખુમારીને...

"બ્હાર મંદિરની શું ચાલે છે?"
ઈશ્વરે પૂછેલું પૂજારીને...!

તું હિસાબોની બ્હાર રહેવાનો
શું કરું હું તને ઉધારીને...?

વાત સીધીસીધી કહી દીધી
શું મઠારીને, શું સુધારીને...!

કોઈ પડઘાની ધાર કાઢે છે
મૌનમાં શું ઝીલું પુકારીને...?

બે ગઝલ | સતીન દેસાઈ 'પરવેઝ'

૧. આમ બસ આમ જ...

એ કશું માગે નહીં તોયે અપાતું જાય છે.
આમ બસ આમ જ અહીં પગભર થવાતું જાય છે.

એક બીજું બબ પણ ભીતર સમાતું જાય છે,
કે નિરુદ્દેશે જ સઘળું ખાલી થાતું જાય છે.

સાંપડી છે નાદની સાચી પરખ ક્યાં શ્વાસને,
તાલમય કોને સુણું છું શું ગવાતું જાય છે.

આ બધી હોવાની લીલાને હજીયે જંપ ક્યાં।
પળ-પળે હોતું નથી, પળ-પળ રચાતું જાય છે.

અધવડી ભીંજે ય અમને કૈંક છોળો પારની,
ક્યાં અમસ્તું નિત્ય એનામાં નવાતું જાય છે.

તત્ત્વ કેવળ એક છે આ અંત ને આરંભનાં,
જે કદી ઊઘડે નહીં એ પણ વસાતું જાય છે.

ક્યાં લગી નાહક પલાણો આપ એના બેતને,
કૈં નથી તો મન ઉપર આ શું છવાતું જાય છે.

પૂછશો ના ભાન જેવું હોય ક્યાં 'પરવેઝ'ને,
કે ગઝલના અર્થમાં શું યે ધરાતું જાય છે.

૨. આકાશમાં

હું સુગંધો જેમ છો વાયો હતો આકાશમાં.
આમ કોને તોય અથડાયો હતો આકાશમાં !

સ્હેજ પગ મારોય ફંટાયો હતો આકાશમાં.
એ પછી વિસ્ફોટ સર્જાયો હતો આકાશમાં.

થાય છે નિર્મૂળ ક્યારે મૌન ધરવાથી ફક્ત,
શબ્દનો વધસ્તંભ ખોડાયો હતો આકાશમાં.

એ જ ફરિયાદી થઈને પીડતો આઠે પહર
મંત્ર જે એકાદ મેં ગાયો હતો આકાશમાં !

સાંજના ઘંટારવે ઝળકે છે એનું એ સ્મરણ,
હું અરવ ક્યારેક પડઘાયો હતો આકાશમાં !

જીવના બ્હાને અચાનક એ જ તો આવી ચઢે.
જે ન ખોવાયો કે સંતાયો હતો આકાશમાં.

રાહ જોતું દ્વાર પર ઊભું હતું આકાશ પણ,
ક્યાં કદી 'પરવેઝ' ડોકાયો હતો આકાશમાં !

એકના દરમાં ! | દિલહર સંઘવી

છે એની જ ચર્ચા હવે શહેરભરમાં,
પરાયો થઈને રહું છું હું ઘરમાં !

મને જોઈતું ક્યાં મળે છે નગરમાં,
રહું છું હું તેથી તો ઘરમાં ને ઘરમાં.

નથી કોઈને દેવી દરિયામાં ડૂબકી,
મળી જાય મોતી જો રેતીના ઘરમાં !

બતાવો ક્યાં રાખ્યો છે અમૃતનો કૂંપો,
અમે હાથ નાખ્યો છે એકના દરમાં !

લઈ હાથમાં કેમ પથ્થર ફરો છો ?
રહો છો તમે તો અરીસાના ઘરમાં !

અમે ભીષ્મ પેઠે પ્રતિજ્ઞા કરી છે,
કહી દો સૂરજને ન આવે મકરમાં.

અરેરે, ખુદા, આ તે કેવું જીવન છે ?
મરી જાય માણસ જીવનની ફિકરમાં !

જીવનનો બધો અર્થ સમજાઈ જાશે,
બગીચામાં બેસો જઈ પાનખરમાં.

હવે દોસ્ત દુશ્મનની, ચર્ચા શું દિલહર,
ઉઠાવો જનાજો ને દાટો કબરમાં !

એક કાવ્ય | વિપાશા

ખરબચડા રસ્તા
પર ચાલતી 'તી.
વાગતું ખૂબ.
સપ્પાટ કરી દીધો એ રસ્તો.
ખોવાઈ ગઈ,
શોધવાનો વખત
ના મળ્યો,
દોડવામાં,
સીધા
સપાટ
રસ્તા
માં.

નોંધ : વિપાશાની (સેરેબલ પાલ્સીએ વિપાશાના શરીર દ્વારા એની ચેતનાને ફેંકેલા પડકારની) લડતથી કંઈક પરિચિત વાચકો માટે એક નાનકડી નોંધ

વિપાશા હવે લૉસ ઍન્જેલસમાં છે, પોતાના અપાર્ટમેન્ટમાં રહે છે પોતાની પાવર વ્હીલ ચેરમા એકલી રોજ ગ્રોસરી સ્ટોરમાં બ્રેડ-બટર, શાકભાજી, દૂધ-બૂધ બધું લેવા જાય છે. 'અ રૂમ ઑફ માય ઓન'ની મહાન લેખિકા, વર્જિનિયા વૂલ્ફના કુળની હવે વિપાશા બની છે

પણ પોતાના રૂમમા કે પોતાના અપાર્ટમેન્ટમાં, લડત તો પોતાની લડવાની જ હોય. વિપાશાના જીવનના આ પોતાના અને એકલા, પરિવારથી અડધો ભૂગોળ આઘો રહેવાના, તબક્કાની શરૂઆતમા – ઈ ૨૦૦૫-૦૬માં લખાયેલાં – કેટલાંક કાવ્યોમાંનું એક...

ઉનાળુ બપોર | પ્ર

સાવ પડી ગયો છે પવન
ને વાધે ઉકળાટ
ડુંગરાં, દેવળો, મિનારાં, મ
ને સ્મારકો છાવરતાં
ભૂખર, મેલા આવરણ તળે...

બધુંય અવ ધીર
કાંઠના વિજન નાંગર-સ્થળે :
નાવ-નાવડાં ને સ્ટીમ-લોન્ચોનાં
ઝાંખાં પ્રતિબિંબો ને પડછાયા...

કેવળ
બે બતકાંના
ચંચળ તરાવ સંગ
ફરતા ફરે
હળવા તેજ-લિસોટા
તૈલ શા
ઘાટા ને લીસ્સા
જળ પરે !

મિત્ર, કવિ ઉશનસ્ પ્રતિ | જયન્ત પંડ્યા

કવિ ! ક્યારે આવી અરવ પગલે ચિત્તપટમાં
ખૂપ્યાં એવા છો કે દૃઢમૂલ જરીકે ન ચસતું ?
પિતાની સૉનેટો પ્રથમ નજરોની પ્રીત થઈ,
અને તેમાં પૂર્યા રસકસ ઋજુ માતૃસ્મરણે.

ઊભા 'તા કો રસ્તે, ખબર સૂણીને આગમનની
કવિતાદેવીના ચરણરજનો અર્ઘ્ય ઝીલવા
તથા આંકી લેવા નિજની વીથિકા આ ભવરણે;
ઊભા જાણે કે, ના નજર કરવી પૂંઠની દિશે.

દિનાન્તો, રાત્રિઓ, વનની શીમણી સંગત લઈ
તમે તારા સાથે શિખરશખરે ગોઠડી કરી;
પહાડોનાં ચોખ્ખાં ઝરણ રગમાં ઓળવી લઈ
મૂક્યાં રેઢાં સર્વે, જનવિજન હર્મ્યોની વચમાં
હશે જાગ્યો ત્યારે અલખ અણબોટ્યો તમ હૃદે,
સદા તે જાગન્તો નિશદિન રહો બ્રહ્મરસમાં.

હશે એવું તે શું, નિરજનું લગવું માની મનુજો
બુટાડી મૂકે આ પ્રકૃતિદીધ ભંડાર અથવા
નિઃસંકોચે જાણે મિલકત ગણી બાપની દીધી ?
તમે તોયે ઊભા અચલ, બસ કૂટસ્થ ધ્રુવ શા !

ઋણાનુબંધોને વીસરી મૂકવા, આ જગતને
પડ્યું કોઠે જાણે, કુદરત તણા વૈભવ બધા
કરી લેવા અંકે, વળતર કશું આપવું નહીં !
ભલેને પ્રકૃતિ રઝળી પડતી ખોટ ખમીને...

મોહનલાલ પટેલ

ઝુમખલાલ એમના આઠ વર્ષના પૌત્ર નંદકિશોરને ઘણી વાર મીરાં ગેટની બહારના રસ્તે ફરવા લઈ જતા. આમ કરવા પાછળ એમનો બેવડો હેતુ હતો. એક તો, નંદુમાં ચાલવાની આદત વિકસે અને બીજું, રસ્તે ચાલતાં ચાલતાં એને આ જગતને કેટલીક વિસ્મયકારક વાતો કહીને એના સામાન્ય જ્ઞાનમાં વધારો કરી શકાય.

એક દિવસ રસ્તે ચાલતાં ઝુમખલાલે ઢાકાની મલમલની વાત છેડી. દીવાસળીના ખોખામાંથી આ મલમલનો આખો તાકો નીકળી જઈ શકતો એ વાત નંદુને કહી અને તાકો એટલે શું એ પણ સમજાવ્યું.

નંદુ ઠંડકથી બોલ્યો : "ઢાકાની મલમલ જોઈ છે."

એકાએક સ્તબ્ધ થઈ ગયા હોય એમ ઝુમખલાલ રસ્તા વચ્ચે થોભી ગયા. નંદુની કશી સમજફેર થતી નથી ને, એની ખાતરી કરી લેવા એમણે એને કહ્યું : "તેં ઢાકાની મલમલ જોઈ છે ?"

"હા, ઢાકાની મલમલ મેં જોઈ છે."

"ઢાકાની મલમલ ?"

"હા, ઢાકાની, ઢાકાની. દીવાસળીના ખોખામાંથી જેનો આખો તાકો નીકળી જાય એ મલમલ."

"અત્યારે તો એ સંગ્રહસ્થાનોમાં પણ જોવા મળતી નથી અને તેં એને ક્યાં જોઈ હોય ? ઢાકાની મલમલ તો હવે ઇતિહાસના ચોપડામાં બંધ થઈ ગઈ છે."

"તમારે એ મલમલ જોવી છે, દાદા ?"

"તેં જોઈ એટલું બસ છે, નંદુ" પૌત્રની વાત હસી કાઢતા હોય એમ દાદા બોલ્યા.

"હવે તો મારે તમને એ બતાવવી જ પડશે આગળની ગલીમાંથી આપણે વળી જઈએ."

નંદુ ઝુમખલાલને એક ચોક વચ્ચે ઊંચા પેડસ્ટલ ઉપર ઊભા કરેલા આદમ કદના સ્ટેચ્યૂ આગળ લઈ આવ્યો. પછી બોલ્યો : "જુઓ દાદા, કોઈ મોટા શેઠિયાએ તમે કહો છો એ મલમલ ચાદરની જેમ શરીરે વીંટી છે"

સ્ટેચ્યૂ ઉપર ઝીણી રજ અને બારીક છોપટનું એક આવરણ હતું. ઝુમખલાલ પ્રથમ તો જરા મલકાયા પછી એમણે નંદુ તરફ જોયું આ છોકરો દૃષ્ટિભ્રમથી છેતરાયો છે ? કે પછી અસાધારણ બુદ્ધિ-આંકને લીધે એના ચિત્તે રજના આવરણ અને ઢાકાની મલમલ વચ્ચે સામ્ય જોયું ? ઝુમખલાલ પૌત્રની કલ્પના-સંપદા ઉપર વારી ગયા. એમને જે. એસ. મિલની યાદ આવી ગઈ. મિલે છ વર્ષની વયે રોમનો ઇતિહાસ લખ્યો હતો. એનો બુદ્ધિ-

૧૯૦ હતો. ઝુમખલાલને પોતાનો પૌત્ર એ આંકને પણ વટાવી ગયો હોય એવું જણાયું

લાગણીવશ એ બોલ્યા : "ભવિષ્યમાં તું મોટો વ્યંગકાર બનીશ હોં, નંદુ."

હવે નંદુના કુતૂહલની દિશા બદલાઈ હતી. એણે કહ્યું :

"ભારે મોઢાવાળો આ શેઠિયો કોણ છે, દાદા ?"

"એ શેઠિયો નથી."

"તો કોણ છે ?"

"બીજું કોણ હોય ? વલ્લભભાઈ ! આ વલ્લભભાઈની પ્રતિમા છે."

"ના, આ વલ્લભભાઈ નથી." નંદુએ દૃઢતાથી કહ્યું.

"આવા ચોક વચ્ચે ગાંધી, સુભાષ કે વલ્લભભાઈ સિવાય બીજા કોનું બાવલું હોય ?"

"પણ આ બાવલું વલ્લભભાઈનું નથી." નંદુએ પોતાની વાત પકડી રાખી.

"તું શાથી એમ કહે છે ?"

"કેમ, અમે સરદાર વલ્લભભાઈ પટેલના ફોટા ક્યાંય નહીં જોયા હોય ? એક તો અમારી ચોપડીમાં પણ છે. આ બાવલું વલ્લભભાઈનું નથી."

ઝુમખલાલે હવે સ્ટેચ્યૂ તરફ બારીકાઈથી જોયું અને એમના મનમાં વિચારો ફણગાવા લાગ્યા : "વાત વિચારવા જેવી છે. નંદુ કહે છે તે સાચું હોય એવું લાગે છે. આપણે તો ભાઈ, સ્થાનના કારણે આ સ્ટેચ્યૂ વલ્લભભાઈનું છે એમ કહી દીધું. આવા મહત્ત્વના ચોકમાં ગાંધી, જવાહર, સરદાર કે સુભાષ સિવાય બીજા કોનું પૂતળું હોય ? ગાંધી લાકડી અને ઉઘાડા શરીરે ઓળખાય, જવાહર બંડી-ટોપી અને સુરવાલથી ઓળખાય, સુભાષ એમની લશ્કરી વરદીથી ઓળખાય. અને વલ્લભભાઈ ધોતિયાથી ઓળખાય. આપણે ધોતિયું જોયું અને નંદુને કહી દીધું કે આ વલ્લભભાઈ છે. મોઢા સામે તો જોયું જ નહીં. વાત સાચી છે આ વલ્લભભાઈનું મોઢું નથી એટલે એ વલ્લભભાઈ ન હોય !"

દાદાને લાંબા વિચારમાં પડી ગયેલા જોઈ નંદુએ પોતાનો પ્રશ્ન દોહરાવ્યો : "કહોને દાદા, આ શેઠિયો કોણ છે ?" "હું પણ એ જ વિચારું છું ભાઈ, કે આ શેઠિયો કોણ હશે ?"

થોડી વધારે પળો સુધી ઝુમખલાલ સ્ટેચ્યૂને જોઈ રહ્યા પછી બબડ્યા : 'ગામના જ છીએ અને જાણતા નથી કે આ પૂતળું કોનું છે ! કોઈને પૂછવું પડશે.'

ચોકની ઉત્તરે એક દુકાનનું પાટિયું ઘણું જૂનું હતું. ઝુમખલાલ ત્યાં ગયા. મુનીમ જેવા દેખાતા એક ભાઈને પૂછ્યું : "સામે છે એ પૂતળું કોનું છે ?"

પહેલાં તો મુનીમ જેવા જણાતા આ ભાઈ કોઈ પૂતળાને જ નીરખતા હોય એમ ઝુમખલાલ સામે જોઈ રહ્યા. પછી બોલ્યા : "નીચે લખ્યું હશે, જોઈ લેજોને ભાઈ."

"નીચે તો કંઈ લખ્યું નથી. પણ તમારી દુકાન જૂની છે. પૂતળું સામે જ છે. તમને તો એ કોનું છે એ ખબર હશે જ ને ?"

"ધંધામાં ઊંચું જોવાની ફુરસદ જ નથી, પૂતળું ક્યાં જોતા ફરીએ ?"

અહીં કંઈ જડે એવું નથી એમ જાણી ઝુમખલાલે બાજુની દુકાનમાં પૂંછ્યું. બાજુની દુકાનવાળાના જવાબે ઝુમખલાલને વધારે આશ્ચર્યમાં મૂકી દીધા. એ દુકાનના વૃદ્ધ માલિકે કહ્યું : "પૂતળાં તો જોવાનાં હોય, નામ સાથે શી લેવાદેવા ?"

ઝુમખલાલ સામેની હરોળ તરફ ગયા. ત્યાં એક દુકાનદારે કહ્યું : "એ સરદાર સાહેબનું પૂતળું છે એવું અમારી જાણમાં છે. તમને શંકા હોય તો મ્યુનિસિપાલિટીમાં જઈને પૂછો. મ્યુનિસિપાલિટીએ જ મુકાવ્યું છે."

દુકાનનો ગુમાસ્તો વચમાં બોલ્યો : "મ્યુનિસિપાલિટીમાં રૂબરૂ પૂછવાથી કોઈ સરખો

જવાબ નહીં આપે. ચીફ ઑફિસર ઉપર અરજી કરો."

ઝુમખલાલને આ સલાહ ઠીક લાગી. એમણે ભાલચોકમાં મૂકવામાં આવેલી પ્રતિમા કોની છે એની પૃચ્છા કરતી અરજી ચીફ ઑફિસરના હોદ્દા જોગ મ્યુનિસિપાલિટીમાં મોકલી.

એક મહિના સુધી કશો ઉત્તર ન મળ્યો એટલે એમણે એક સ્મૃતિપત્ર લખ્યો. રાહ જોઈ. પંદર દિવસ સુધીમાં કશો જવાબ ન મળ્યો એટલે 'સ્મૃતિપત્ર નં. ૨' એવી નોંધ સાથે બીજો પત્ર લખ્યો.

ચાર સ્મૃતિપત્રો લખ્યા પછી એક દિવસ ઝુમખલાલ ચીફ ઑફિસરને રૂબરૂ મળવા ગયા. ઝુમખલાલને ઘણી ઑફિસોનો અનુભવ હતો પણ અહીંની ઑફિસનો અનુભવ આશ્ચર્ય પમાડે એવો નીકળ્યો. ચીફ ઑફિસરે ઝુમખલાલને માનપૂર્વક આવકાર્યા. ચા મંગાવી અને એમના પ્રશ્નના નિકાલ માટે ભોંયતળિયાના મધ્યસ્થ હૉલમાં ત્રંબકલાલના ટેબલ આગળ જવા સૂચવ્યું.

ઝુમખલાલ નીચે ગયા. પોતાનું નામ દેતાં જ ત્રંબકલાલે કહ્યું : "તમારી અરજીએ તો માથું પકવી નાખ્યું, કાકા."

"કેમ, શી હરકત આવી ?"

બાજુના ટેબલવાળો કારકુન બોલ્યો : "આવી અરજીઓનો કોણ ભાવ પૂછે ? પણ સી.ઓ.એ અંગત રસ લીધો એની આ બધી મોંકાણ છે. સી.ઓ. તમારા માટે નહીં પણ એમના પોતાના માટે અમારું માથું ખાય છે."

"તમારી વાત સમજાઈ નહીં, ભાઈ."

"તમારી અરજીના કારણે એમણે નહીં નહીં તોય પચાસ રૂપિયાનું પેટ્રોલ બાળ્યું હશે."

"જરા ગળે ઊતરે એવી રીતે વાતો કરો, ભાઈ."

"તમારી અરજી વાંચીને સી.ઓ.ને પોતાને પણ ભાલચોકના પૂતળામાં રસ જાગ્યો એ પોતે એક વખત પૂતળા સામે જઈ આવ્યા. પૂતળું સરદારનું છે કે બીજા કોઈનું એ એમનાથી નક્કી ન થઈ શક્યું એટલે એક વાર એ મને એમના સ્કૂટર ઉપર લઈ ગયા. હું ગૂંચવાયો. મારા ગૂંચવાડાના લીધે એ બમણા ગૂંચવાયા. બીજી વાર સુબોધને લઈ ગયા. સુબોધે વળી નવી ગૂંચ ઊભી કરી. એ વળી કહે, પૂતળું જમનાશેઠનું છે. સરદાર સાહેબના મુખની તો એક રેખા પણ આ પૂતળાના ચહેરા ઉપર નથી ! સવાલ ગૂંચવાતો રહ્યો છે – આ પૂતળું કોનું ?"

ત્રંબકલાલે કંટાળા સાથે કહેવા માંડ્યું : "જૂના રેકર્ડમાંથી મિનિટ બૂકો કાઢીને ઠરાવ જોવા માટે છાજલી પરથી ધૂળ-છેપટ ખંખેરી ખંખેરીને કેટલાંય પોટલાં ઉતાર્યાં, પણ કંઈ પત્તો લાગતો નથી. ખરેખર તો દસ વર્ષ અગાઉનું રેકર્ડ જોવાનું જ ન હોય, પણ સી.ઓ. સાહેબને રસ છે એટલે અમારું લોહી પીએ છે."

"તમે જાઓ સાહેબ", બીજા કારકુને કહ્યું : "કશો પત્તો લાગશે એટલે વગર કહ્યે તમને માહિતી મોકલી આપીશું. તમે નાહક ઉઘરાણીના કાગળનો ટાપાલખર્ચ ન કરતા."

"અને વળી પેલા સુબોધે વળી નવું શૂળ ઊભું કર્યું છે. જમનાશેઠનું નામ દઈને 1ઓ. એ શેઠની શોધનું ચક ચલાવવામાં જ છે કાં તો." ત્રંબકલાલે ઊભરો કાઢ્યો.

ઝુમખલાલ પગથિયાં ઊતર્યા. એમને એટલું તો સમજાઈ ગયું કે મ્યુનિસિપાલિટીમાથી કશુ મળે એમ નથી. પોતે હવે મ્યુનિસિપાલિટીમાં ઉઘરાણીનો પત્ર નહીં લખે. પણ નંદુને આ પૂતળામા રસ જાગ્યો છે એનુ શુ ? એ તો આંતરે દિવસે ઉઘરાણી કર્યે જ જાય છે. એને શાંત કરવા કશોક ઉપાય તો કરવો પડશે. સુબોધની વાત શા માટે ન સ્વીકારવી ? નદુને કહીશુ, આ પૂતળું જમનાશેઠનું નંદુ જમનાશેઠના પરિચય માટે જક કરશે તો અસત્યનો આશરો લઈને કહીશુ – 'જમનાશેઠે નગરમાં બે સાર્વજનિક દવાખાનાં ઊભાં કર્યાં હતા. આખા ગામને પાણીની કોઈ સમસ્યા ન રહે એ માટે મોટી સખાવત કરી હતી. અને એક સદાવ્રત પણ ચાલુ કર્યું હતું '

ㄱ

પરિષદના આજીવન સભ્યોને વિનંતી

આદરણીય મુરબ્બીઓ અને મિત્રો,

આપ ગુજરાતી સાહિત્ય પરિષદના આજીવન સભ્ય છો. સૌ પ્રથમ તો પરિષદ સાથે ભાવાત્મક રીતે સકળાવા માટે આનંદ અને આભારની લાગણી પ્રગટ કરી લઉ

પરિષદના આજીવન સભ્ય તરીકે આપને 'પરબ' નિયમિત રીતે મળતુ હશે. કાગળ અને મુદ્રણની મોંઘાઈ, પુરસ્કારખર્ચ, ટપાલખર્ચ વગેરે મળીને 'પરબ'નો વાર્ષિક ખર્ચ રૂપિયા સાડા ત્રણ લાખ જેટલો થવા જાય છે આ રીતે 'પરબ'નો ઘણો મોટો આર્થિક બોજો પરિષદ પર રહે છે આ ઉપરાંત પરિષદની વિવિધ પ્રવૃત્તિઓ અંગે મળેલા દાનની રકમના વ્યાજના દર ઓછા થઈ જવાને કારણે એ પ્રવૃત્તિઓને આર્થિક રીતે પહોંચી વળવા માટે પણ ઘણી જ મથામણ કરવાની થાય છે

પરિષદની આજીવન સભ્ય ફીના ઈ સ. ૧૯૭૮માં વ્યક્તિ માટે રૂ એકસો પચાસ હતા જે વધતા વધતાં ઈ સ. ૨૦૦૩ માર્ચથી રૂ ૧૫૦૦/- થયા હતા. હવે તા. ૧-૪ ૨૦૦૬થી પરિષદની આજીવન લવાજમ ફી વ્યક્તિ માટે રૂ ૨૦૦૦/- કરવામાં આવી છે આપ વ્યક્તિ તરીકે રૂ ૧૫૦/-, ૨૦૦/-, ૩૦૦/-, ૫૦૦/-, ૧૦૦૦/- કે ૧૫૦૦/ માં સભ્ય થયા હશો આ પત્ર દ્વારા હું આપને વિનંતી કરું છુ કે આપ આજની આજીવન સભ્ય ફી અને આપ સભ્ય થયો હો તે વખતની આજીવન સભ્ય ફીના તફાવતની રકમ ધ્યાનમા રાખીને આપને યોગ્ય લાગે તેટલી રકમ સ્વૈચ્છિક રીતે દાનરૂપે પરિષદને મોકલશો તો એનાથી પરિષદની પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે. પરિષદના આજીવન સભ્યોની સખ્યા ત્રણ હજાર જેટલી છે સૌનો સહકાર મળી રહેશે એવી મને પૂરી શ્રદ્ધા છે

આપ સૌની કુશળતા ચાહું છું

લિ. સ્નેહાધીન
રતિલાલ બોરીસાગર
(વહીવટી મંત્રી)

મારું ગામ | મનસુખ સલ્લા

ગામનાં તો ઝાડવાંય વહાલાં લાગે એ ખૂબ સાચું છે. કારણ કે ગાંઠે વગરની જિંદગીની અસરકારક પળો ત્યાં વીતી હોય છે. ઉપયોગિતાના ભાર વિના બધું ચાહ્યું હોય છે. નકામું પણ કીમતી અને પ્રિય લાગ્યું હોય છે. એટલે વતનનું કાયમ ખેંચાણ રહે છે એમાંય જો ગ્રામપ્રદેશ હોય અને એને અડીને નદી વહેતી હોય તો રાજસિંહાસન અને મુકુટ સામટાં મળ્યાં હોય તેવું લાગે !

મારા ગામનું નામ નેસડી. ગુજરાતના ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકાનું શેલ નદીને કાંઠે, કેસર કેરીને કારણે વખણાયેલું ગામ. નદીનો સામો કાંઠો એટલે જિલ્લો બદલાઈને અમરેલી થઈ જાય.

મારા બાળપણમાં ધૂળિયા રસ્તા જ સ્વાભાવિક ગણાતા. દીવા કે ફાનસથી આગળ પેટ્રોમેક્સ તો જાહોજલાલી ગણાતી. ચાંપ દબાવીએ અને લાઇટ થાય એનું તો હજુ સ્વપ્નુંય નહોતું. આખા ગામમાં કોઈ પણ ઘરમાં કંઈ પણ નોંધપાત્ર બને તો બે-ચાર કલાકમાં આખા ગામને ખબર પડી જાય. આજે ભલે દખલગીરી લાગે, પણ પરસ્પરની કાળજી લેવાતી.

વાટકી વહેવાર તો જ્ઞાતિભેદ વિના થતો રહેતો. કોઈને ઘેર છોકરાં ટેક છોડી ગયાં હોય તો કાળજી લઈને બે મણ જુવાર મોકલી દેનારને પોતે કાંઈ મોટો ઉપકાર કર્યો છે તેવી સભાનતા રહેતી નહિ. કૂથલી, ઈર્ષા, મોટાઈના ઝઘડા હતા જ, પરંતુ તેના ઉપર ભણેલાપણાનું મહોરું કે સંસ્કારીપણાનો ઢોળાવ ચડાવ્યા વિનાનું ખુલ્લાપણું પણ હતું મા મરી ગયેલા છોકરાને પડોશી પાલવે કે અપરમાના ત્રાસવાળાને ઘરમાં બેસાડીને ખવડાવનારાં ઘણાં હતાં. કોઈ બાઈ દુખ સહન ન થવાથી કૂવે પડી હોય તો કાઢનારા જીવ જોખમમાં મૂકીને ઊંડા કૂવામાં કૂદી પડતા.

નેસડીમાં ત્યારે કોઈ ડૉક્ટર કે વૈદ્ય નહોતા. મોટી માંદગી હોય તો દર્દીને ગાડે નાખીને કુંડલા લઈ જવાય. મોટે ભાગે દાદીમાનું વૈદું જ ચાલે. મને રબારીપામાંથી કૂતરું કરડેલું મારાં દાદીમા હાજર, તેઓ ઢીલાં પડી ગયાં. પડોશના બે ભાઈઓએ મને પકડીને લાલ ઘોલર મરચાંની મોટી ફાડ બાંધી દીધેલી. કાળી બળતરા થયેલી. આંસુ ઓછાં પડેલાં, પણ પછી કંઈ તકલીફ નહોતી થઈ. ઇન્જેક્શન અપાય તેવો ખ્યાલ જ નહોતો.

ફરતાં આઠ-દસ ગામ વચ્ચે એક જ વૈદ્ય હતા – કમી-કેરાળાના સોંડાબાપા. ઘોડા પર બેસીને આઠ દિવસે એક વાર આવે. જાતે નાયી, પણ દેખાવ અને મિજાજ કાઠી-દરબાર જેવો. જબરા નાડીપારખુ. ઘોડા પર બે બાજુ લટકતા ખડિયામાં દવાઓ હોય. મોટા ભાગની વનૌષધીય. તેમની દવા અસરકારક ગણાતી. દર્દી પાસેથી કસાઈની જેમ કમાણી કરતા આજના ડૉક્ટરોનો ખ્યાલ તે કાળે નહોતો. તેમની ફી એક આનો કે બે આના ગણાતી. પણ ગરીબ ગુરબાને મફત દવા આપે. તેમની દવા વિશે સૌને અકાટ્ય ભરોસો.

સોંડાબાપાને ત્રણ દીકરા. તેમણે નેસડી, દીતલા અને કમી ગામ વહેંચી દીધેલાં.

જીવાભાઈને ભાગે નેસડી ગામ આવેલું. વેવિશાળ, લગ્ન કે પાણીઢોળ કોઈ પણ પ્રસંગે નાનાંમોટાં બધાં કામ જીવાભાઈને ભાગે હોય. ઘેરઘેર નોતરું આપવા તેઓ જ જાય. લોકોના દાઢી-વાળ તેઓ જ કાપે. અમને જીવાભાઈ ગમે ચોપાટને કારણે. ગજબના રસિયા. ધાર્યા દાણા લાવે. મનોમન ગણતરી કરીને એવા દાણા નાખે કે સામાવાળાની પાકવા જતી સોગઠી ઊડી પડે. મરતી સોગઠીને પોતાની સોગઠી એવી રીતે મારે કે લાગે કે બે ટુકડા થઈ ગયા હશે ને મારતી વખતે ઉદ્‌ગાર કાઢે 'હ...મૂ...' પછી બધા સામે વિજયી સમ્રાટ અશોકની જેવી નજર ફેરવે. ભર્યું મજબૂત શરીર. માથે ટોપીમાં અર્ધી બીડી ખોસેલી હોય. ટોપીમાંથી વાળના કાનસૂરિયા દેખાતા હોય.

અમારે બે-ત્રણ મહિને વાળમાં સજીવ ખેતી શરૂ થઈ જાય. એટલે જીવાકાકા પાસે માથું નમાવી દેવાનું. તેમની કામગીરી વિપુલ એટલે ઝટ વખત ન મળે. ભારતીય કોર્ટોની જેમ મુદત પડ્યા કરે. પાંચ-છ ધક્કા ખાઈએ ત્યારે વારો આવે. ક્યારેક કાકી ભલામણ કરે, 'બિચ્ચાડાને કેટલા ધક્કા ખવડાવવા છે?' અને જીવાકાકા બેસાડી દે. કાતર ભાર ઓછો કરે, સંચો ઘાટ આપે. ઊઠીએ ત્યારે માથું હળવું થઈ ગયું હોય. અરીસામાં જોઈને નિરાશ થઈને કહીએ, 'કાકા, તમે બોઉ ઉતારી નાખ્યું!' તો હસીને કહે, 'બટા, હવે ત્રણ મહિના નિરાંત.' એવા વાળને કારણે શહેરવાળા અમને ગામડિયા ગણે. અમારો કટ છાલિયાકટને નામે ઓળખાય. છાલિયું મૂકીને બાકીનો ભાગ સફાચટ કર્યો હોય તે છાલિયાકટ. આજે ૫૦ વર્ષ પછી મોંઘા ભાવના પૈસા ખર્ચીને છાલિયાકટ કરાવીને નવી પેઢી પોરહાય છે તે જોઈને મને થાય કે અમારા જીવાકાકા વહેલા જન્મ્યા!

સાંજ પડ્યે અમારે શેલને કાંઠે જવાનું જ હોય. ત્યારે શેલ ઘણા મહિના વહેતી રહેતી. પૂર આવે ત્યારે બે કાંઠે લગભગ ૧૫-૨૦ ફૂટના પ્રવાહવાળી રણચંડી જેવું રૌદ્ર રૂપ લે. અમે ઘરનાનો ઠપકો ખાઈનેય શેલના એ રૂપને જોવાનું ચૂકીએ નહિ, પરંતુ ખરી મજા બીજા દિવસે હોય. તોફાની કિશોરી નવવધૂનું ઠાવકું રૂપ લઈને સંભાળીને ચાલતી હોય તેમ પ્રસન્નમના, આછરેલી શેલ વહી રહી હોય. અમારામાંના બહાદુરો સૌથી પહેલાં ઘૂનાની શોધ કરે ચારથી આઠ ફૂટ ઊંડા ઘૂના પડ્યા હોય. આવડત પ્રમાણે ઊંડા ઘૂનામાં તરવાનું, પણ ખરી મજા રેતીની રમતોની. કૂબા કરવા, રેતીનું મંદિર કરવું, તેને આવળ કે કરેણનાં ફૂલોથી શણગારવું. એમાં અમેય શંકરના ગણ જેવા થઈ જઈએ. પછી ખમીસ કાઢીને નદીમાં પડવાનું. ચહી લગભગ સુકાઈ જાય ત્યાં સુધી આંટા મારવાના, પછી ઘેર જવાનું.

મેળા કે ગૌરીવ્રતની નદી અમને બહુ પ્રિય લાગતી. ગ્રામકન્યાઓ પૂરી શ્રદ્ધાથી પૂજા કરે. તેઓ કેવો વર માગે છે તે કરતાં કેવો પ્રસાદ વહેંચે છે તેમાં અમને વધુ રસ પડતો. કોપરું-ગોળ, સાકરિયા કે સુખી ઘરની કન્યાએ વહેંચેલો પેંડાનો પ્રસાદ અમે સંકોચ વિના બે-ત્રણ વાર લઈ લેતાં. પ્રસાદને આધારે કન્યાની કક્ષા નક્કી કરીને માર્કસ આપતા. નદીને કાંઠે મેળો ભરાય ત્યારે પપ્પુડાં, સિસોટીઓ, ભમરડા, ફુગ્ગા ને નિતનવી ચીજોનું સ્વર્ગ ખડું થયું હોય તેવું લાગતું. ફેર ચડે તોય ઘડીક ફજેતફાળકામાં બેસી લઈએ. કુલફી ને ગોળા તો ખાવાનાં જ. ચમનચાચાનો (બરફનો) ગોળો ત્રણ-ચાર રંગનો બને. ગોળામાં કોની મીઠાશ વધુ છે તેની વિમાસણ થાય તેવી તેમની વાતની અદા હતી.

નદીમાં માછલી થાય પછી તો ઉત્સવ જ મંડાય. નિશાળમાં શરીરથી બેઠાં હોઈએ, પણ મન માછલીમાં પરોવાયેલું હોય. પાણીની ઉપર ઊડનારી, અંદરોઅંદર હરીફાઈ કરનારી, નાનાંમોટાં જૂથ રચનારી, અમે નાખેલાં દાળિયા-મમરા ખાવા ધમાચકડી મચાવે તે જોઈને અમે પણ કૂદીએ. 'અમુક માછલી મારી' એમ કહીને ભેરુ સાથે ઝઘડીએ પણ ખરા, ને થોડી વારે બંનેને લાગે કે પસંદ કરેલી માછલી તો ફરી દેખાતી જ નથી ! કેટલાક વળી રેતીના મોટા સફેદ દાણા વીણીને નાખીને માછલીઓને છેતરતા, પણ દાદીમાએ સમજાવેલું તેથી હું એવું 'પાપ' ન કરતો.

રાજકુમારી માછલી થઈ ગઈ હોય તે વાર્તા ઊઘમાંય સજીવન થઈ જતી. સ્વપ્ન અને જાગૃતિની સરહદો સેળભેળ થઈ જતી. માછલીઓના સેલારા અમારાં હૈયાંમાં દોરાતા. એ ઉમરે બધું જ શક્ય લાગતું. નદીકાંઠેથી પાછા વળવાનું નિમિત્ત બાનો ઠપકો બનતો. દરરોજ બા કહે, 'દી થતાં ઘેર આવી જવું'. પણ આ વચનનો દરરોજ ભંગ થતો ને ઠપકો મળતો. આકાશમાંથી ઊતરીને અંધારું પાણીમાં નહાવા પડે ત્યારેય અમને નદી છોડવાનું ન ગમતું.

આખરે પગથિયાં ચડી કાંઠે આવીએ ને સામે દેખાય ઘેઘૂર લીમડો. તેની નીચે હતી પીરની દરગાહ. લોબાનની સુગંધથી આખું વાતાવરણ મઘમઘતું હોય, પરંતુ અમારે માટે તો એ ભયનો વિભાવ જ બની જતો. આખું ગામ હિન્દુ-મુસ્લિમના ભેદ વિના પીરની માનતા રાખતું અગરબત્તી ને શ્રીફળ ચડાવતું. કેટલાક લીલી ચાદર પણ ચડાવતા. સૌને તર્કરહિત ખાતરી કે પીર સાજા કરે છે. જેમ પીરની સાજા કરવાની દરેક મોઢાની કથા તેમ પીરની દરગાહે અધરાતે ચૂડેલો નિર્વસ્ત્ર થઈને ફૂલે રોટલા બાંધીને રાસ રમવા આવે છે, અવગતિયો અઘોરી લીમડેથી ઊંધે માથે ભૂસકા મારે છે, છાણા જેવડી મોટી ફેણવાળો, સફેદ મૂછાળો શ્રીમાળિયો નાગ પીરની દરગાહ માથે મધરાતે ડોલે છે વગેરે મોઢાં એટલી વાતો વહેતી. વાત કરનારા બધું નજરે જોયું હોય તેવી વધુ પ્રત્યક્ષતાથી વર્ણન કરતા. અમને સાંભળતાં બીક લાગતી અને સાંભળ્યા વિના રહેવાતું નહિ.

સાંજે અંધારું ઘેરાયું હોય, લોબાનની સુગંધ ચારે બાજુ પ્રસરી ગઈ હોય, માણસોની હલચલ નહિવત્ હોય ત્યારે આ બધી કથાઓનાં પાત્રો એકસામટાં સામે નાચતાં હોય તેવું લાગતું. રૂંવાડાં બેઠાં થઈ જતાં. હનુમાનજીનું નામ લઈને અમે દોટ મૂકીએ. હનુમાનજી આગળ કોઈનું કંઈ ન ચાલે તેવી શ્રદ્ધા અમને હિંમત આપતી. રામજીબાપા પેંડાવાળાની દુકાન સુધી પહોંચતાં વચ્ચે શ્વાસ લીધો હતો કે નહિ તેનું ભાન ન રહેતું

અમે ગામડાંનાં છોકરાં. રમતનાં સાધનો દુર્લભ. એટલે રમતો સાધનો વગરની જ વધુ હતી. તેમાં રાતે અંધારિયા-અજવાળિયાની રમત તો બધા ભયને ભુલાવી દે. આજે જ્યાં બૅટરી લઈનેય ન જઈએ તેવી જગ્યાએ ગાઢ અંધારામાં અમે સંતાતા. ને ત્યાંથી નામ લઈને અમને પકડી પાડનારા વિરલાઓય હતા.

'અમારા ગામમાં ભવાયા બહુ રમતા. નોરતાના નવે દિવસ ખેલ થાય. અમે ઝોકું ખાધા વિના બધું જોયું હોય. એમાં ઓડિયો-વીડિયો બધું મનોરંજન મળી જાય. એ પછી અમારી ભજવણી શરૂ થતી. સામગ્રીમાં નાની લાકડી, તીરકામઠું ને નહાવાનો ટુવાલ. ગી, વસ્ત્રપરિધાન – બધું ટુવાલમાં આવી જાય. ટુવાલ પાઘડી બને, રાજાની પીઠ

માછળની ઝાલરી બને, કેડે બાંધી તો ધોતી બને, સૂઈને ઓઢો તો મરણપછેડી બને. આટલી ઓછી સ્ટેજપ્રોપર્ટીથી દુનિયાના કોઈ અભિનેતાએ અમારી જેટલાં નાટકો ભાગ્યે જ ભજવ્યાં હશે. તેમાં ડાગલો, રાણકદેવી, રા'ખેંગાર, સીતાવનવાસ, વીર અભિમન્યુ – બધું ભજવાતું. સ્ત્રીપાત્ર ભજવનારે વેશભૂષામાં ચડ્ડી જ પહેરેલી હોય. તેવું પાત્ર ભજવવા માટેની ખાસ એક જ લાયકાત ગણાતી – મીઠો રાગ. કોઈકનો સંવાદ ભુલાઈ જાય તો સામેનું પાત્ર બનેના સંવાદો આપય બોલી નાખે. ખેલ અટકે નહિ. રાતના સાડા દસે કોઈકને ઘરેથી ઊંચા અવાજે બૂમ પડે પછી છૂટવા પડવાનું. દિવસો સુધી ભવાયાં કરતા સવાયા ખેલ ભજવીએ. પ્રેક્ષકો કોણ ? પ્રેક્ષકો અલગ હોવા જોઈએ તેવો ખ્યાલ નહોતો અમે જ અભિનેતા અને અમે જ પ્રેક્ષકો.

બાના આગ્રહથી હાથપગ ધોવા પડે પણ ફળિયામાં ઢાળેલા ખાટલામાં પડતાંની સાથે ઊંઘ અમારી પાંપણ ઉપર પોતાની સુંવાળી આંગળીઓ ફેરવવા માંડતી. સ્વપ્નમાં અમે ક્યાંના ક્યાંય ઊડતા રહેતા.

ગામ મારા બાળપણમાં એવું તો રસાઈ ગયું છે, એની ઘટનાઓમાં એવી રીતે જિવાયું છે કે પ્રથમ વર્ષાના સ્પર્શે ધરતીમાં પોઢેલી સુગંધ હોંકારો દે છે તેમ કોઈક નિમિત્ત મળતાં જ ગામ, તેની આગવી દુનિયા, બાળલીલાઓ અને અમારા અબોધ મસ્ત ખ્યાલો જાગી ઊઠે છે. વચ્ચેનો ૫૦ વર્ષનો પડદો હઠી જાય છે.

આજનું નેસડી આધુનિક સુવિધાઓથી ભર્યું ભર્યું છે. વસ્તી ચાર ગણી વધી ગઈ છે. રાજકારણના આટાપાટાએ ગામને પીંખી નાખ્યું છે. આર્થિક ખેંચતાણે માયા-મમતા ઓછી કરી નાખી છે, પરંતુ મારા ચિત્તમાં સજીવ અંશ બનીને સચવાયેલું ૫૦ વર્ષ પહેલાંનું નેસડી એવું જ તાજું, ધબકતું, મહોરતું જીવે છે. ક્યારેક થાય છે કે મારી નાડીઓમાં હજુય શેલ નદી વહી રહી છે.

કેરીગાળો | ધીરુ મોદી

છેક બાળપણથી ઉનાળો મારી પ્રિય ઋતુ રહી છે. એક તો નિશાળમાં રજા પડી હોય, અને ઉનાળામાં જ 'કેરીગાળો' શરૂ થાય તે રજા પૂરી થાય ત્યાં સુધી ચાલ્યા કરે. મારું વતનગામ મરોલીબજાર (નવસારી જિલ્લો) ઈ.સ. ૧૯૪૩-૪૪માં હું સાત-આઠ વરસનો હોઈશ ત્યારે સમયની કેરકીક વાતો યાદ કરવાનું ખૂબ ગમે છે.

ગામને સીમાડે આંબાવાડિયાં હતાં. ત્યાં હું ફરવા નીકળી પડતો મારો 'કેરીગાળો' તો આંબે મ્હોર બેસે ત્યાંથી જ શરૂ થઈ જતો. બાપુજી કહેતા કે જેમ ટાઢ પડે તેમ આંબા ફૂટે ! મ્હોરથી ભરચક આંબા જોવાનું મને ખૂબ ગમતું. એ સુગંધની મસ્તી માણતો. મ્હોરના ઝૂમખામાં લીલા મગના દાણા જેવી કેરીઓ જોતો ને હું આનંદથી કૂદી ઊઠતો. પછી તો એકબે અઠવાડિયાંમાં પાકી રાયણ જેવડા ઝીણા ઝીણા મરવાઓ આંબા નીચે ખરેલા હોય તે હું વીણીને થેર લઈ આવતો. બધાંને ઉત્સાહપૂર્વક એ મરવા બતાવવાનું ગમતું. મારા દાદીમા કહેતાં : "ના, ના, હોળીની પૂજા કર્યા વિના મરવા ન ખવાય." હોળી આવતી, પૂજાની બીજી સામગ્રીની સાથે મરવા પણ રહેતા – ને પછી જ દાદીમા મરવા ખાતાં.

નદીમાં માછલી થાય પછી તો ઉત્સવ જ મંડાય. નિશાળમાં શરીરથી બેઠાં હોઈએ, પણ મન માછલીમાં પરોવાયેલું હોય. પાણીની ઉપર ઊડનારી, અંદરોઅંદર હરીફાઈ કરનારી, નાનાંમોટાં જૂથ રચનારી, અમે નાખેલાં દાળિયા-મમરા ખાવા ધમાચકડી મચાવે તે જોઈને અમે પણ કૂદીએ. 'અમુક માછલી મારી' એમ કહીને ભેરુ સાથે ઝઘડીએ પણ ખરા, ને થોડી વારે બંનેને લાગે કે પસંદ કરેલી માછલી તો ફરી દેખાતી જ નથી ! કેટલાક વળી રેતીના મોટા સફેદ દાણા વીણીને નાખીને માછલીઓને છેતરતા, પણ દાદીમાએ સમજાવેલું તેથી હું એવું 'પાપ' ન કરતો.

રાજકુમારી માછલી થઈ ગઈ હોય તે વાર્તા ઊઘમાંય સજીવન થઈ જતી. સ્વપ્ન અને જાગૃતિની સરહદો સેળભેળ થઈ જતી. માછલીઓના સેલારા અમારાં હૈયાંમાં દોરાતા. એ ઉમરે બધું જ શક્ય લાગતું. નદીકાંઠેથી પાછા વળવાનું નિમિત્ત બાનો ઠપકો બનતો. દરરોજ બા કહે, 'દી થતાં ઘેર આવી જવું'. પણ આ વચનનો દરરોજ ભંગ થતો ને ઠપકો મળતો. આકાશમાંથી ઊતરીને અંધારું પાણીમાં નહાવા પડે ત્યારેય અમને નદી છોડવાનું ન ગમતું.

આખરે પગથિયાં ચડી કાંઠે આવીએ ને સામે દેખાય ઘેઘૂર લીમડો. તેની નીચે હતી પીરની દરગાહ. લોબાનની સુગંધથી આખું વાતાવરણ મઘમઘતું હોય, પરંતુ અમારે માટે તો એ ભયનો વિભાવ જ બની જતો. આખું ગામ હિન્દુ-મુસ્લિમના ભેદ વિના પીરની માનતા રાખતું. અગરબત્તી ને શ્રીફળ ચડાવતું. કેટલાક લીલી ચાદર પણ ચડાવતા. સૌને તર્કરહિત ખાતરી કે પીર સાજા કરે છે. જેમ પીરની સાજા કરવાની દરેક મોઢાની કથા તેમ પીરની દરગાહે અધરાતે ચૂડેલો નિર્વસ્ત્ર થઈને ફૂલે રોટલા બાંધીને રાસ રમવા આવે છે, અવગતિયો અઘોરી લીમડેથી ઊંધે માથે ભૂસકા મારે છે, છાણા જેવડી મોટી ફેણવાળો, સફેદ મૂછાળો શ્રીમાળિયો નાગ પીરની દરગાહ માથે મધરાતે ડોલે છે વગેરે મોઢાં એટલી વાતો વહેતી. વાત કરનારા બધું નજરે જોયું હોય તેવી વધુ પ્રત્યક્ષતાથી વર્ણન કરતા. અમને સાંભળતાં બીક લાગતી અને સાંભળ્યા વિના રહેવાતું નહિ.

સાંજે અંધારું ઘેરાયું હોય, લોબાનની સુગંધ ચારે બાજુ પ્રસરી ગઈ હોય, માણસોની હલચલ નહિવત્ હોય ત્યારે આ બધી કથાઓનાં પાત્રો એકસામટાં સામે નાચતાં હોય તેવું લાગતું. રૂંવાડાં બેઠાં થઈ જતાં. હનુમાનજીનું નામ લઈને અમે દોટ મૂકીએ. હનુમાનજી આગળ કોઈનું કંઈ ન ચાલે તેવી શ્રદ્ધા અમને હિંમત આપતી. રામજીબાપા પેંડાવાળાની દુકાન સુધી પહોંચતાં વચ્ચે શ્વાસ લીધો હતો કે નહિ તેનું ભાન ન રહેતું

અમે ગામડાંનાં છોકરાં. રમતનાં સાધનો દુર્લભ. એટલે રમતો સાધનો વગરની જ વધુ હતી. તેમાં રાતે અંધારિયા-અજવાળિયાની રમત તો બધા ભયને ભુલાવી દે. આજે જ્યાં બૅટરી લઈનેય ન જઈએ તેવી જગ્યાએ ગાઢ અંધારામાં અમે સંતાતા. ને ત્યાંથી નામ લઈને અમને પકડી પાડનારા વિરલાઓય હતા.

અમારા ગામમાં ભવાયા બહુ રમતા. નોરતાના નવે દિવસ ખેલ થાય. અમે ઝેકું ખાધા વિના બધું જોયું હોય. એમાં ઓડિયો-વીડિયો બધું મનોરંજન મળી જાય. એ પછી અમારી ભજવણી શરૂ થતી. સામગ્રીમાં નાની લાકડી, તીરકામઠું ને નહાવાનો ટુવાલ. તેજસામગ્રી, વસ્ત્રપરિધાન – બધું ટુવાલમાં આવી જાય. ટુવાલ પાઘડી બને, રાજાની પીઠ

પાછળની ઝાલરી બને, કેડે બાંધો તો ધોતી બને, ચૂઈને ઓઢો તો મરજાપછેડી બને. આટલી ઓછી સ્ટેજપ્રોપર્ટીથી દુનિયાના કોઈ અભિનેતાએ અમારી જેટલાં નાટકો ભાગ્યે જ ભજવ્યાં હશે. તેમાં ડાગલો, રાણકદેવી, રાખેંગાર, સીતાવનવાસ, વીર અભિમન્યુ – બધું ભજવાતું. સ્ત્રીપાત્ર ભજવનારે વેશભૂષામાં ચકી જ પહેરેલી હોય. તેવું પાત્ર ભજવવા માટેની ખાસ એક જ લાયકાત ગણાતી – મીઠો રાગ. કોઈકનો સંવાદ ભુલાઈ જાય તો સામેનું પાત્ર બંનેના સંવાદો આપ્યા બોલી નાખે. ખેલ અટકે નહિ. રાતના સાડા દસે કોઈકને ઘરેથી ઊંચા અવાજે બૂમ પડે પછી છૂટવા પડવાનું. દિવસો સુધી ભવાયાં કરતા સવાયા ખેલ ભજવીએ. પ્રેક્ષકો કોણ ? પ્રેક્ષકો અલગ હોવા જોઈએ તેવો ખ્યાલ નહોતો. અમે જ અભિનેતા અને અમે જ પ્રેક્ષકો.

બાના આગ્રહથી હાથપગ ધોવા પડે પણ ફળિયામાં ઢાળેલા ખાટલામાં પડતાંની સાથે ઊંઘ અમારી પાંપણ ઉપર પોતાની સુંવાળી આંગળીઓ ફેરવવા માંડતી. સ્વપ્નમાં અમે ક્યાંના ક્યાંય ઊડતા રહેતા.

ગામ મારા બાળપણમાં એવું તો રસાઈ ગયું છે, એની ઘટનાઓમાં એવી રીતે જિવાયું છે કે પ્રથમ વર્ષાના સ્પર્શે ધરતીમાં પોઢેલી સુગંધ હોંકારો દે છે તેમ કોઈક નિમિત્ત મળતાં જ ગામ, તેની આગવી દુનિયા, બાળલીલાઓ અને અમારા અબોધ મસ્ત ખ્યાલો જાગી ઊઠે છે. વચ્ચેનો ૫૦ વર્ષનો પડદો હટી જાય છે

આજનું નેસડી આધુનિક સુવિધાઓથી ભર્યું ભર્યું છે. વસ્તી ચાર ગણી વધી ગઈ છે. રાજકારણના આટાપાટાએ ગામને પીંખી નાખ્યું છે. આર્થિક ખેંચતાણે માયા-મમતા ઓછી કરી નાખી છે, પરંતુ મારા ચિત્તમાં સજીવ અંશ બનીને સચવાયેલું ૫૦ વર્ષ પહેલાંનું નેસડી એવું જ તાજું, ધબકતું, મહોરતું જીવે છે. ક્યારેક થાય છે કે મારી નાડીઓમાં હજુય શેલ નદી વહી રહી છે.

કેરીગાળો | ધીરુ મોદી

છેક બાળપણથી ઉનાળો મારી પ્રિય ઋતુ રહી છે. એક તો નિશાળમાં રજા પડી હોય, અને ઉનાળામાં જ 'કેરીગાળો' શરૂ થાય તે રજા પૂરી થાય ત્યાં સુધી ચાલ્યા કરે. મારું વતનગામ મરોલીબજાર (નવસારી જિલ્લો). ઈ.સ. ૧૯૪૩-૪૪માં હું સાત-આઠ વરસનો હોઈશ એ સમયની કેટલીક વાતો યાદ કરવાનું ખૂબ ગમે છે.

ગામને સીમાડે આંબાવાડિયાં હતાં. ત્યાં હું ફરવા નીકળી પડતો. મારો 'કેરીગાળો' તો આંબે મ્હોર બેસે ત્યાંથી જ શરૂ થઈ જતો. બાપુજી કહેતા કે જેમ ટાઢ પડે તેમ આંબા ફૂટે ! મ્હોરથી ભરચક આંબા જોવાનું મને ખૂબ ગમતું. એ સુગંધની મસ્તી માણતો. મ્હોરના ઝૂમખામાં લીલા મગના દાણા જેવી કેરીઓ જોતો ને હું આનંદથી કૂદી ઊઠતો. પછી તો એકબે અઠવાડિયાંમાં પાકી રાયણ જેવડા ઝીણા ઝીણા મરવાઓ આંબા નીચે ખરેલા હોય તે હું વીણીને ઘેર લઈ આવતો. બધાંને ઉત્સાહપૂર્વક એ મરવા બતાવવાનું ગમતું મારા દાદીમા કહેતાં : "ના, ના, હોળીની પૂજા કર્યા વિના મરવા ન ખવાય." હોળી આવતી, પૂજાની બીજી સામગ્રીની સાથે મરવા પણ રહેતા – ને પછી જ દાદીમા મરવા ખાંતાં.

આંબાવાડિયામાં નાનીમોટી લટકતી કેરીઓ કેસરી, લાલ, પીળા ચાખોડી જેવા જાતજાતના રંગ ધારણ કરતી. આ દશ્ય મને ખૂબ ગમતું. આજે નિવૃત્તિમાં પણ આંબાવાડિયામાં જઈને લટકતી રંગીન કેરીઓ મન ભરીને જોઈ લઉં છું. નાનપણથી જ 'કેરીગાળો'નું મને ખૂબ જ આકર્ષણ રહ્યું છે. અમારું ઘર બજારમાં હતું. બજારમાં જૈનવણિકોની ઘણી દુકાનો હતી. જૈનો સામાન્ય રીતે બીજા વર્ગો કરતાં કેરીઓ વહેલી ખાય. હું પસાર થતો હોઉં ને કોઈક વણિકના બારણામાં ધૂળમાં કેસરી ઝાંયવાળો એકાદ ગોટલો પડેલો જોઉ ને હરખાઈ જાઉં. વાહ ! કેરીની સીઝન હવે શરૂ થવામાં છે ! કેવી મજા ! પરંતુ અંદર થોડીક બળતરા કે ગ્લાનિ પણ થાય કે અમારે ત્યાં કેરી ખાવાની ક્યારે આવશે ? અધીરાઈ વધી જાય, શરૂઆતની સારી કેરીઓ આફૂસ જેવી તો શ્રીમંતો માટે હોય – અમારે તો દેશી કેરીની રાહ જોવાની રહે. રમતાં રમતાં વણિક ભાઈબંધો કોઈ કોઈ વાર કહેતા પણ ખરા કે ભાઈ, અમારે તો હમણાંની રોજ રસરોટલી ! એમની અદેખાઈ તો નહોતી આવતી, પણ મારી લાલસા વધી જતી – હજી કેટલી વાર ! હજી કેટલી વાર !

પછી શરૂ થાય મીઠી સોડમવાળો, કેસરી ધજા ફરકાવતો ખરેખર કેરીગાળો. આનંદપ્રમોદની ખરી ઋતુ શરૂ થાય. મામાને ત્યાંથી અચૂક કાગળ આવે જ આવે : 'બહેનને ભાણજાઓ સાથે કેરીગાળો કરવા મોકલાવશો.' ત્યાં પણ દેશી કેરીની જ બોલબાલા રહેતી. બજારમાં અમારું કુટુંબ પણ શ્રીમંત કહેવાતું, છતાં વલણ તો એવું જ રહે કે કેરી ખાવાની શરૂઆત દેશી કેરીઓથી જ થતી.

અમારી બાજુ એટલે કે નવસારીથી માંડીને વલસાડ સુધીના પ્રદેશમાં 'કેરીગાળો' એક અલાયદી નિરાળી સીઝન બની રહે છે. ત્રણ ઋતુઓ ઉપરાંતની એક વધારાની ઋતુ 'કેરીગાળો' ! કોઈક પ્રસંગ બનેલો હોય તેને યાદ કરીને ઘરમાં કહેવાતું કે આ બનાવ તો ગયે વરસે કેરીગાળામાં બનેલો. જેમ કે કાકાને ટાઈફોઈડ કે મામીને પગમાં ફ્રેક્ચર વગેરે. કેરીગાળામાં અમુક રિવાજ ચોક્કસ પડી ગયેલા. બહેનભાણજાને બોલાવવાના, રસપૂરી ખવડાવવાના અને પછી વિદાય કરવાના. લગ્ન થયા પછી પહેલો કેરીગાળો હોય તો જમાઈને કેરીગાળો કરવા અચૂક બોલાવવાના જ. જમાઈ પણ પોતાના ખાસ મિત્રો લઈને આવે. જીરુંમીઠું ભભરાવેલા આફૂસકેરીનાં ચીરિયાં નાસ્તામાં અપાય, ને પછી રસપૂરીની રમઝટ જામે. એમાં વળી જમાઈરાજા માટે શીખંડ જેવો ઘટ્ટ, આફૂસકેરીનો રસ અને વેડમીનું જમણ અવશ્ય હોય.

બજારમાં ગામડેથી દેશી કેરીઓનાં ગાલ્લાંઓ આવવા માંડે. ખેડૂત જોરથી ભાવ બોલે : ચાર રૂપિયે મણ... ચાર રૂપિયે મણ... ગલ્લે ઘણાખરો ગાલ્લા ફસ્ટરે લીંબાઈ જઈએ પછી બાપુજીને ભાવ ઠેરવવા માટે કાલાવાલા કરીએ. બાપુજી અડીખમ રહે. ઉતાવળા ન થાય. પછી ભાવતાલ થાય. સાખિયું બતાવ ! પેલો ગાડાવાળો કેસરીરંગના સાખિયાની ચીરી આપે. મારી બા ચાખે – અને તરત જ દાંત અમળાઈને મ્હોં ખેંચાઈ ગયું હોય એમ બોલે : હં હં હં... આમલીની જ માસી ! હું તો નિરાશ થઈ જાઉં. વાત વણસી. વાત વાત પતવાની નહીં. મને તો આમલી પણ નાનપણમાં ખાટી નહોતી લાગતી – અને આ તો કેરી ! આખરે ૧ પડે – અઢી રૂપિયે મણ કેરી. કેરીના ટોપલાઓ ઘરના માળે ચડાવાય. લીંપણવાળા ' ટોપલા ખલવાય. એનો ગડડડડડ.... થતો અવાજ આજે પણ હું સાંભળું છું.

રોમાંચિત બની જાઉં છું.

પછી ગામમાંથી ખાસ પરાળ લાવવાનું. ઘાસ નહીં ચાલે. મેડા પર પાથરવાનું અને એના પર કેરીઓ હારબંધ ગોઠવવાનું શરૂ થાય. વચ્ચે વચ્ચે હું કાચી કઠણ કેરીઓને સૂંઘતો જાઉં. એ કાચી સુવાસ ચીકવાળી મને ખૂબ ગમતી. બે-ચારેક કેરીઓ ઘા વાગ્યા હોય ને રુઝાઈ ગયા હોય એવા ગોળાકાર ડાઘવાળી પણ હોય. આ કેરીઓ ખૂબ મીઠી ગણાતી. અમે સાંભળેલું કે કોયલ જે કેરી પર બેસે અને પાદે ત્યાં એવો ડાઘ પડી જાય અને એ કેરી કોયલના ટહુકા જેવી જ મીઠી બની જાય. અમે એવી કેરીઓને 'કોયલ પાદેલી' કેરી કહેતા.

પછી આ ગોઠવેલી કેરીઓ પર પરાળ પાથરીને ફાટેલાં ગોદડાંઓ ઓઢાડતાં. બા કહેતી : 'હમણાં બે દિવસ ખોલશો નહીં, એને બરાબર તાવ આવવા દો.' ઉતાવળે આંબા ન પાકે, એ કહેવત મને ખબર નહોતી. હું તો બીજે જ દિવસે ખોલીને જોઉં – તાવ આવ્યો કે કેમ ? બે દિવસમાં ધગધગતો તાવ આવે ગોદડું ખસેડું કે ગરમગરમ હવા પ્રસરી જાય. પણ કેરી તો પાકવાનું – અરે, સહેજસાજ પીળી થવાનું કે પોચી પડવાનું નામ જ ન લે. સાત દિવસે કેરી પાકે – ઢગલામાંથી મીઠી સુગંધ વહેવા માંડે. પછી ગોદડું ઉઠાવી લેવામાં આવે. કેરીઓ ખુલ્લી જ રહે. બેચારેક કેરીઓ કોહી જવાથી ચંદાયેલી હોય. બેચારેક કેરીઓને ઉંદરે કોરીને કાણાં પાડેલાં હોય, ઉદરડી ત્યાંથી ઠેકડા ભરતી દોડી જતી દેખાય. બેચારેક મંકોડા સૂંઢ ઊંચી કરીને આમતેમ જતાં-આવતાં દેખાય. કેરીનો ઢગલો પૂરો થાય ત્યાં સુધી રોજ આમ ચાલે. ઘરમાં બાળકો કેરીઓ ચૂસવાની શરૂઆત કરે. કેરીને ધોઈને ઘોળવાની, એમાંથી રસની પિચકારી છૂટે, ગાલ, નાક રંગે. કોઈ વાર તો એટલી ઉતાવળ લાગે કે કેરી ધોયા વગર જ મોંમાં ચૂસવા મંડાય, ચીક લાગે, હોઠ પર ચાંદાં ફૂટી નીકળે – પરંતુ આનંદમસ્તી અને ઉત્સાહમાં પરવા કોને ?

પછી રસરોટલીનો પ્રોગ્રામ શરૂ થાય. મોટી ટોપલી ભરીને કેરીઓ રસોડામાં આવે. પાણી ભરેલી ડોલમાં કેરીઓ ડુબાડવામાં આવે. ચીક પર ચોંટેલું પરાળ છૂટું પડીને પાણીમાં તરવા લાગે. ધોઈને એક મોટી થાળીમાં કોરી કરીને મૂકવામાં આવે. એક મોટું ખાલી તપેલું ગોઠવાય. ગોટલા-છોટલાં ચૂસવા માટે અમે બાળકો ફરતે બેસી જઈએ. રસ કાઢનાર બરાબર મજબૂતાઈ અજમાવે. છોટલામાંથી બે હથેળીથી દબાવીને ટીપેટીપું રસ કાઢી લે. પછી જ તંપીને બેઠેલાં બાળકો પાસે એ છોટલું કે બરાબર નિચોવાઈ ગયેલો-ઘસાયેલો ગોટલો આવે. હું ઉત્સુકતાથી જોતો રહું કે થોડોક પણ રસ એમાં બાકી રહે તો કેવું સારું ! બાળકોને વારા પ્રમાણે જ ગોટલાછોટલાં વહેંચાય. વારો આવે એટલે બાળક ત્વરાથી એ લઈ લે. એક વાર તો મારા ચારેક વરસના ભાઈના હાથમાંથી ગોટલો ચૂસતાં ચૂસતાં સરકીને રસ ભરેલા તપેલામાં પચાક્ દઈને પડેલો. શું થાય ! થોડીઘણી રમૂજી પરિસ્થિતિ સ્વીકારીને બધાંએ ચલાવી લીધું.

અમારે ત્યાં રસની સાથે જમવા માટે ખાસ બે-પડિયાં નામની જુવારનો લોટ બાફીને રોટલીઓ થતી. પૂરી ક્વચિત જ બનતી. કેરીગાળામાં જ આ પ્રકારની બે પડ છૂટા પાડીને પાતળી રોટલીઓ થતી એટલે આ સમય પૂરતી એની પણ નવીનતા રહેતી. જેમ દિવાળી વખતે જ ઘૂઘરાસુંવાળી બનાવાય, પછી આખું વરસ એ જોવાનાં નહીં

કેરીગાળામાં જ આ રોટલીઓ જોવા મળતી. વરસ દરમિયાન એ બનતી પણ નહીં, કોઈ યાદ પણ કરતું નહીં.

કેરીગાળો આવે એટલે પાસેના ચોખડ ગામનો રબારી ખાસ મારા બાપુજી માટે રસમાં ખાવા માટે બકરીનું ઘી આપી જતો. શરૂઆતમાં એ ઘી મને તો ખૂબ ગામઠી–તળપદું અને અકારું લાગતું. પરંતુ પછી તો મને પણ એ જ ઘીનો સ્વાદ બેઠો અને હું પણ રસમાં એ જ ઘી પસંદ કરવા લાગ્યો. જમતી વખતે મારા બાપુજીની એક ખાસિયત હતી. જમવાનું શરૂ કરે એ પહેલાં બાપુજી એક કોળિયા જેટલી રોટલી રસમાં ઝબકોળે, ઉપર તાવેલા ઘીની ધાર કરે અને મારી બાને આપે. મારી બા એ કોળિયાને ચૂલામાં કે સગડીમાં જે દેવતા સળગતાં હોય એના ઉપર મૂકે. ઘરમાં જાણે કે નાનકડો યજ્ઞ કર્યો હોય એવી પવિત્ર સુગંધ પ્રસરી રહેતી. આ પછી જ બાપુજી જમવાની શરૂઆત કરતા. મારી બાની પસંદગીનુ ધોરણ જુદું હતું એ ભાતમાં કાલવીને રસ ખાતી અને કહેતી કે રસ ગમે તેટલો મીઠો હોય, છતાં પણ હું તો એમાં થોડીક પણ ખાંડ નાખીને જ ખાવાની પછીનાં વરસોમાં મારું પણ એ જ ધોરણ રહ્યું.

મને તો વારંવાર કેરીને સૂંઘ્યા કરવાની ટેવ, અને ક્યારે નાક પર ચીક લાગી ગયો હોય એની ખબર જ નહીં પડે. મારા નાક ઉપર આખ્ખા કેરીગાળામાં બળેલી ચામડીના કથ્થઈ રંગનાં નિશાન દેખાયાં કરતાં. દેશી કેરીઓ ચૂસીને ખાવાની કોઈ જુદી જ રંગત રહેતી. કોઈ વાર ચૂસતાં ચૂસતાં ઠેકડો મારીને કોઈ આનંદથી બોલી ઊઠતું – 'એઈ .. મારી કેરી અજમેરિયા !' એ કેરીનો સ્વાદ અજમા જેવો લાગતો પછી દરેકની હથેળી પર જરાક રસ કાઢીને ચખાડવાનું બનતું. તો કોઈ બોલી ઊઠતું : 'જુઓ, જુઓ, મારી કેરી મોસંબિયા !' એ કેરીનો સ્વાદ ખરેખર મોસંબીના રસ જેવો લાગતો. એ વખતે બદામ, લંગડો કે કેસર કેરીઓનાં નામ સુધ્ધાં અમે નહોતા જાણતા. – હા, વરસાદ શરૂ થાય ત્યારે બાટલી કેરી અને દાડમિયાં કેરી આવતી. આફૂસ અમે જવલ્લે જ ખાવા પામતા.

હું બીજા કે ત્રીજા ધોરણમાં હોઈશ. મારી નામરજી છતાં મારા બાપુજીએ મારે માથે ટકો કરાવી દીધેલો. મને શરમ લાગે એટલું હું ટોપી પહેરેલી રાખતો એક વાર સાંજે અમે ચારપાંચ જણા ચોખડ ગોમ મંદિરે ગયેલાં. સાથે મારાં મોટાં ફોઈ પણ હતાં. ત્યાંથી ઘેર પાછાં વળતી વખતે અમારા ગામના કસ્તૂરબા આશ્રમમાં અમે દાખલ થયાં. રસ્તાની બાજુમાં એક આંબા પર રાજાપુરી કેરીઓ લટકી રહી હતી. અમારામાંથી કોઈકે એક મોટી જોઈને કેરી તોડી. એવામાં જ જરાક દૂર સામેથી આશ્રમના કોઈક ભાઈ અમારી તરફ આવતાં દેખાયા. અમે ગભરાયા. પણ તરત જ મારાં ફોઈએ યુક્તિ અજમાવી. મારી માથેથી ટોપી ઉતારી અને મારા માથા પર કેરી મૂકી દીધી, અને પાછી મને ટોપી પહેરાવી દીધી. પેલા ભાઈ પસાર થઈ ગયા...

વરસાદની ઋતુ શરૂ થઈ જાય. ભરચક્ક મેડી સાફ થઈ ગઈ હોય. નિશાળ ફરી શરૂ થાય. નિશાળ જવાનો રસ્તો ઘેરથી દસેક મિનિટનો હતો. રસ્તાની બંને બાજુ મોટાં મોટાં લીમડાનાં વૃક્ષો હતાં. સ્કૂલે જતાં વૃક્ષો ઉપર નજર કરું તો પાકી લીંબોડીઓનાં ઝૂમખાં લટકતાં નજરે પડે દરેક વખતે હું કલ્પના કરતો કે આ લચેલી લીંબોડીઓને બદલે રંગબેરંગી કેરીઓ લટકતી હોય તો કેવી મજા પડે ! વળી વિચારતો કે અરે, આ

હારબંધ લીમડાઓ રોપ્યા એના કરતાં એટલા જ આંબાઓ રોપ્યા હોય તો કોઈનું શું જવાનું હતું ? રિસેષમાં ઘેર આવું. બાએ કબાટમાં, ટોપલીમાં પાંચ-છ પાકેલી દાડમિયાં કેરી રાખેલી હોય. કેરીનો અડધા ઉપરનો ઘેરો લાલ રંગ મને ખૂબ વહાલો અને આકર્ષક લાગતો. એમાંથી એક જ કેરી મારે ખાવાની – બાકીની નાના ભાઈભાંડુ માટે રાખવાની. હું બધી કેરીઓ ફેરવી ફેરવીને જોઉં અને બધાંથી એકદમ સારી અને સહેજ મોટી હોય એવી કેરી ચૂસવા પસંદ કરું. ચોમાસાની આ કેરી એટલી તો મીઠી ! એ ચૂસતાં ચૂસતાં હું અચૂક બોલતો કે અમૃત પીતાં કોઈ ધરાય નહીં...

સાભાર ગ્રંથસ્વીકાર

કવિતા

ગુજરાતી શેરસમૃદ્ધિ : પ્રા. તરલા દેસાઈ, ૨૦૦૬, ગૂર્જર પ્રકાશન અમદાવાદ, પૃ.૧૨+૧૯૨, રૂ.૧૨૫/-. ગઝલ-સંહિતા ભા.૧થી ૫ : રાજેન્દ્ર શુક્લ, ૨૦૦૫, સહૃદય પ્રકાશન, અમદાવાદ, પૃ.૧૦૬, રૂ.૩૦૦/-. ગુજરાતી રંગભૂમિનાં ગીતો : સંપા. ધર્મેન્દ્ર માસ્તર, 'મધુરમ્', ૨૦૦૬, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ.૩૨+૨૮૮, રૂ.૨૦૦/-. સૉનેટોની વૈજયંતિમાળા : મનોરમા ગાંધી, ૨૦૦૬, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ.૧૧૨, રૂ.૯૦/-. તડકો તારો પ્યાર : દીપક બારડોલીકર, ૨૦૦૬, પ્રકા. લેખક પોતે, પૃ.૧૪+૧૦૦, રૂ. ૬૦/-. નિતાંત : સુરેશ ઝવેરી, ૨૦૦૫, નાગરદાસ પબ્લિકેશન્સ, મુંબઈ, પૃ.૧૪૪, રૂ. ૧૨૫/-. સહવાસ ફૂલોનો : મલિક મોહંમદ, ૨૦૦૫, પ્રકા. એમ. એમ. શેખ, ભાવનગર, પૃ.૮૪, રૂ. ૬૦/-. મારાં હાઈકુ : જગતમિત્ર, ૨૦૦૬, વિમલ પ્રકાશન, મહેસાણા, પૃ.૭૪, રૂ.૩૦/-. શબ્દસરિતા : ડૉ. ગાયત્રી જોષી, ૨૦૦૫, પ્રકા. ડૉ. તરુણ જોષી, નડિયાદ, પૃ. રૂ. ૩૫/-. ઇન્ડિયા ઇન્ડિયા : નટવર ગાંધી, ૨૦૦૬, ઇમેજ પબ્લિકેશન્સ (મુંબઈ-અમદાવાદ), પૃ.૪+૧૩૫, રૂ.૧૫૦/-. જલસાઘર : સુરેશ દલાલ, ૨૦૦૬, ઇમેજ પબ્લિકેશન્સ (મુંબઈ-અમદાવાદ), પૃ.૧૨+૨૬૩, રૂ.૨૦૦/-. વલસાડી હાઈકુ : ઉશનસ્, અમૃત દેસાઈ, ૨૦૦૬, સંસ્કારમિલન, વલસાડ, પૃ.૮૪, રૂ.૩૦/-. ગ્રીન બેલ્ટ : પ્રવીણ દરજી, ૨૦૦૬, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ.૩૦, રૂ. ૨૫/-. વળાંક પર : કીર્તિકાન્ત પુરોહિત, ૨૦૦૫, ક્રિટોન પ્રકાશન, વડોદરા, પૃ.૧૩૦, રૂ.૯૦/-. ભીનાશના હસ્તાક્ષર : કીર્તિકાન્ત પુરોહિત, ૨૦૦૫, ક્રિટોન પ્રકાશન, વડોદરા, પૃ.૧૨૦, રૂ.૯૦/-. Kitchen Poem : ધીરુબહેન પટેલ, ૨૦૦૫, ઇમેજ પબ્લિકેશન્સ (મુંબઈ-અમદાવાદ), પૃ.૧૦૮, રૂ.૭૫/-. અબ તો બાત ફૈલ ગઈ : સંપા. સુરેશ દલાલ, ૨૦૦૫, ઇમેજ પબ્લિકેશન્સ (મુંબઈ-અમદાવાદ), પૃ. ૨૩૬, રૂ. ૧૭૫/-. વિરતિ, હું અને તું : મહેન્દ્ર અમીન, ૨૦૦૬, પ્રકા. અરવરવ પ્રકાશન, પૃ.૧૯૨, રૂ.૧૫૦/-.

ભરત દવે

પિન્ટરના સમગ્ર નાટ્યકર્મને મૂલવતાં જણાય છે કે તેનું પ્રદાન ઑડન જેને સાચું કવિકર્મ કહેતો હોત એ મુજબનું છે. પિન્ટરના ચાહકોના મત પ્રમાણે તેણે અંગ્રેજી ભાષાની 'ગટર'ને વાળીચોળી સાફ કરી જેથી ત્યારબાદ તેનો જળપ્રવાહ સ્વચ્છ, નૈસર્ગિક અને નિર્બંધપણે વહી શક્યો. લેખક તરીકે પિન્ટરની પ્રતિબદ્ધતા, વિચારો પ્રત્યેની દૃઢતા તેમજ પોતે રચેલ સાહિત્યસ્વરૂપ અંગેનો આત્મવિશ્વાસ એટલો પ્રબળ છે કે આપણને એમ જ લાગે કે તેના લેખનને કોઈ પ્રચંડ અદૃશ્ય શક્તિ દોરી રહી છે.

તેનાં લેખન તેમજ વ્યક્તિગત પ્રભાવનો જાદુ એ છે કે તેના લખેલા પ્રત્યેક નાટક વખતે તમે કશુંક અનઅપેક્ષિત મેળવવાની અપેક્ષા સાથે બેસો છો. એક લેખકના કહેવા પ્રમાણે તો you never know what the hell is coming next.

કૅન્સર સામે ત્રણ વર્ષથી ઝઝૂમી રહેલા અણનમ અને અજેય જણાતા હેરોલ્ડ પિન્ટરને આ વર્ષે સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મળે છે અને ૭૫મા જન્મદિવસે જગતના નાટ્યપ્રેમીઓને તે એક નવા અને (તેના કહેવા પ્રમાણે) કદાચ આખરી નાટકની ભેટ આપે છે. કારણ કે ફેબ્રુઆરી ૨૦૦૫માં જ તેણે જાહેર કરેલું કે તે હવે આગળ ઉપર કોઈ નવું નાટક લખવાના નથી. તે કહે છે કે તેણે ૨૯ નાટકો લખ્યાં છે અને તે પૂરતાં છે.

પિન્ટર જેવો જાગરૂક અને સક્ષમ લેખક કોઈ પણ કારણસર લખવાનું બંધ કરી દે એ તો માન્યામાં જ ન આવે. એટલે જ નાટકો લખીને ધરાઈ ગયાની વાત કબૂલ કરવા છતાં તે કહે છે કે "મેં લેખનનાં બીજાં સ્વરૂપો ખોળી કાઢ્યાં છે. હું નાટક નહીં લખું પણ તે સિવાય જે કંઈ લખું છું એ તો મારા મૃત્યુપર્યંત લખવાનું ચાલુ જ રાખીશ."

સંગીતનિર્દેશક જેમ્સ ક્લાર્કના સહયોગથી બનેલું હેરોલ્ડ પિન્ટરનું છેલ્લામાં છેલ્લું નવું નાટક "Voices", ૨૯ મિનિટનું સંગીતમય નાટક છે. આ નાટકનું પ્રસારણ બીબીસી રેડિયો-૩ પર તારીખ ૧૦ ઑક્ટોબર ૨૦૦૫ – તેના જન્મદિવસે થઈ ગયું. Voices બહુ લાંબા ગાળાના પરિશ્રમનું ફળ છે. પિન્ટર સ્વાભાવિકપણે જ આ નાટકની સફળ રજૂઆતથી, તેના રેડિયો-પ્રસારણથી ખુશ છે. "હું માનું છું કે નાટક Voicesમાં મેં અને જેમ્સ ક્લાર્કે મળીને ખૂબ સુંદર અને અર્થપૂર્ણ કામ કર્યું છે, ને આ માટે અમને બંનેને ગૌરવની લાગણી થાય છે."

આ 'નિવૃત્ત' થઈ રહેલા નાટ્યકારના આ છેલ્લા નાટકના ગર્ભાધાનનો ગાળો સારો

એવો લાંબો રહ્યો. એનું બીજ નખાયું ૧૯૯૬માં નાટક Ashes to Ashes જોયા પછી સંગીતનિર્દેશક જેમ્સ ક્લાર્કે પિન્ટર પર લખેલા એક પત્રથી. ક્લાર્ક કહે છે : "આ નાટક જોયા બાદ તેની વિચારશૈલી જોડે મેં કોઈ ગજબનું તાદાત્મ્ય અનુભવ્યું. આ જ કારણસર હું તેની સાથે કામ કરવા લલચાયો. પિન્ટર શબ્દોનો 'કમ્પોઝર' છે જ્યારે હું સ્વરોનો, અમારા બે વચ્ચે ગજબનું સામ્ય છે."

બંનેને વિચાર સ્ફુર્યો કે આપણે સાથે મળીને એવું કંઈક નવું રચીએ જેમાં શબ્દ અને સ્વરનું કલાત્મક સંયોજન હોય. સંયોજન એ હદનું કે બંને એક અને અભિન્ન જણાય, શબ્દ અને સ્વર એકમેકમાં ઓગળી જાય અને પરિણામે કોઈ નવું જ સ્વરૂપ ઊપસે. ૧૯૯૭માં આ બંને સર્જકો મળ્યા અને ફલસ્વરૂપ પિન્ટરની પાતળી સ્ક્રિપ્ટના જૂજ શબ્દોની સંગાથે ક્લાર્કે 'રેડિયોફોનિક' (એટલે કે ટેલિફોનમાંથી આવતો અવાજ સીધો ન સંભળાતાં રેડિયોતરંગ દ્વારા પ્રસારિત થાય) સ્વરો નિબદ્ધ કર્યા. આ આખોય પ્રોજેક્ટ બંનેના દિમાગમાં એટલો લાંબો સમય ઘુમરાતો રહ્યો કે પિન્ટરના કહેવા પ્રમાણે, આજે બેમાંથી કોઈને યાદ નથી કે આની પાછળ મૂળ પ્રેરણા કઈ હતી ? "અમે બંને સારા એવા લાંબા ગાળાથી આ કૃતિમાં સાથોસાથ ગૂંથાયેલા રહ્યા. મને યાદ નથી આવતું કે મને ક્યાંથી, શું સૂઝેલું. પણ મને એવું ચોક્કસ લાગ્યું કે અમારા બે વચ્ચે કોઈ સૃજનાત્મક 'પરિણય'ની ઘટના આકાર લઈ રહી છે ! અને તમે માનશો ? It has been a very very remarkable happy marriage ! એ ખૂબ જ અનોખું અને આનંદમય 'લગ્ન' હતું).

ક્લાર્ક કહે છે કે પિન્ટરનાં નાટકોમાં તેને આકર્ષનાર તત્ત્વો હતાં તેનું ચોક્કસ મુદ્દાસરનું લખાણ અને શબ્દોમાં રહેલી સંગીતમયતા. કોઈને એવું જ લાગે કે સ્વરનિયોજક અને નાટ્યલેખક જાણે સ્વર્ગમાં રચાયેલી સર્જનાત્મક જોડી છે ! ક્લાર્ક વર્તમાન જગતની સંવેદના ઝીલતો સાંપ્રત સ્વરકાર છે. સંગીત વિશે અભિપ્રાય આપતાં તે કહે છે કે "આજની નૂતન (સંગીત)કળાનો હેતુ માત્ર કાનને હળવો 'મસાજ' કરવાનો નથી ! સંગીત માણસના હૃદયને અને તે દ્વારા સંવેદનાત્મક વિચારોને ઉત્તેજે છે." કલાનાં વિવિધ માધ્યમોના તાજગીસભર પ્રયોગ બાબતે સાવ જ અસમાધાનકારી વલણ ધરાવનારો એક પિન્ટર જ દૃઢતાપૂર્વક એવું કહી શકે કે "સર્જકની એ જ તો જવાબદારી બની જાય છે કે પ્રેક્ષકો માંગે તે ન આપો પણ સામેથી આગ્રહ રાખો, તમારી કાર્યદક્ષતા પર વિશ્વાસ રાખો કે તમે જે આપશો એને તેઓ લઈ લેશે."

Voices નાટકનો આધાર પિન્ટરનાં છેલ્લે લખાયેલાં પાંચ નાટકો છે : One for the Road, Mountain Language, The New World Order, Party Time અને Ashes to Ashes. આ બધાં નાટકોમાં એક યા બીજી રીતે દર્શાવાયેલી ક્રૂરતા, પીડા અને દમનના વિવિધ અંશોને લઈ એક 'કોલાજ' જેવી કથનાત્મક કૃતિ રચી છે. સંગીતજ્ઞ જેમ્સ ક્લાર્કનું ચંચળ પ્રસન્નચિત્ત સ્વરનિયોજન કૃતિના પ્રવાહને સમયાંતરે અવરોધે છે, વળી સાથ પણ આપે છે અને ક્યાંક ક્યાંક પૂરક પણ બને છે. આ સંગીત બીબીસી સિમ્ફની ઑરકેસ્ટ્રાએ ક્લાર્કના નિર્દેશન હેઠળ તૈયાર કર્યું છે જેમાં લંડનનાં જાણીતાં ગાયકો તેમજ પિન્ટરનાં ઉપરોક્ત નાટકોમાં અગાઉ કામ કરી ચૂકેલા કલાકારોએ પણ ભાગ લીધો છે.

જોકે સંગીતકાર જેમ્સ ક્લાર્ક નિઃશંકપણે માને જ છે કે Voices એક

છે : કોઈ પણ પ્રકારના દમન કે જોરજુલ્મના વિરોધમાં બોલવું, કોઈ માધ્યમ પર તેને વ્યક્ત કરવું, લક્ષને ધ્યાનમાં રાખી કૃતિના શૈલી-સ્વરૂપ નક્કી કરવા વગેરે બહુ કપરું કામ છે. ક્લાર્ક આ મુદ્દે બહુ ચિંતિત હતા કારણ કે આ એવું કોઈ સીધું સાદું નાટક નહોતું કે જેનું સંગીત એમ આસાનીથી બેસાડી શકાય. તે કહે છે : "એક તૈયાર નાટકને હાથ પર લઈ ઑપેરા બનાવવું મારા વશની વાત નથી. અને તેમાંય પિન્ટર જેવા લેખકની કૃતિ પર આવું કામ સફળતાપૂર્વક કરી બતાવવું એક મોટો પડકાર હતો. અલબત્ત, Voicesના પહેલા જ પઠનથી મને લાગેલું કે આ કૃતિમાં સંગીત પડેલું જ છે – પછી તેને સ્વરોથી નિબદ્ધ ગણો કે શબ્દોથી, હું તો તેને નિયોજિત સંગીતરચના રૂપે જ જોઉ છું. માન્યામાં ન આવે એ હદે તે તમામ દૃષ્ટિકોણથી નિશ્ચિત અને કુનેહપૂર્વક રચાયેલું છે. સ્વરરચના કર્યા પછી પણ હું તેમાં કશું 'ઉમેરણ' કરી શક્યો હોઉ એવું મને લાગ્યું નથી. પિન્ટરના કામથી પ્રભાવિત થયા પછી હું એ જોવા માંગતો હતો કે શબ્દો અને સંગીત સાથે કામ પાર પાડવાની કોઈ તદ્દન આગવી કે નિરાળી રીત હોઈ શકે કે નહીં, એવું સ્વરૂપ કે જેમાં શબ્દોને માત્ર ઉચિત જગ્યાએ ગોઠવવા કે આમતેમ સંગીત ઉમેરવા જેટલો સીધો સરળ સવાલ ન હોય. અમારો હેતુ એક જટિલ અને છતાં સાવ જ નવી એવી સુરમયી નાટ્યકૃતિ બનાવીને એ સવાલનું સમાધાન શોધવાનો હતો."

જરૂરી નથી કે આ સહિયારા પુરુષાર્થને અંતે ઇચ્છિત સમાધાન મળી આવે. આ રેડિયો માટેનું સંગીતનાટક Voices પિન્ટરના પોતાનાં જ અગાઉનાં નાટકોમાં આલેખાયેલી સ્થિતિ અને પાત્રોને પુનઃ તાજાં કરે છે. તેના ચાહક શ્રોતાઓને અરસપરસ "કયા સંવાદ કોના અને કયાંથી"ની "પઝલ-ગેઇમ" રમવાનું નિમિત્ત આપે છે. પિન્ટરે તેના ભાવકોની સરળતા માટે Voicesમાં તેનાં તમામ અગાઉનાં નાટકોનું સારતત્ત્વ કાઢી બતાવ્યું છે. અનેક પ્રકારના ભય અને આતંકથી ઘેરાયેલા આજના આપણા વાતાવરણને ચોક્કસ કલાસ્વરૂપમાં બાંધી આપ્યું છે. કરકસર અને લાઘવયુક્ત શૈલીમાં તેની અભિવ્યક્તિ વધુ સીધી, સચોટ અને સ્પષ્ટ બની છે. પરિણામે નાટકની પ્રત્યેક ઉક્તિની ચોટ શ્રોતાના પેટ પર પડતા પ્રહાર જેવી તીવ્ર વેદનાકારી બની રહે છે.

પિન્ટરે Voicesના સર્જન દરમિયાન જેમ્સ ક્લાર્ક જોડે જે જે વિચારોને કેન્દ્રમાં રાખી કલાયાત્રા કરી તેના અત્યંત ત્રાસદાયી અનુભવ વિશે ખુદ પિન્ટર જ તેની લાક્ષણિક શૈલીમાં લખે છે : We both walked together into hell, but the hell we all share here and now. (અમે બંને સાથે રહીને નર્કમાં પ્રવેશ્યા, એવું નર્ક કે જે આપણે બધા અહીં, અત્યારે ભોગવી રહ્યા છીએ.) પિન્ટરે પોતાનાં જે જે નાટકોમાંથી સંવાદો પસંદ કર્યા છે તેમાં એકંદર વાત relationship of power (સત્તાના સંબંધો)ની કરી છે. જેમ કે ભોગ લેનાર અને ભોગ બનનાર વચ્ચેનો સંબંધ, પીડક અને પીડિત વચ્ચેનો, માલિક અને ગુલામ વચ્ચેનો સંબંધ. પિન્ટર તેના નાટકમાં એક આપખુદશાહી શાસનની કલ્પના કરે છે. એક એવું કઠોર અને અત્યાચારી શાસન કે જ્યાં તેને ભયરૂપ જાહેર કરાયેલા નિર્દોષ કેદીઓ ઉપર શારીરિક ત્રાસ ગુજારી તેમની પાસેથી ધારી બાતમી કઢાવનારા ઘાતકી સંત્રીઓ છે. પિન્ટર આવા બેજવાબદાર શાસન અને તેમના દ્વારા આચરાતી અમાનવીય વર્તણૂક તેનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરે છે.

Voicesમાં પિન્ટરનાં અગાઉ લખાયેલાં જે જે નાટકોનો ઉપયોગ થયો છે તેમાંના એક નાટક One for the Roadનો મુખ્ય નાયક નિકોલસ શરાબથી લથબથ Interrogator (પ્રશ્નકર્તા) છે. તે સવાલજવાબ કરવા એક આખાય પરિવારને પકડી લાવે છે. (અહીં એ સમજી લેવાનું કે તેનો ઇરાદો બળાત્કાર અને ત્રાસ ગુજારવાનો છે.) બીજા નાટક The New World Orderમાં જ્યારે શારીરિક દમન ગુજારનારા બે સંત્રીઓ મોં અને આંખો પર પટ્ટી બાંધેલ કમનસીબ કેદીની હાજરીમાં જે સ્તરની વાતચીત કરે છે તે સાંભળીને આઘાતથી દિગ્મૂઢ થઈ જવાય છે. (દા.ત. "આપણે હજુ તેની સાથે પૂરું જ નથી કર્યું, (ખંધું ક્રૂરતાભર્યું હસીને) ના ના, આપણે હજુ શરૂ જ ક્યાં કર્યું છે ?") – આ ભદ્દા સંવાદમાં એ અભાગિયા કેદી પર થનાર ક્રૂર અત્યાચાર કે દમનનો જ સંદર્ભ છે. Ashes to Ashesમાં ડેવલિન રિબેક્કા સાથે પ્રશ્નોત્તરી કરે છે બંને વચ્ચેની વાતચીત એક ખતરનાક વળાંક લે છે જ્યારે આપણને જાણ થાય છે કે રિબેક્કાના ભૂતપૂર્વ પ્રેમીએ રાજ્ય દ્વારા પ્રેરિત હિંસામાં ભાગ લીધેલો. Mountain Languageમાં પરપીડનવૃત્તિ ધરાવતો સંત્રી પહાડી પ્રદેશના રહેવાસીઓ જોડે સત્તાનો ખેલ ખેલે છે. આ રહેવાસીઓને રાજ્ય સિવાયની બીજી કોઈ પણ ભાષા બોલવા પર કડક પ્રતિબંધ છે. (નાગરિકોએ Establishmentની ભાષા જ બોલવી જોઈએ એવો કટાક્ષ અહીં અભિપ્રેત છે) Party Timeમાં પિન્ટર આરામપ્રિય મધ્યમવર્ગી સમાજ પર કટાક્ષ કરે છે. એક બાજુ શેરીઓમાં ભય અને હિંસાનું સામ્રાજ્ય છે તો બીજી બાજુ તેની જોડાજોડ આ સુખી સમાજ તદ્દન લાપરવાહીથી પોતાની બૌદ્ધિક ચર્ચાઓમાં ને પાર્ટીઓમાં મસ્ત છે.

વાસ્તવમાં Voices, એ પિન્ટરે પોતાના નિવૃત્તિ સૂચવતા ભાષણમાં જેનો સંકેત કર્યો હતો એવી કોઈ નવી દિશાનું સૂચન કરે છે. "મેં હવે નવાં સ્વરૂપો ખોળી કાઢ્યાં છે. મારી ઊર્જા, મારી ચેતના વિવિધ દિશાઓ તરફ વહી રહી છે – પરંતુ કેન્દ્રીય ગતિ નિશ્ચિતપણે કવિતા તરફ છે. સાથોસાથ, હું ધારું છું ત્યાં સુધી તમે એ જાણો જ છો કે છેલ્લાં કેટલાંક વર્ષોથી મેં વિવિધ સ્થળો ને પ્રસંગોએ રાજકીય ભાષણો આપેલાં છે. ખાસ કરીને રાજકારણના વિવિધ સ્તરે આજકાલ જે પ્રકારની પરિસ્થિતિ પ્રવર્તે છે તે કોઈ પણ સંવેદનશીલ માણસને ચિંતા ઉપજાવનારી છે અને મારી સારી એવી શક્તિ એમાં ખર્ચાય છે."

જ્યારે એક સર્જક તરીકે પિન્ટર પોતાનો એક નિશ્ચિત મત ધરાવે છે અથવા તેનાં લખાણોમાં એ તેના અમુક ખાસ વિચારોનો પુરસ્કર્તા બની જાય છે અથવા સાચાં કે ખોટાં જણાતાં કૃત્યોનો તે નિર્ણાયક બની બેસે છે ત્યારે સર્જકના મુક્ત કે પ્રતિબદ્ધ હોવા અંગેના તાત્ત્વિક સવાલો ઊઠે છે.

જેમ કે જગતમાં શું વાસ્તવિક ને શું અવાસ્તવિક, શું સાચું ને શું ખોટું એ બે વચ્ચે કોઈ કડક ને સ્પષ્ટ ભેદરેખા નથી. વસ્તુઓ ક્યારેય સમગ્રપણે સાચી કે ખોટી હોતી જ નથી. વાસ્તવમાં તો તે એકીસાથે સાચી ને ખોટી બેય હોઈ શકે છે.

આ અંગે પોતાનો મત પ્રગટ કરતાં પિન્ટર કહે છે : "હું માનું છું કે આ દવાઓમાં હજુય દમ છે. કલાને માર્ગે વાસ્તવિકતાની ખોજ કરનારાઓને તે હજુય લાગુ પડી શકે તેમ છે. એટલે એક લેખક તરીકે – સર્જક તરીકે – હું એ અભિપ્રાયની સાથે ઊભો છું

છે કોઈ પણ પ્રકારના દમન કે જોરજુલ્મના વિરોધમાં બોલવુ કોઈ માધ્યમ પર તેને વ્યક્ત કરવુ લક્ષને ધ્યાનમા રાખી કૃતિના શૈલી સ્વરૂપ નક્કી કરવા વગેરે બહુ કપરુ કામ છે ક્લાર્ક આ મુદ્દે બહુ ચિંતિત હતા કારણ કે આ એવુ કોઈ સીધુ સાદું નાટક નહોતુ કે જેનુ સગીત એમ આસાનીથી બેસાડી શકાય તે કહે છે એક તૈયાર નાટકને હાથ પર લઈ ઑપેરા બનાવવુ મારા વશની વાત નથી. અને તેમાય પિન્ટર જેવા લેખકની કૃતિ પર આવુ કામ સફળતાપૂર્વક કરી બતાવવુ એક મોટો પડકાર હતો. અલબત્ત, Voicesના પહેલા જ પઠનથી મને લાગેલુ કે આ કૃતિમા સગીત પડેલુ જ છે – પછી તેને સ્વરોથી નિબદ્ધ ગણો કે શબ્દોથી હુ તો તેને નિયોજિત સગીતરચના રૂપે જ જોઉ છુ માન્યામા ન આવે એ હદે તે તમામ દષ્ટિકોણથી નિશ્ચિત અને કુનેહપૂર્વક રચાયેલુ છે સ્વરરચના કર્યા પછી પણ હુ તેમા કશુ ઉમેરણ કરી શક્યો હોઉ એવુ મને લાગ્યુ નથી પિન્ટરના કામથી પ્રભાવિત થયા પછી હુ એ જોવા માગતો હતો કે શબ્દો અને સગીત સાથે કામ પાર પાડવાની કોઈ તદ્દન આગવી કે નિરાળી રીત હોઈ શકે કે નહીં, એવુ સ્વરૂપ કે જેમા શબ્દોને માત્ર ઉચિત જગ્યાએ ગોઠવવા કે આમતેમ સગીત ઉમેરવા જેટલો સીધો સરળ સવાલ ન હોય અમારો હેતુ એક જટિલ અને છતા સાવ જ નવી એવી સુરમયી નાટ્યકૃતિ બનાવીને એ સવાલનુ સમાધાન શોધવાનો હતો

જરૂરી નથી કે આ સહિયારા પુરુષાર્થને અતે ઇચ્છિત સમાધાન મળી આવે આ રેડિયો માટેનુ સગીતનાટક Voices પિન્ટરના પોતાના જ અગાઉના નાટકોમા આલેખાયેલી સ્થિતિ અને પાત્રોને પુન તાજા કરે છે તેના ચાહક શ્રોતાઓને અરસપરસ કયા સવાદ કોના અને કયાથી ની પઝલ ગેઇમ રમવાનુ નિમિત્ત આપે છે પિન્ટરે તેના ભાવકોની સરળતા માટે Voicesમા તેના તમામ અગાઉના નાટકોનુ સારતત્ત્વ કાઢી બતાવ્યુ છે અનેક પ્રકારના ભય અને આતકથી ઘેરાયેલા આજના આપણા વાતાવરણને ચોક્કસ કલાસ્વરૂપમા બાધી આપ્યુ છે કરકસર અને લાઘવયુક્ત શૈલીમા તેની અભિવ્યક્તિ વધુ સીધી, સચોટ અને સ્પષ્ટ બની છે પરિણામે નાટકની પ્રત્યેક ઉક્તિની ચોટ શ્રોતાના પેટ પર પડતા પ્રહાર જેવી તીવ્ર વેદનાકારી બની રહે છે

પિન્ટરે Voicesના સર્જન દરમિયાન જેમ્સ ક્લાર્ક જોડે જે જે વિચારોને કેન્દ્રમા રાખી કલાયાત્રા કરી તેના અત્યત ત્રાસદાયી અનુભવ વિશે ખુદ પિન્ટર જ તેની લાક્ષણિક શૈલીમા લખે છે We both walked together into hell but the hell we all share here and now (અમે બને સાથે રહીને નર્કમા પ્રવેશ્યા એવું નર્ક કે જે આપણે બધા અહીં, અત્યારે ભોગવી રહ્યા છીએ.) પિન્ટરે પોતાના જે જે નાટકોમાથી સવાદો પસદ કર્યા છે તેમા એકંદર વાત relationship of power (સત્તાના સબધો)ની કરી છે જેમ કે ભોગ લેનાર અને ભોગ બનનાર વચ્ચેનો સબધ, પીડક અને પીડિત વચ્ચેનો માલિક અને ગુલામ વચ્ચેનો સબધ પિન્ટર તેના નાટકમા એક આપખુદશાહી શાસનની કલ્પના કરે છે એક એવુ કઠોર અને અત્યાચારી શાસન કે જ્યા તેને ભયરૂપ જાહેર કરાયેલા નિર્દોષ કેદીઓ ઉપર શારીરિક ત્રાસ ગુજારી તેમની પાસેથી ધારી બાતમી કઢાવનારા ઘાતકી સત્રીઓ છે પિન્ટર આવા બેજવાબદાર શાસન અને તેમના દ્વારા આચરાતી અમાનવીય વર્તણૂક તેનુ સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરે છે

Voicesમાં પિન્ટરનાં અગાઉ લખાયેલાં જે જે નાટકોનો ઉપયોગ થયો છે તેમાંના એક નાટક One for the Roadનો મુખ્ય નાયક નિકોલસ શરાબથી લથબથ Interrogator (પ્રશ્નકર્તા) છે. તે સવાલજવાબ કરવા એક આખાય પરિવારને પકડી લાવે છે. (અહીં એ સમજી લેવાનું કે તેનો ઇરાદો બળાત્કાર અને ત્રાસ ગુજારવાનો છે.) બીજા નાટક The New World Orderમાં જ્યારે શારીરિક દમન ગુજારનારા બે સંત્રીઓ મોં અને આંખો પર પટ્ટી બાંધેલ કમનસીબ કેદીની હાજરીમાં જે સ્તરની વાતચીત કરે છે તે સાંભળીને આઘાતથી દિગ્મૂઢ થઈ જવાય છે. (દા.ત. "આપણે હજુ તેની સાથે પૂરું જ નથી કર્યું. (ખંધું ક્રૂરતાભર્યું હસીને) ના ના, આપણે હજુ શરૂ જ ક્યાં કર્યું છે?") – આ ભદ્દા સંવાદમાં એ અભાગિયા કેદી પર થનાર ક્રૂર અત્યાચાર કે દમનનો જ સંદર્ભ છે. Ashes to Ashesમાં રેવલિન રિબેક્કા સાથે પ્રશ્નોત્તરી કરે છે બંને વચ્ચેની વાતચીત એક ખતરનાક વળાંક લે છે જ્યારે આપણને જાણ થાય છે કે રિબેક્કાના ભૂતપૂર્વ પ્રેમીએ રાજ્ય દ્વારા પ્રેરિત હિંસામાં ભાગ લીધેલો. Mountain Languageમાં પરપીડનવૃત્તિ ધરાવતો સંત્રી પહાડી પ્રદેશના રહેવાસીઓ જોડે સત્તાનો ખેલ ખેલે છે આ રહેવાસીઓને રાજ્ય સિવાયની બીજી કોઈ પણ ભાષા બોલવા પર કડક પ્રતિબંધ છે. (નાગરિકોએ Establishmentની ભાષા જ બોલવી જોઈએ એવો કટાક્ષ અહીં અભિપ્રેત છે.) Party Timeમાં પિન્ટર આરામપ્રિય મધ્યમવર્ગી સમાજ પર કટાક્ષ કરે છે. એક બાજુ શેરીઓમાં ભય અને હિંસાનું સામ્રાજ્ય છે તો બીજી બાજુ તેની જોડાજોડ આ સુખી સમાજ તદ્દન લાપરવાહીથી પોતાની બૌદ્ધિક ચર્ચાઓમાં ને પાર્ટીઓમાં મસ્ત છે.

વાસ્તવમાં Voices, એ પિન્ટરે પોતાના નિવૃત્તિ સૂચવતા ભાષણમાં જેનો સંકેત કર્યો હતો એવી કોઈ નવી દિશાનું સૂચન કરે છે. "મેં હવે નવાં સ્વરૂપો ખોળી કાઢ્યાં છે. મારી ઊર્જા, મારી ચેતના વિવિધ દિશાઓ તરફ વહી રહી છે – પરંતુ કેન્દ્રીય ગતિ નિશ્ચિતપણે કવિતા તરફ છે. સાથોસાથ, હું ધારું છું ત્યાં સુધી તમે એ જાણો જ છો કે છેલ્લાં કેટલાંક વર્ષોથી મેં વિવિધ સ્થળો ને પ્રસંગોએ રાજકીય ભાષણો આપેલાં છે. ખાસ કરીને રાજકારણના વિવિધ સ્તરે આજકાલ જે પ્રકારની પરિસ્થિતિ પ્રવર્તે છે તે કોઈ પણ સંવેદનશીલ માણસને ચિંતા ઉપજાવનારી છે અને મારી સારી એવી શક્તિ એમાં ખર્ચાય છે."

જ્યારે એક સર્જક તરીકે પિન્ટર પોતાનો એક નિશ્ચિત મત ધરાવે છે અથવા તેનાં લખાણોમાં એ તેના અમુક ખાસ વિચારોનો પુરસ્કર્તા બની જાય છે અથવા સાચાં કે ખોટાં જણાતાં કૃત્યોનો તે નિર્ણાયક બની બેસે છે ત્યારે સર્જકના મુક્ત કે પ્રતિબદ્ધ હોવા અંગેના તાત્ત્વિક સવાલો ઊઠે છે.

જેમ કે જગતમાં શું વાસ્તવિક ને શું અવાસ્તવિક, શું સાચું ને શું ખોટું એ બે વચ્ચે કોઈ કડક ને સ્પષ્ટ ભેદરેખા નથી. વસ્તુઓ ક્યારેય સમગ્રપણે સાચી કે ખોટી હોતી જ નથી. વાસ્તવમાં તો તે એકીસાથે સાચી ને ખોટી બેય હોઈ શકે છે.

આ અંગે પોતાનો મત પ્રગટ કરતાં પિન્ટર કહે છે : "હું માનું છું કે આ ઘવાઓમાં હજુય દમ છે. કલાને માર્ગે વાસ્તવિકતાની ખોજ કરનારાઓને તે હજુય લાગુ પડી શકે તેમ છે. એટલે એક લેખક તરીકે – સર્જક તરીકે – હું એ અભિપ્રાયની સાથે ઊભો છું

પણ એક નાગરિક તરીકે હું તેની સાથે સંમત ન થઈ શકું. નાગરિક તરીકે તો મારે પૂછવું જ પડે કે સાચું શું છે ને ખોટું શું છે ?

છેલ્લાં કેટલાંક વર્ષોમાં લોકોને હેરોલ્ડ પિન્ટર સ્ટેજ કરતાં વિશેષ ભાષણના પોડિયમ પર નજરે ચડ્યો છે. તેણે વિશ્વશાંતિ અને લોકશાહીને નામે મહાસત્તાઓ દ્વારા થતા તમામ અપરાધોની છડેચોક ઘોર નિંદા કરી. આ અંગે તેણે ઠેર ઠેર ગરમાગરમ તેજાબી ભાષણો આપી પ્રજાના અંતરાત્માને ઢંઢોળવાનું કામ કર્યું. અમેરિકા અને બ્રિટન જેવી મહાસત્તાઓ દ્વારા ઇરાક પરના શરૂના તમામ પ્રકારના બળપ્રયોગો અને આખરના આક્રમણને તેણે સમજ્યું-વિચાર્યું સામૂહિક સંહારનું ગુનાહિત કૃત્ય ગણાવ્યું, મિલોસવિચના મુકદ્દમા બાબતે તેણે 'નાટો'માં સમાવિષ્ટ સાથીરાષ્ટ્રોને મિલોસવિચ જેટલા જ યુદ્ધ-અપરાધી ઠેરવ્યા અને અફઘાનિસ્તાન પરના બૉંબમારાને બર્બર અને અમાનવીય જાહેર કર્યા. ૨૦૦૩ના યુદ્ધવિરોધી દેખાવો નિમિત્તે આયોજિત કૂચમાં સામેલ હજારોની મેદની સમક્ષ તેણે ટોની બ્લેર અને જ્યૉર્જ બુશની કઠોર શબ્દોમાં ભર્ત્સના કરી. તેણે કહ્યું કે "યુનાઇટેડ સ્ટેટ્સ એક બેલગામ દૈત્ય બની ચૂક્યું છે. રાષ્ટ્રનું સંચાલન ટોની બ્લેર નામના એક ભાડજે લીધેલ ખ્રિસ્તી ઠગના સંગાથથી એક પાગલ ને ગુનાહિત ટોળકી કરી રહી છે."

Bombs નામની એક કવિતામાં પિન્ટર લખે છે : "There are no more words to be said/All we have left are the bombs/Which burst out of our head." (કશું જ વિશેષ કહેવાજોગ શબ્દો હવે રહ્યા નથી, રહ્યા છે કેવળ બૉમ્બસ, જે જાણે કે આપણા મસ્તકમાંથી જ ફૂટી રહ્યા છે..)

કોઈ પણ નાટ્યકાર માટે રાજકીય કલાકૌશલ ઘણી કપરી વાત હોઈ શકે પરંતુ પિન્ટરના મામલામાં તેની શાસનવિરોધી વિચારધારા છેક ૧૯૪૯થી પ્રતિષ્ઠિત થયેલી છે. ત્યારે તેણે પોતાની જાતને એક સંનિષ્ઠ બળવાખોર તરીકે જાહેર કરી 'નેશનલ સર્વિસ'માં જોડાવાનો ઇન્કાર કરી દીધેલો. ૧૯૯૬માં જ્હૉન મેજરની સરકારે આપેલ નાઇટહૂડનો ખિતાબ પણ તેણે નકારી કાઢેલો. ઇરાકમાંથી બ્રિટિશ દળો પાછા ખેંચવાનો આગ્રહ કરનારી પત્રઝુંબેશમાં સહી કરનારા અગ્રગણ્ય મહાનુભાવોમાં પિન્ટર પ્રમુખ હતો.

પિન્ટરના 'રાજકીય' નાટકો બહુ અનુચિતપણે તેનાં અગાઉનાં નાટકો સાથે સરખાવાય છે, જેવાં કે The Birthday Party અને The Caretaker – પરંતુ એમ છતાં આ નાટકોમાં પણ માણસની માણસ પ્રત્યેની હેવાનિયત અને રોજબરોજના સંબંધોની ભીતર સણસણતી હિંસા તરફ પિન્ટરનું ખેંચાણ એવું ને એવું તીવ્ર જોવા મળે છે. ખાસ કરીને માનવસ્વભાવનું તેમજ વર્તમાન રાજકારણનું ઘૃણાસ્પદ લક્ષણ પ્રગટ થાય છે આજકાલ પ્રયોજાતી ભાષાના દુરુપયોગમાં તેમજ ભાષાના એક હથિયાર તરીકેના ઉપયોગમાં. આ વાતને તે આ રીતે વર્ણવે છે : "હું ધારું છું ત્યાં સુધી આપણે સમાજને માટે અત્યંત ઘાતક એવા પાયાગત દંભ અને ભાષાની ગેરસમજ અંગે અથવા ભાષાની વિકૃતિ અંગે અથવા ભાષાના દુરુપયોગ વિશે વાત કરી રહ્યા છીએ. કારણ કે ભાષા આપણને દોરે છે, રાજકીય રીતે તે આપણને વિવિધ ક્ષેત્રે શિક્ષિત અને માહિતગાર બનાવે છે આજકાલ માનવતા, શાંતિ કે સ્વતંત્રતા વગેરે જેવા મહાન ઉદ્દેશોના નામે કરવામાં આવતી દરમિયાનગીરી પ્રકારની (દંભી) ભાષા પ્રયોજાય છે એ મને સૌથી વધુ ભયજનક અને સાચું

કહું તો ઘૃણાસ્પદ લાગે છે. વાસ્તવમાં તો તેઓ અન્યોની સાર્વભૌમ સત્તાને કાબૂ હેઠળ રાખવા તેમજ પડાવી લીધેલી સત્તાને જાળવી રાખવાના ઇરાદાથી જ આ પ્રકારની ભાષાનો ઉપયોગ કરે છે. આવી ભાષાના પ્રયોગથી તેઓ વિશ્વ આખામાં તેમનાં હઠ અને બળપૂર્વક કરાયેલાં ગુનાહિત કૃત્યોને ન્યાયોચિત ઠેરવવા મથે છે.

આ લાગણી Voicesમાં સુપેરે વ્યક્ત થાય છે. જેમાં એક શક્તિશાળી સત્તાધીશ વર્ગ બીજા અશક્ત અને નિ:સહાય વર્ગને દબાવી દેવા માટે ભાષાનો ચાલાકીભર્યો વિનિયોગ કરે છે.

વર્ષ ૨૦૦૦માં ક્લાર્કે સ્ક્રિપ્ટ સોંપી ત્યારથી Voicesનું સંગીત રચવા માટે પિન્ટર તરફથી ક્લાર્કને પૂરી સ્વતંત્રતા આપવામાં આવી હતી અને આખરી પરિણામ જોઈને અત્યંત પ્રભાવિત થઈ ગયેલો. જેમ્સ ક્લાર્ક આ સાહસમાં બહુ હિંમત અને નિશ્ચયાત્મક રીતે જોડાયા. અને તેણે અદ્‌ભુત કામ કરી દેખાડ્યું છે. પિન્ટરની કુનેહપૂર્વક રચાયેલી કૃતિ પર સંગીત બેસાડવા માટે ક્લાર્ક ખરેખર અત્યંત નિપુણ સંગીતકાર છે "મને સાહિત્યકૃતિઓના પાઠ પ્રત્યે, શબ્દો પ્રત્યે તેમજ લેખકો પ્રત્યે ભરપૂર આદર છે તેમ છતાં સામાન્યપણે હું શબ્દોના આધારે સ્વરરચના તૈયાર કરતો નથી આજ દિન લગી મારું ઘણુંખરું સંગીત abstract (અમૂર્ત સંગીત) જ રહ્યું છે. પરંતુ Voices મારા માટે અનેરો અનુભવ હતો. જોગાનુજોગ સંગીત બાબતે મારી અને પિન્ટરની રુચિ સારી એવી સમાન છે કમ્પોઝર બાક અને વર્તમાન ફ્રેન્ચ કમ્પોઝર પિયેર બૉલ્ઝ અમારા બેયના પ્રિય છે. કારણ આ બંને અમારા જેટલા જ Precise અને economical છે."

ક્લાર્કના જણાવ્યા મુજબ એક સંગીતમય રચના તરીકે Voicesની જીવંત રજૂઆત શક્ય બનશે. અને પિન્ટરની પણ તીવ્ર ઇચ્છા છે કે આ કૃતિની રજૂઆત રંગમંચ ઉપર પણ થાય. ક્લાર્ક કહે છે : "અમારો હેતુ કંઈક એવું સર્જવાનો હતો કે જેને કોઈ નિશ્ચિત વર્ગમાં ન મૂકી શકાય. એટલે એ જાણવું રસપ્રદ થઈ પડશે કે લોકો તેને કઈ રીતે લે છે. જો આપણે સંગીત, શબ્દ, રંગભૂમિ અને ઑપેરાને કપાસના ચાર ખૂણા કલ્પીએ તો આ કૃતિ ક્યાંક વચમાં આવી શકે. આ નિશ્ચિતપણે એક સંગીતકૃતિ છે, પણ સાથે સાથે એટલી જ નાટ્યાત્મક પણ છે. Voicesને શ્રોતાઓ જે નામ આપે તે, પણ તેનાં સ્વરૂપ અને તેનો પ્રભાવ જોતાં તે સહેજે અવગણી શકાય તેવી કૃતિ નથી"

આ રજૂઆત દ્વારા પિન્ટરે નવા સર્જકોને અવનવા પ્રયોગો કરતા રહેવાની જબરદસ્ત હિંમત પૂરી પાડી છે એમ ચોક્કસ કહેવું પડે.

—

ભૂલસુધાર

'પરબ', એપ્રિલ–૨૦૦૬ના અંકમાં 'આ અંકના લેખકો'માં શ્રી રમેશ ત્રિવેદીનું સરનામું આ પ્રમાણે વાંચવા વિનંતી :

રમેશ ત્રિવેદી : ૩૩, રોયલ વ્યૂ સોસાયટી, કરણનગર રોડ, કડી–૩૮૨૭૧૫

વિંદા કરંદીકર

(૨૩-૮-૧૯૧૮)

જયા મહેતા

મરાઠી કાવ્યસૃષ્ટિમાં મર્ઢેકર પછી મહત્ત્વના કવિ વિંદા કરંદીકર. કવિતા 'વિંદ કરંદીકર' અને ગદ્ય 'ગોવિંદ વિનાયક કરંદીકર'ને નામે લખે. વિંદા, મંગેશ પાડગાવકર અને વસંત બાપટ કવિમિત્ર ત્રિપુટી. સાથે કાવ્યસૃષ્ટિમાં પ્રવેશ્યા. મંગેશ પાડગાવકર અને વસંત બાપટ વધુ લોકપ્રિય; કવિપ્રતિભા વિંદાની વિશેષ આધુનિક મરાઠી કવિતાની સમૃદ્ધિનું મૂલ્યાંકન કરવું હોય તો વિંદાની કવિતા વાંચવી, એવો એમની કવિતાનો મરાઠી કવિત સાથે સંબંધ.

વ્યક્તિ વિંદા કરંદીકર

રાજકારણીય વૈચારિક દૃષ્ટિએ જોઈએ તો વિંદાએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - ગાંધીવાદ – માર્ક્સવાદનો પ્રવાસ કર્યો. સ્વાતંત્ર્યની ચળવળમાં સત્યાગ્રહી વિંદાએ ધરપક વહોરી. ચાર મહિના કારાવાસ ભોગવ્યો. બૌદ્ધિક દૃષ્ટિએ આઇસ્ટાઇન અને ક્વાંટમ ફિઝિક્સ જેવા વિષયોને સ્પર્શ્યા. એમની ભાવસૃષ્ટિમાં રાધાકૃષ્ણની રાસક્રીડા, સૂક્ષ્મ પ્રેમભાવના અં પ્રચારક લાગે એવી ઘોષણા પણ હોય શબ્દની આંગળીએ રશિયા જઈ આવ્યા. ફુલબ્રાઇ પુરસ્કાર મળ્યો, અમેરિકાની યુનિવર્સિટીમાં એક વર્ષ રહ્યા, સંશોધન-કાર્ય કર્યું

વિંદા સિદ્ધાંતવાદી પહેલી પત્નીના અવસાન પછી, વિધવા સાથે લગ્ન કરવાનો નિર્ણય કર્યો. શિક્ષિકા શ્રીમતી જ્યોત્સ્ના સાને – સુમા – સાથે રજિસ્ટર લગ્ન કર્યા. લગ્નની પહેલી ભેટ સુમાને આપી : સાડી કે વીંટી નહીં, 'સંસ્કૃતિ સંગમ' પુસ્તક !

સૌંદર્યલક્ષી પ્રપૂર્ણતાવાદી કવિ વિંદાને દરેકેદરેક કામમાં પરફેકશન જોઈએ. બળતણનાં લાકડાં ભરવાનાં હોય કે ઝાડુ કોઢવાનું હોય, ફાનસના કાચ સાફ કરવાના હોય કે ચૂલો પેટાવવાનો હોય... 'સંતાપી અને ચક્કર' સ્વભાવના વિંદા નાની શી ભૂલ માટેય બૂમબરાડા કરે અને કામ બરાબર કરવા વિશે લાંબું ભાષણ કરે. તૂટેલાં ચંપલ કેમ સીવવાં એ મોચીને શીખવે. નાયીએ બાળકોના વાળ બરાબર કાપ્યા નથી, એમ કહીને પોતે ફરીથી કાપે. એમને તો પાકી ખાતરી કે પોતાને રસોઈ કરતાં સરસ આવડે છે અને સુમાની રસોઈ સારી થતી નથી. સુમા નોકરી કરે છે, એટલે એમને રસોઈમાં મદદ કરવાની ઇચ્છા ને ક્યારેક રસોઈ કરે પણ ખરા. (બાળકો કોઈ ને કોઈ બહાનું કાઢીને એ ન ખાય) આ બધું સુમાબહેન કહે છે.

ખેડૂત બ્રાહ્મણ પિતાના પુત્ર વિંદા આર્થિક ભીંસમાં ઊછર્યા. સન ૧૯૩૯થી ૧૯૪૫નો સમય એમને માટે તાણનો, ત્રાસનો, મહેનત-મજૂરીનો તેમજ બુદ્ધિ અને સાહિત્યિક વિકાસનો હતો. વિંદા સાહિત્યની દુનિયામાં કંજૂસપણા માટે વિખ્યાત, પણ એમના ઔદાર્યથી લોકો અજાણ. કોઈ મિત્રને ત્યાં આનંદદાયક ઘટના બની હોય, એની ઊજવણી વિંદાને ઘરે અચૂક ાય. કોઈ ભિખારીના ગાનથી પ્રસન્ન સંગીતપ્રેમી વિંદા પોતાની વાજાપેટી એને આપી દે

પોતાનાં બાળકોની તો અતિશય સંભાળ રાખે જ, રસ્તે ભૂલા પડેલાં બાળકોને એમનાં માબાપ અને ઘર શોધીને મૂકી આવે – ગાંઠનાં ગોપીચંદન કરીને 'કબીર-સન્માન'ના દોઢ લાખ રૂપિયા સંસ્થાઓને આપી દે. આ વિંદા કંજૂસ કહેવાયા !!

પોતાના કર્તવ્ય માટે અત્યંત જાગ્રત વિંદા ખૂબ જ વિદ્યાર્થીપ્રિય પ્રાધ્યાપક. ચરિત્ર અને પ્રસંગ ઝીણવટથી, ચિત્રમય પદ્ધતિથી તાદેશ કરવાનો વિંદાનો કસબ. બોલવામાં નાટ્યાત્મકતા (નાટકીપણું નહીં), બૌદ્ધિક તેજ અને વકતા ચકિત કરી દે એવાં. પશ્ચિમના સાહિત્યના ઊંડા અભ્યાસી, વિદ્વાન, અંગ્રેજીના પ્રાધ્યાપક વિંદાએ બેતાલીસ વર્ષ વહેલી જ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી. કારણ એમના બે સહકાર્યકર્તા અને જૂના વિદ્યાર્થીઓ નોકરીમાં કાયમ થઈ શકે. નિવૃત્તિ પછી, પૈસા મળે એવાં સારાં પદ પણ એમણે સ્વીકાર્યાં નહીં, યુવાનોને તક મળે એવી ઇચ્છા

વિંદાને સુથારીકામ ગમે અને કરે તબલાવાદન પણ શીખે. મુંબઈમાં 'સાહિત્ય-સહવાસ'માં રહે ત્યાં રહેતાં નાનાં છોકરાંઓ સાથે મળીને 'સાહિત્ય-સહવાસ'ની ગટરો સાફ કરે અને પછી બધાંને પોતાને ઘરે ચા પિવડાવે

બાળકો સાથે બાળક જેવા થઈને રમતા વિંદા પોતાને મનગમતું ન થાય ત્યારે ઘાંટાઘાંટ કરે, ઝઘડા કરે. સુમાબહેન કહે છે કે આવા ઝઘડા જ એમની તંદુરસ્તીનું લક્ષણ છે, ઝઘડા ન કરે તો સમજવું કે એમની તબિયત બગડી છે

વિંદા મોટા ગજાના સર્જક; પણ પોતાની મોટાઈનો ભાર લઈને ફરે નહીં, પોતાના મોટાપણાનો બોજો બીજા પાસે ઊંચકાવે નહીં એક સર્વસામાન્ય માણસ વિંદા . આકળા, પરિપૂર્ણતાના આગ્રહી, જિદી-જક્કી, ગુસ્સો ઘણો કરે ને પ્રેમાળ પણ એટલા જ

આવા આ વિંદા એમને સુમાબહેને બહુ જ સાચવ્યા. વિંદાએ સુમાબહેન વિશે કાવ્ય લખ્યું · 'ઝપતાલ'

સર્જક વિંદા કરંદીકર

"જેમના વાડ્મય પુરુષાર્થથી ભાષા એક સમૃદ્ધ સામાજિક સિદ્ધિ બની રહે છે, તેવા સર્જકોમાંના એક વિંદા કરંદીકર.." (ઉમાશંકર જોશી).

"કવિઓના કવિ વિંદા કરંદીકર" (ભંગેશ પાડગાવકર).

"મરાઠીના અજેય વિંદા કરંદીકર" (પ્રકાશ ભાતમ્બેકર)

"નવકવિના દીપસ્તંભ વિંદા કરંદીકર" (જયંત પવાર).

"સમગ્ર કાવ્યાકાશ વ્યાપનારા કવિ વિંદા કરંદીકર" (સુધીર રસાળ)

વિંદાના કાવ્યલેખનનો ગાળો સન ૧૯૪૧થી ૧૯૮૧; પણ ખરેખરે તો સન ૧૯૪૧થી ૧૯૬૮ સુધીનો, ત્રીસ વર્ષનો જ ગણાય. 'વિરૂપિકા' સંગ્રહ ૧૯૮૧માં પ્રગટ થયો. એ તો તત્કાલીન તથાકથિત મરાઠી રસિકતા પરના ગુસ્સામાં, સંકલ્પપૂર્વક લખેલાં કાવ્યો છે એમ મનાય છે. વિંદાએ બાળકાવ્ય સન ૧૯૬૧થી ૧૯૯૩ સુધી લખ્યાં.

વિંદાએ કાવ્યલેખન શરૂ કર્યું એ સમય મરાઠી કવિતાનો સંક્રમણકાળ હતો મરાઠી કવિતા વ્યક્તિપ્રેમની સાંકડી ગલીમાંથી બહાર નીકળીને સમષ્ટિ તરફ, સામા તરફ વળાંક લઈ રહી હતી, વૈશ્વિક જાગરૂકતા આવી રહી હતી. વિંદાની આ આ પ્રવાહમાં તણાઈને સામાજિક વિષમતા, શોષણ, સંઘર્ષ જેવા વિષયવસ્તુ અ

'યંત્રાવતાર', 'માઝા મેના, બન દગડ', 'તી જનતા અમર આહે' ઇત્યાદિમાં યંત્રયુગે નિર્માણ કરેલી આર્થિક–સામાજિક પરિસ્થિતિની અનુભૂતિ અને ચિંતનાત્મકતા શબ્દાંકિત થવા માંડી હતી. આસપાસના સમાજજીવનની ઘહક અનુભૂતિ 'ધોંડ્યા નાવી', 'સરોજ નવાનગરવાલી' વગેરેમાં કલાત્મક આકાર પામી છે. 'ધોંડ્યા નાવી'ની કેટલીક પંક્તિઓ :

"ધોંડ્યો નાવી –
એટલે વિચિત્ર પ્રાણી.
ગાંધી હત્યા પછી
તરત જ બીજે દિવસે
દાઢી કરતાં કરતાં
ધીમા અવાજે ગંભીરપણે તે મને કહે,
'કહે છે, ગાંધી મરી ગયો :
મનમાં બહુ થાય છે
આ બાજુએ આવ્યો હોત
તેની એક હજામત મફત કરત.'
બ્રાહ્મણો હતા આસપાસ,
પરંતુ તેમનામાં રહી નહોતી
હસવા–રડવાની હિંમત.
(હસવું–રડવું મૂળ તો એક જ; આંસુની એ ગમ્મત.)"

'સ્વેદગંગા' (૧૯૪૯) પહેલો સંગ્રહ. આ કાવ્યોમાં સામાજિક પરિસ્થિતિમાંથી વ્યાકુળ મનને સામ્યવાદી વિચારસરણીમાં શાતા મળી; પછી એ વિચારો બદલાતા ગયા અને 'જાતક' (૧૯૬૮) પહેલાં જ સદંતર ઓસરી ગયા. પ્રારંભની કવિતામાં ક્રાંતિની ભાવના, ઉત્સાહ, આશાવાદ અને આત્મવિશ્વાસ હતો; પછીની રચનાઓમાં અસમર્થતા અને ઉપહાસ વ્યક્ત થવા માંડ્યાં. શરૂઆતની કૃતિઓમાં પ્રેયસીનાં ગુણદર્શન છે; પછીની કૃતિઓ – 'તુઝે નિ માઝે અપુરે જીવન', 'અજુની ના જખમ બુઝે', 'મૃગજળાત મી ભરલી ગાગર', 'હાત તુઝા તો', 'દુખચ બનલે આજ વિદૂષક' વગેરે પ્રેમનિરાશાનાં સરસ કાવ્યો છે. 'હલલે જરાસે ચાંદણે', 'માગૂનકો સખ્યા રે', 'માઝ્યા ઘરા મી પાહુણી', 'અર્धીચ રાત્ર વેડી' વગેરેમા તો જાણે કવિએ પરકાયાપ્રવેશ કર્યો છે.

સ્ત્રીવિષયક કાવ્યોમાં વિંદાની અનુભૂતિના કેન્દ્રમાં બિરાજે છે સ્ત્રીનાં વિવિધ રૂપો એ સખી છે, પ્રેયસી છે, એ પત્ની છે, એ માતા છે કવિતામાં સ્ત્રીના ઉદાત્તીકરણનો સમય હતો ત્યારે વિંદાએ ઊફરા ચાલીને પોતાનો આગવો માર્ગ લીધો, 'રક્તસમાધિ' અને 'ત્રિવેણી'માં ઇન્દ્રિયસંવેદ્ય ભાવાનુભૂતિની ઉત્કટ અભિવ્યક્તિ કરી. 'ત્રિવેણી' દસ ભાગમાં વહેંચાયેલી દીર્ઘકૃતિ છે.

આઝાદીની લડતના સમયમાં વિંદાએ દેશભક્તિનાં કાવ્યો લખ્યાં. સ્વાતંત્ર્ય, સમતા, [illegible] વગેરે મૂલ્યોનો પુરસ્કાર કર્યો; પછી એમની કવિતાએ તત્કાલીન પ્રચલિત વિચાર-ભાવનાઓની કાખઘોડી ફગાવી દીધી. એ કોઈ પણ ચોકઠામાં બંધાયા નહીં. તેથી કવિતા નિત્યનૂતન રહી; તેમજ બાળકથી માંડીને અધ્યાત્મ સુધીના વિશાળ ફલક

પર વિસ્તરતી રહી; સૂક્ષ્મ પ્રેમથી માંડીને સંભોગાનુભવ અને વૈરાગ્ય સુધી વ્યાપી; વિંદાએ 'ક્રાંતિસૂક્ત' લખ્યું અને 'સ્તન્યસૂક્ત' પણ લખ્યું. જીવનનાં ઘણાં પાસાંને સ્પર્શતી એમની કવિતા પરિપક્વ થતી ગઈ, વિષય અને આકારમાં વૈવિધ્ય સિદ્ધ કર્યું.

વિંદાએ પ્રકૃતિનું સરસ આલેખન કર્યું છે. પ્રકૃતિ પાર્શ્વભૂમાં હોય કે કૃતિના કેન્દ્રમાં હોય, નાવીન્યપૂર્ણ અલંકારોથી આલેખાયેલાં શબ્દચિત્રો મનોહર છે, એમનાં પ્રતીક-કલ્પનો નિરાળાં જ છે : 'ઉષાનું દૂધ પીને કિલકિલ કરતાં પાન', 'સમાધિસ્થ જલાશય', 'ક્ષિતિજનું બગાસું', 'પહેરો ભરતો તાડ', 'આકાશનું ઝુમ્મર', 'ધુમ્મસની કાનટોપી પહેરેલો ઘરડો ડુંગર', 'કારતકમાં સ્નાન કરતી કેળ'..

વિંદાની કવિતામાં શબ્દબાહુલ્ય છે, પરંતુ પ્રયોગક્ષમ વૃત્તિથી તે વાપરે છે અને વપરાઈને ચપટા થઈ ગયેલા શબ્દોને તોડીને તેમને નવા અર્થ આપવાની ક્ષમતા પણ એમનામાં છે. શબ્દોની જેમ, સાંકેતિકતા અને સંસ્કારક્ષમતા ગુમાવી બેઠેલી પુરાકથાઓ કે બીજકથાઓને વિંદા નિરાળો જ આકાર આપે છે અને શક્ય હોય ત્યાં નવા યુગનો સંદર્ભ પણ આપે છે. શબ્દ વિશે વિંદા કહે છે :

"હું સમસ્ત અનુભૂતિને કાવ્યવિષય માનતો હોવાથી મેં સમગ્ર શબ્દસૃષ્ટિનો સ્વીકાર કરવાનો પ્રયત્ન કર્યો છે. મારી દૃષ્ટિએ બધા જ શબ્દ મહત્ત્વના છે, કાવ્યાત્મક છે. તે તે અનુભૂતિના સંદર્ભમાં તે તે શબ્દ સાચા બને છે."

વિંદા કરંદીકરની રચનાશૈલી પર ક્યાંક મર્ઢેકરનો પ્રભાવ વરતાય છે એમની કવિતાએ પાશ્ચાત્ય કવિઓની પણ અસરો ક્યાંક ઝીલી છે.

મરાઠી કવિતામાં શબ્દનાં વિવિધ લયબદ્ધ રૂપ નિર્માણ કરવામાં વિંદા પ્રથમ છે પ્રાચીન કાવ્યસ્વરૂપો – સૂક્ત, અભંગ તેમજ પરદેશી કાવ્યસ્વરૂપો – સૉનેટ અને ગઝલ ઇત્યાદિમાં પણ રચનાઓ કરીને એમણે મરાઠી કવિતાને સમૃદ્ધ કરી છે.

પ્રયોગશીલ કવિ

કોઈ પણ મોટા ગજાનો કવિ પોતાનું અનુકરણ કે પુનરાવર્તન કરતો નથી, પુનરુક્તિ કરતો નથી. નવું નવું શોધતો રહે છે વિંદાએ પણ કોઈ પણ અનુભવ કે અનુભૂતિને પોતાના પર સવાર થવા દીધાં નથી. જીવનનાં અનેક ક્ષેત્રોમાં, અનેક દિશાઓમાં એમણે ડગ માંડ્યાં કવિતાલેખનના દીર્ઘકાળ દરમિયાન એમની કવિતામાં ઘણા વળાંકો આવ્યા, એમણે ઘણા પ્રયોગો કર્યા, પ્રયોગશીલ કવિ તરીકે ખ્યાતિ પામ્યા, એમના પ્રયોગોની ટીકાઓ પણ થઈ, તેમ છતાં એ પ્રયોગો કરતા રહ્યા. કારણ કે એ એમની અનુભૂતિની માગ હતી. અભિવ્યક્તિની અનિવાર્યતા હતી. રચના અને શબ્દ અંગે જાગરૂક વિંદા એક સફળ પ્રયોગની જાળમાં ફસાયેલા રહ્યા નથી, દિશાઓ શોધતા રહ્યા છે. કાવ્યરચનામાં પ્રયોગો કરતા રહ્યા છે :

૧. અભંગમાં સંતસદૃશ અનુભૂતિ વ્યક્ત કરી. સામાજિક અનિષ્ટો પ્રત્યે આંગળી ચીંધવા કે તેનો ઉપહાસ કરવા અભંગનો વિનિયોગ કર્યો.

૨. વેદનાં સૂક્તો જેવી રચનાઓ કરીને જીવન પર ભાષ્ય કર્યું.

૩. પુરાકાળનાં પાત્રોની ઉક્તિ-કૃતિઓને આધુનિકતાના વાઘા પહેરાવીને તત્કાલીન દાંભિકતા પર આ સૂત્રોમાં ભાષ્ય કર્યું.

૪. મુક્ત સૉનેટ રચ્યાં. સૉનેટનું ચૌદ પંક્તિનું બંધન ક્યારેક સ્વીકાર્યું, ક્યારેક ફગાવી દીધું.

૫. 'તાલચિત્રો'ની રચના કરી, તેમાં જુદાંજુદાં તાલચિત્રોમાં જુદાંજુદાં ભાવ-ભાવનાઓનું આલેખન કર્યું

૬. ગઝલ રચી, પણ તેમાં ઉર્દૂ ગઝલનાં આકૃતિબંધ કે વિશિષ્ટતા નથી. ભાવવાહી નાટ્યગીતોને ગઝલરૂપમાં રજૂ કર્યાં છે.

૭. 'વિરૂપિકા'માં "વાસ્તવની શોધ અને ભાષાનો ઉપયોગ એકદમ અવળી દિશામાં ચાલતાં હતાં; ઍબસ્ટ્રેક્ટ આર્ટની અને સરરિઍલિસ્ટિક ચિત્રકલાની પદ્ધતિએ ચાલતાં હતાં તેમાં હું અનુભવો, બીજકથાઓ, કલ્પનો અને ભાષાનું વિરૂપીકરણ કરીને અપેક્ષિત પરિણામ સાધવા મથતો હતો." (વિંદા કરંદીકર).

૮. બાલગીતો રચ્યાં.

વિંદાએ રચેલી વિરૂપિકાનાં સાહિત્યબાહ્ય નિકષોથી વિવેચનો થયાં, ટીકાનિંદા થઈ રૂઢિચુસ્ત ભાવકોએ, સાહિત્યની પ્રતિગામી શક્તિએ આ અનોખી સર્જનક્ષમતાનો આદર ન કર્યો ને જબરો ઊહાપોહ મચાવ્યો. 'વક્રતુંડ મહાકાય' કવિતાથી ધાર્મિક ભાવના દુભાયેલાં લોકોએ નિષેધ સભાઓ ભરી, મોરચા કાઢ્યા, ધમકીઓ આપી. વિંદાનાં પુસ્તકો જાહેરમાં બાળ્યાં.

આ જ 'વિરૂપિકા' સંગ્રહ માટે વિંદાને 'કુમારન્ આસન્ પુરસ્કાર' – ૧૯૮૨ (ત્રિવેન્દ્રમ્) એનાયત થયો હતો.

'વિરૂપિકા'ની પહેલાં, સન ૧૯૫૫માં પણ વિંદાનું 'મુક્તિમધલે મોલ હરવલે' કાવ્ય વિવાદાસ્પદ થયું હતું અને વિંદા કરંદીકર–ગંગાધર ગાડગીળે આકાશવાણી પર આ કાવ્યની ચર્ચા કરી હતી. અને વર્ષો પછી, સન ૧૯૭૯માં 'સત્યકથા' સામયિકમાં લેખ લખીને વસંત વૈદ્યે ઉગ્ર પ્રત્યાઘાત વ્યક્ત કર્યો હતો.

મુક્ત સૉનેટમાલાઓ 'હિમયોગ'નાં આઠ અને 'સંહિતા'નાં નવ સૉનેટ્સ 'તાલચિત્રો' અને મુક્તછંદના નિર્માણ અંગે વિંદા કહે છે : "એક જુદી આંતરિક આવશ્યકતામાંથી મારાં મુક્ત સૉનેટ જન્મ્યાં. 'સંહિતા' એ ચિંતનશીલ પ્રેમકવિતા સાકાર કરવા માટે હું પ્રયત્ન કરતો હતો. 'ત્રિવેણી' માટે જન્મેલો અંતર્વેધી મુક્તછંદ તેની બાબતમાં થોડો શિથિલ જણાતો હતો અને પારંપરિક યમકબદ્ધ સૉનેટરચના ખૂબ બંધિયાર લાગી.. છેવટે મુક્તછંદના લયનું લવચીકપણું અને પારંપરિક સૉનેટના અવકાશનું બંધન અચાનક એકરૂપ થયાં અને તેનાથી 'સંહિતા'નાં નવ મુક્ત સૉનેટ નિર્માણ થયાં."

તબલાવાદનના અનુભવમાં વિંદાને પ્રત્યેક તાલની નિરાળી અને નામ ન આપી શકાય એવી ભાવવૃત્તિ જણાઈ હતી. 'તાલની વિશિષ્ટ ભાવવૃત્તિને કલ્પન, લય અને ઘટનાની સહાયથી સાકાર કરતાં ઊર્મિકાવ્યો એટલે તાલચિત્રો.' (– વિંદા).

વિંદાએ નવા વલણનાં બાળકાવ્યો રચ્યાં, તે માટે નિમિત્ત બન્યો છે તેમનો નાનો દીકરો ઉદય. એ કોઈક અજાણ્યા ડરથી ઘેરાયેલો રહેતો હતો. એને માટે પરિપક્વ કવિ વિંદાએ બાળકાવ્યો પણ લખ્યાં; મરાઠી બાળકાવ્યનું ક્ષેત્ર સમૃદ્ધ કર્યું. બાળકાવ્યો વિશે વિંદા કહે છે : "બાળક સાથે આત્મીયતાથી સંવાદ સાધે તે બાળકાવ્યો.. બાળકોને લાગવું જોઈએ

કે આ કવિતા પોતે જ લખી છે." આ નિકષ પર વિંદાનાં બાળકાવ્યો ખાનદેર પાર ઊતરે છે. વિંદાની કવિતાની વાત એમના એક કાવ્યથી જ પૂરી કરીએ :

આજ પ્રાર્થના પ્રાણ જેવડી

ઓમકાર જેવડો અફાટ પર્વત: તે પણ હાથ જોડીને ઊભો છે.
પૃથુલ વાદળની સુંવાળી પાંખ નીચે... લાલ લાડકા રંગ.
પોતાની નાની શી ચાંચમાં ખોસીને... આથમ્યા છે. તળેટી પાસેનો
એકલપેટો તાડ આંખ વિસ્ફારીને ખાડીની રેતી પરના
નારિયેળીના વૃંદને જુએ છે... ને તે પણ યાત્રાએ નીકળવાનો છે...
આજે પક્ષી આકાશનાં છે; અને આંબાનાં કુમળાં પોપટપલ્લવ પણ
આકાશમાં ઊડવા માટે વ્યાકુળ થયાં છે. આજે પ્રાર્થના પ્રાણ જેવડી:
કારણ દેવ દેવળ જેવડા અને ફૂલો તે પણ દેવ જેવડાં.

આ વખતે પૂજા માટે માટે દશ દિશા પણ ઓછી પડે અને મન
આપોઆપ જ
અગિયારમી દિશામાં પસરવા લાગે છે; જ્યારે સમજણ ભૂતકાળનો
શ્વાસ લેતી નથી અને ભવિષ્યનો ઉચ્છ્વાસ કાઢતી નથી;
અજ્ઞાતનો પાનો પીવા માટે પ્રકાશ પહેલાંની જેમ ઘૂંટણિયાં તાણતો
રડવા લાગે છે;
વસ્તુ આકારમાં માતી નથી; ઘાટને કાંઠેથી ઊભરાવા માંડે છે."

અન્ય લેખન

વિંદાએ પાંચ કાવ્યસંગ્રહો, બાર બાળકાવ્યસંગ્રહો, ઉપરાંત બે લલિત નિબંધસંગ્રહો આપ્યા. મરાઠીમા બે અને અંગ્રેજીમાં બે વિવેચનસંગ્રહો, 'પોએમ્સ ઑફ વિંદા' (૧૯૭૬), 'સમ મોઅર પોએમ્સ ઑફ વિંદા' (૧૯૮૩), 'ત્રિમૂર્તિ' (૧૯૭૯), 'ઓંકાર' (૧૯૯૬). (અંગ્રેજીમાં અનુવાદ વિંદાએ પોતે જ કર્યા), અને અંગ્રેજીમાંથી ચાર અનુવાદ આપ્યા. 'સ્પર્શાચી પાલવી' (૧૯૫૮) અને 'આકાશાચા અર્થ' (૧૯૬૫) આ બે નાનકડા લઘુનિબંધસંગ્રહો વિચારગર્ભ અને કાવ્યાત્મક છે, આ પછી વિંદાએ નિબંધ લખ્યા નથી. 'કહેવાનું હતું તે કહેવાઈ ગયું, પુનરુક્તિ ન કરવી' એ વિંદાનો સિદ્ધાંત હતો

શેક્સપિયરના 'કિંગ લિયર' નાટકનો પ્રસ્તાવના અને ભાષ્ય સહિત, આદર્શ નમૂનારૂપ અનુવાદ વિંદાએ આપ્યો, તેમજ ઍરિસ્ટોટલના કાવ્યશાસ્ત્રનો પ્રસ્તાવના અને ભાષ્યસહિત અનુવાદ, ગ્યુઇથેના ફાઉસ્ટ–૧નો અનુવાદ આપ્યો, તેમજ સંત જ્ઞાનદેવના અતિપ્રાચીન મરાઠી ભાષામાં લખાયેલા 'અમૃતાનુભવ'નું અર્વાચીનીકરણ કર્યું, તે સાથે તેની દીર્ઘ પ્રસ્તાવના તો ખરી જ. [ઍરિસ્ટોટલના કાવ્યશાસ્ત્રનો ગુજરાતી અનુવાદ (૧૯૮૪), જયા મહેતા અને જશવંતી દવેએ કર્યો છે. તેમજ 'વિંદા કરંદીકર' (મરાઠી કવિતા)નો ગુજરાતી અનુવાદ (૧૯૭૭) જયા મહેતાએ કર્યો છે.] વિંદાના અંગ્રેજીમાં લખાયેલા વિવેચનગ્રંથો છે . 'લિટરેચર એઝ અ વ્હાયટલ આર્ટ' (૧૯૯૧) અને 'અ ક્રિટિક ઑફ લિટરરી વેલ્યૂઝ'

(૧૯૯૪), મરાઠીમાં લખાયેલા વિવેચનગ્રંથો છે : 'પરંપરા આણિ નવતા' (૧૯૬૭) અને 'ઉદ્‌ગાર' (૧૯૯૬)

ક્ષેત્રસંન્યાસ

સન ૧૯૮૧માં 'વિરૂપિકા' કાવ્યસંગ્રહની પ્રસ્તાવનામાં જ વિંદાએ પોતે ક્ષેત્રસંન્યાસ લીધાનું જાહેર કરી દીધું હતું આ અંગે કોઈકના પ્રશ્નના ઉત્તરમાં એમણે કહ્યું :

"મારે કહેવું છે તે પૂરું થયું છે. એનું એ જ હું જુદી જુદી રીતે કહી શકું, પણ તેમ કરવામાં મને રસ નથી."

વિંદાએ આ સંકલ્પ પછી બે અપવાદ સિવાય કાંઈ પ્રસિદ્ધ કર્યું નથી. સન ૧૯૯૦ના 'મહારાષ્ટ્ર ટાઇમ્સ'માં 'તુકોબાચે ભેટી શેક્સપિયર આલા' એ અભંગ અને 'અડમૂ તડમૂ' બાલકાવ્યસંગ્રહ પ્રસિદ્ધ થયો

વિંદા કરંદીકરના સમગ્ર લેખનનું આકલન કરતાં જણાય છે કે વિદ્વાન ગોવિંદ કરંદીકર અને સર્જક વિંદા કરંદીકર બંને એક જ છતાં પરસ્પરથી અળગા જ રહ્યા છે એમની વિદ્વત્તા સર્જક પર કે સર્જક વિદ્વત્તા પર સત્તારૂઢ થયાં નથી એમણે પોતાની લોકપ્રિય કૃતિઓનુ અનુકરણ કર્યું નથી, તેમજ ટીકાનિંદા પામેલી કૃતિઓ જેવી બીજી કૃતિઓ રચતા એ અચકાયા નથી. પોતાને જે ઉચિત લાગ્યું એ આત્મવિશ્વાસપૂર્વક લખતા રહ્યા હતા

વિંદા કરંદીકરે કવિતાલેખન શરૂ કર્યું ત્યારથી આજ સુધીના સમયના લાંબા ગાળા દરમિયાન સામાજિક અને રાજકીય સંદર્ભો તેમજ સાહિત્યિક વલણો બદલાતાં રહ્યાં છે, તેમ છતાં વિંદાનું મહત્ત્વ એવું ને એવું જળવાઈ રહ્યું છે મોટા ગજાના સર્જકનું લેખન કાલબાહ્ય થતું નથી

¬

સાભાર ગ્રંથસ્વીકાર

બાળસાહિત્ય

૩૬૫ બાળવાર્તાઓ : શ્રદ્ધા ત્રિવેદી, ૨૦૦૬, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ ૪૪૦, ₹ ૮૦૦/- બિટ્ટુ વાર્તા કહે છે : લતા હિરાણી, ૨૦૦૬, લેખક પોતે, પૃ ૧૦+૫૮, ₹ ૪૦/ અમારે કંઈક કહેવું છે (બાળનાટક) : પ્રજ્ઞા પટેલ, ૨૦૦૬, પ્રકા. લેખક પોતે, ગાંધીનગર, પૃ ૧૪+૬૬, ₹ ૪૫/- રમકડાં મેળો જોવા જાય (બાળકાવ્યો) હરીશ પંડ્યા, ૨૦૦૫, પ્રકા. લેખક પોતે, પૃ ૩૨, ₹ ૨૫/- ફુગ્ગા : ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ્', ૨૦૦૬, પ્રકા. લેખક પોતે, પૃ ૬૪, ₹ ૩૫/- દૂધપૌંઆ : ધનસુખલાલ પારેખ, ૨૦૦૬, પ્રકા લેખક પોતે, પૃ ૨૮, ₹ ૨૦/-

નિબંધ

ચિલિકા : યજ્ઞેશ દવે, ૨૦૦૨, રન્નાદે પ્રકાશન અમદાવાદ, પૃ ૧૯૨, ₹ ૧૦૦/ ગાંધીજી, ચેપ્લિન અને હું : જયંતી પટેલ, ૨૦૦૫, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ ૨૫૬, ૧૨૫/-

રમેશ ર. દવે

જયંત ગાડીતની સાતમી નવલકથા 'એક અસ્વપ્ન સુખી જીવન' એમણે કથાના ખૂલતા પાને નોંધ્યું છે એ મુજબ 'એક અનાવિલ કુટુંબની કથા' છે. પરંતુ વાસ્તવમાં આ કથા, એક અસ્વપ્નશીલ અને તેથી સુખી જીવન જીવનારી વિરલ પણ દેખીતી સાવ સાધારણ સ્ત્રીની વાત કહે છે. જેને માટે ઉપર હગણાં 'વિરલ' વિશેષણ વાપર્યું એ કથાનાયિકા મણિ કહેતાં રેવાની વિલક્ષણતા-વિશિષ્ટતા એ છે કે એણે આજીવન સૂતાં-જાગતાં કદી સુખનું સપનું સેવ્યું નથી. વધારે વિશદતા-સ્પષ્ટતાથી કહેવું હોય તો કહી શકાય કે રેવાએ ક્યારેય કશી અપેક્ષા, કામના, ઝંખના, લાલસા અને વાસના સેવી નથી. અલબત્ત, આ અપેક્ષા-વાસના આમ જોવા જઈએ તો મનુષ્યના અસ્તિત્વનો, વ્યક્તિના હોવાપણાનો પ્રત્યક્ષ-પરોક્ષ આધાર-પુરાવો અને કારણ-વજૂદ છે. તેમ છતાં રેવા આ જીવન-અનિવાર્યતાથી લગભગ વેગળી રહીને જીવી છે. સંતસાધક માટે આપણે નિરપેક્ષ જીવન-અભિગમનો આદર્શ સહજતયા સ્વીકાર્યો છે ને છતાં વાસ્તવમાં સરવૈયે એવું કશું સિદ્ધ થતું નથી. આની સામે આપણી રેવા, એના પિયર અને સાસરાના પરિવારોમાં, નવલકથાકારે વારંવાર યોજેલા રૂપકનો આશ્રય લઈને કહેવું હોય તો કહી શકાય કે કૂવાથંભ સમાણું ઉત્તરદાયિત્વ નિભાવવા છતાં, નિરાંતપૂર્વકના નિર્વેદથી અથવા કહો કે કેળવાતી રહેલી મનની જલકમલવત્ સ્થિતિ-અવસ્થાથી સુખી જીવન જીવી છે.

આ વાત કથાસામગ્રીના આધારે વિસ્તારથી વિચારતાં પહેલાં નવલકથાના દેશકાળની વાત પહેલાં કરીએ – સ્થળસમયની દૃષ્ટિએ કથા સુરત, નવસારી, વલસાડ જેવાં શહેરો અને ખરવાસ – નિયોળ જેવાં ગામોમાં વસી છે. અલબત્ત, કથાનાયક ખંડુ વશીની નોકરી-બદલીના કારણ નિમિત્તે કથા દક્ષિણ ગુજરાતથી નીકળી નડિયાદ-અમદાવાદની લટાર પણ મારી આવે છે. કથાસમય સંદર્ભે કથાનાયિકા રેવાનો જન્મ અને ગાંધીનું સ્વદેશાગમન કથામાં એક જ દિવસે ઘટતી બે ઘટના રૂપે આલેખાયાં છે. આ ભૂમિકાએ બીજું વિશ્વયુદ્ધ, ગાંધી-ઇરવિન કરાર, ભગતસિંહને ફાંસી, હિંદ-છોડો ચળવળ અને બારડોલી સત્યાગ્રહ જેવી ભારત અને સમગ્ર વિશ્વને સ્પર્શતી જાગતિક ઘટનાઓ કથાની પિછવાઈ તરીકે આલેખાઈ છે.

પાત્રસૃષ્ટિની દૃષ્ટિએ કથા, સંખ્યા અને સ્તર ઉભય બાબતે અલગ પડે છે. રેવાનો પતિ ખંડુ એના કુટુંબમાં – પેઢીમાં – બરાબર મધ્યમાં ઊભો છે. એક તરફ એના પિતા અને દાદા પરાગજી અને નારણજી છે તો બીજી બાજુ તેનો પુત્ર અને પૌત્ર હીરેન તથા પંકજ છે. ટૂંકમાં અહીં દાદાજી નારણજી અને પૌત્ર પંકજને નગણ્ય પાત્રો ગણીએ તો પણ બારડોલી સત્યાગ્રહના પ્રભાવથી, તલાટીની નોકરીમાં રાજીનામું ધરી દેતા ખંડુના પિતા પરાગજી અને સુરતની મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં વિજેતા બનનારા ખંડુના પુત્ર હીરેનની કથા, ખંડુની કથાના પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ રૂપે અપેક્ષિત વિસ્તારથી કહેવાઈ છે.

કથાસમય દરમિયાન પાંચ પેઢીની ચડતી-પડતી – ભરતી-ઓટ અનુભવનારા, ખંડુ વશીના પરિવારનું કેન્દ્રવર્તી પાત્ર સ્વાભાવિક રીતે રેવા જ છે. કથાનાયિકા આ રેવા મગન-

(૧૯૯૪); મરાઠીમાં લખાયેલા વિવેચનગ્રંથો છે : 'પરંપરા આણિ નવતા' (૧૯૬૭) અને 'ઉદ્‌ગાર' (૧૯૯૬).

ક્ષેત્રસંન્યાસ

સન ૧૯૮૧માં 'વિરૂપિકા' કાવ્યસંગ્રહની પ્રસ્તાવનામાં જ વિંદાએ પોતે ક્ષેત્રસંન્યાસ લીધાનું જાહેર કરી દીધું હતું. આ અંગે કોઈકના પ્રશ્નના ઉત્તરમાં એમણે કહ્યું :

"મારે કહેવું છે તે પૂરું થયું છે. એનું એ જ હું જુદી જુદી રીતે કહી શકું; પણ તેમ કરવામાં મને રસ નથી."

વિંદાએ આ સંકલ્પ પછી બે અપવાદ સિવાય કાંઈ પ્રસિદ્ધ કર્યું નથી. સન ૧૯૯૦માં 'મહારાષ્ટ્ર ટાઇમ્સ'માં 'તુકોબાચે ભેટી શેક્સપિયર આલા' એ અભંગ અને 'અડમ્ તડમ્' બાલકાવ્યસંગ્રહ પ્રસિદ્ધ થયો.

વિંદા કરંદીકરના સમગ્ર લેખનનું આકલન કરતાં જણાય છે કે વિદ્વાન ગોવિંદ કરંદીકર અને સર્જક વિંદા કરંદીકર બંને એક જ છતાં પરસ્પરથી અળગા જ રહ્યા છે. એમની વિદ્વત્તા સર્જક પર કે સર્જક વિદ્વત્તા પર સત્તારૂઢ થયાં નથી. એમણે પોતાની લોકપ્રિય કૃતિઓનું અનુકરણ કર્યું નથી, તેમજ ટીકાનિંદા પામેલી કૃતિઓ જેવી બીજી કૃતિઓ રચતાં એ અચકાયા નથી. પોતાને જે ઉચિત લાગ્યું એ આત્મવિશ્વાસપૂર્વક લખતા રહ્યા હતા.

વિંદા કરંદીકરે કવિતાલેખન શરૂ કર્યું ત્યારથી આજ સુધીના સમયના લાંબા ગાળા દરમિયાન સામાજિક અને રાજકીય સંદર્ભો તેમજ સાહિત્યિક વલણો બદલાતાં રહ્યાં છે, તેમ છતાં વિંદાનું મહત્ત્વ એવું ને એવું જળવાઈ રહ્યું છે. મોટા ગજાના સર્જકનું લેખન કાલબાહ્ય થતું નથી.

¬

સાભાર ગ્રંથસ્વીકાર

બાળસાહિત્ય

૩૬૫ બાળવાર્તાઓ : શ્રદ્ધા ત્રિવેદી, ૨૦૦૬, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ.૪૪૦, રૂ. ૮૦૦/-. બિટ્ટુ વાર્તા કહે છે : લતા હિરાણી, ૨૦૦૬, લેખક પોતે, પૃ.૧૦+૫૮, રૂ.૪૦/-. અમારે કંઈક કહેવું છે (બાળનાટક) : પ્રજ્ઞા પટેલ, ૨૦૦૬, પ્રકા. લેખક પોતે, ગાંધીનગર, પૃ.૧૪+૬૬, રૂ.૪૫/-. રમકડાં મેળો જોવા જાય (બાળકાવ્યો) : હરીશ પંડ્યા, ૨૦૦૫, પ્રકા. લેખક પોતે, પૃ.૩૨, રૂ.૨૫/-. ફુગ્ગા : ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ્', ૨૦૦૬, પ્રકા. લેખક પોતે, પૃ.૬૪, રૂ.૩૫/-. દૂધપૌંઆ : ધનસુખલાલ પારેખ, ૨૦૦૬, પ્રકા. લેખક પોતે, પૃ.૨૮, રૂ.૨૦/-.

નિબંધ

ચિલિકા : યજ્ઞેશ દવે, ૨૦૦૨, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ.૧૯૨, રૂ.૧૦૦/-. ગાંધીજી, ચેપ્લિન અને હું : જયંતી પટેલ, ૨૦૦૫, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ.૨૫૬, .૧૨૫/-.

રમેશ ર. દવે

જયંત ગાડીતની સાતમી નવલકથા 'એક અસ્વપ્ન સુખી જીવન' એમણે કથાના ખૂલતા પાને નોંધ્યું છે એ મુજબ 'એક અનાવિલ કુટુંબની કથા' છે. પરંતુ વાસ્તવમાં આ કથા, એક અસ્વપ્નશીલ અને તેથી સુખી જીવન જીવનારી વિરલ પણ દેખીતી સાવ સાધારણ સ્ત્રીની વાત કહે છે. જેને માટે ઉપર હમણાં 'વિરલ' વિશેષણ વાપર્યું એ કથાનાયિકા મણિ કહેતાં રેવાની વિલક્ષણતા-વિશિષ્ટતા એ છે કે એણે આજીવન સૂતાં-જાગતાં કદી સુખનું સપનું સેવ્યું નથી. વધારે વિશદતા-સ્પષ્ટતાથી કહેવું હોય તો કહી શકાય કે રેવાએ ક્યારેય કશી અપેક્ષા, કામના, ઝંખના, લાલસા અને વાસના સેવી નથી. અલબત્ત, આ અપેક્ષા-વાસના આમ જોવા જઈએ તો મનુષ્યના અસ્તિત્વનો, વ્યક્તિના હોવાપણાનો પ્રત્યક્ષ-પરોક્ષ આધાર-પુરાવો અને કારણ-વજૂદ છે તેમ છતાં રેવા આ જીવન-અનિવાર્યતાથી લગભગ વેગળી રહીને જીવી છે સંતસાધક માટે આપણે નિરપેક્ષ જીવન-અભિગમનો આદર્શ સહજતયા સ્વીકાર્યો છે ને છતાં વાસ્તવમાં સરવૈયે એવું કશું સિદ્ધ થતું નથી. આની સામે આપણી રેવા, એના પિયર અને સાસરાના પરિવારોમાં, નવલકથાકારે વારંવાર યોજેલા રૂપકનો આશ્રય લઈને કહેવું હોય તો કહી શકાય કે કૂવાથંભ સમાણું ઉત્તરદાયિત્વ નિભાવવા છતાં, નિસબતપૂર્વકના નિર્વેદથી અથવા કહો કે કેળવાતી રહેલી મનની જલકમલવત્ સ્થિતિ-અવસ્થાથી સુખી જીવન જીવી છે.

આ વાત કથાસામગ્રીના આધારે વિસ્તારથી વિચારતાં પહેલાં નવલકથાના દેશકાળની વાત પહેલાં કરીએ – સ્થળસમયની દૃષ્ટિએ કથા સુરત, નવસારી, વલસાડ જેવાં શહેરો અને ખરવાસ – નિયોળ જેવાં ગામોમાં વસી છે. અલબત્ત, કથાનાયક ખંડુ વશીની નોકરી-બદલીના કારણ નિમિત્તે કથા દક્ષિણ ગુજરાતથી નીકળી નડિયાદ-અમદાવાદની લટાર પણ મારી આવે છે. કથાસમય સંદર્ભે કથાનાયિકા રેવાનો જન્મ અને ગાંધીનું સ્વદેશાગમન કથામાં એક જ દિવસે ઘટતી બે ઘટના રૂપે આલેખાયાં છે. આ ભૂમિકાએ બીજું વિશ્વયુદ્ધ, ગાંધી ઇરવિન કરાર, ભગતસિંહને ફાંસી, હિંદ-છોડો ચળવળ અને બારડોલી સત્યાગ્રહ જેવી ભારત અને સમગ્ર વિશ્વને સ્પર્શતી જાગતિક ઘટનાઓ કથાની પિછવાઈ તરીકે આલેખાઈ છે

પાત્રસૃષ્ટિની દૃષ્ટિએ કથા, સંખ્યા અને સ્તર ઉભય બાબતે અલગ પડે છે. રેવાના પતિ ખંડુ એના કુટુંબમાં – પેઢીમાં – બરાબર મધ્યમાં ઊભો છે એક તરફ એના પિતા અને દાદા પરાગજી અને નારણજી છે તો બીજી બાજુ તેનો પુત્ર અને પૌત્ર હીરેન તથા પંકજ છે. ટૂંકમાં અહીં, દાદાજી નારણજી અને પૌત્ર પંકજને નગણ્ય પાત્રો ગણીએ તો પણ બારડોલી સત્યાગ્રહના પ્રભાવથી, તલાટીની નોકરીમાં રાજીનામું ધરી દેતા ખંડુના પિતા પરાગજી અને સુરતની મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં વિજેતા બનનારા ખંડુના પુત્ર હીરેનની કથા, ખંડુની કથાના પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ રૂપે અપેક્ષિત વિસ્તારથી કહેવાઈ છે.

કથાસમય દરમિયાન પાંચ પેઢીની ચડતી-પડતી – ભરતી-ઓટ અનુભવનારા, ખંડુ વશીના પરિવારનું કેન્દ્રવર્તી પાત્ર સ્વાભાવિક રીતે રેવા જ છે. કથાનાયિકા આ રેવા મગન-

અબીની પુત્રી, દેવી, સુમન, શાતા ગીતા અને રમેશની બહેન, ઠાકોર વશીની સાળી, ખડુ વશીની પત્ની, માલતીની ભાભી ધીરુની પત્ની પાલીની દેરાણી, પરાગજી અને મછીની પુત્રવધૂ, માલા, દુર્ગા રમીલા, નયના અને હીરેનની મા, અર્ચના/રચનાની સાસુ અને પકજની દાદી એમ એ સ્ત્રીને હોય એટલા લગભગ સઘળા સગપણ સંબધ ધરાવે છે આ સઘળા સગપણના દાવે એણે, એના જીવનરંગમચ ઉપર તરેહવારના રૂપ ભજવ્યા છે અને પ્રતિપક્ષે સકળાતા સગાંસબંધીઓએ દાખવેલા સકારાત્મક અને પાડેલા ખેલેલા નકારાત્મક સઘળા ખેલ સ્વીકાર્યા છે ટૂકમા, પુત્રી, બહેન, સાળી, પત્ની ભાભી દેરાણી, પુત્રવધૂ, મા, સાસુ અને દાદી તરીકે એક સ્ત્રીએ દાખવવાના સઘળા કર્તવ્ય એણે શોભીતી રીતે રૂપે બજાવ્યા છે અને એ દરમિયાન પોતાનો જીવનઆનદ અક્ષુણ્ણ રાખીને અળપાવ્યા દીધો નથી.

નવલકથાકારે રેવાને નાનપણથી જ નોખી નિરાળી છોકરી તરીકે આમ ઓળખાવી છે ઓછાબોલી ને વાતવાતમા રિસાઈ જતી દેવી ગુસ્સાવાળી ને ફળિયાની પોરીઓને મારી ઘરમા ભરાઈ જતી શાતા ને ઘરનુ કામ કરવાનુ આવે ત્યારે આઘીપાછી થઈ બહાના શોધવામા હોશિયાર ગીતાની વચ્ચે ઘરમા મણિ (રેવાનુ પિયરનુ નામ) કહ્યાગરી ને સાવ ઢીલી પોચકા જેવી ગણાતી. ફળિયાની છોકરીઓ જોડે પાચીકે નવકૂકરી, પત્તા કે ઠીકરીની કોઈ પણ રમત રમતી હોય ત્યારે મોટે ભાગે ભેકડો કાઢી-તાણી ઘરે આવી જ હોય. બાળપણથી મણિને કોઈની ઓથ લઈને ચાલવાની પછી તો ટેવ પડી ગઈ પણ કોણ જાણે કેમ માબાપ અને ભાઈઓને જ નહીં, ગામના નાતીલાવોના ઘરમા પણ મણિ મગનની બધી પોરીઓમાં સૌને વધારે વહાલી લાગતી. કોઈ પણ કામ ચીધો મણિ ના નહી પાડવાની, અનિચ્છા બતાવવા મોઢુ નહી મરડવાની કે આઘીપાછીય નહી થવાની કામમાય સ્ફૂર્તિલી અને ચોક્કસ. એણે કરેલા કામમા કોઈ ભૂલ ન કાઢી શકે બીજાના કરેલા કામમા ભૂલ દેખાય ત્યારે મણિ મશ્કરી કરી એને ઉતારી પાડતી નથી જોઈ માત્ર એવી રીતે હસ્યા કરે કે ભૂલ કરનાર વ્યક્તિને માઠું ન લાગે અને પોતાના કામમા કંઈક ભૂલ છે – એવી ખબર પડી જાય. (પૃ ૩ ૪)

કિશોરવયથી આવી સમજદારીથી જીવનારી રેવાના ચરિત્રનુ રહસ્ય નવલકથાકારે કથાત પહેલા નાના એવા વાક્યમા પ્રગટ કર્યું છે કદાચ કોઈ પણ પ્રશ્ન રેવાના મનમા એક કલાકથી વધારે ટકતો નહીં. (પૃ ૧૭૩) સમગ્ર કથાસમય દરમિયાનના રેવાના સૌ પાત્રો સાથેના મન, વચન અને કર્મજન્ય ત્રિવિધ વર્તન વ્યવહારોની તપાસ–નિદાન કરીએ તો જીવનની નાનીમોટી સમસ્યાઓથી, પ્રશ્નોથી પરવારતા મુક્ત થતા એને આવડે છે સ્વ ભાવથી – એ જ તથ્ય સત્ય લાધશે. મનોવિજ્ઞાનની મદદથી રેવાની આ વિલક્ષણતાનો વિચાર કરીએ તો, પ્રશ્નવિહોણુ મન – હોઈ શકે એ વાત જ સસલાને શિગડા ઊગ્યા સમી અતાર્કિક અનુભવાય છે અલબત્ત, રેવા પ્રશ્નરહિત છે – એવુ નવલકથાકાર કહેતા નથી. પણ રેવા એના પ્રશ્નો–સમસ્યાથી બહુ ઓછા સમયમાં પરવારી જાય છે – નિજાત પામ્યા છે એટલુ જ નહી, કોઈ નજીકના સ્વજન સબધીની વાતે એ વિચારે અકળાય, દુ ખી થાય ત્યારે કહેવા જેવી બે વાત રેવા કહે પણ ખરી, પણ પછી ? આ મનમા આવ્યુ કે કહી દીધા પછીની સ્થિતિ નવલકથાકારે જાણે આ હમેશા નેપથ્યે (બૅકસ્ટેઇજમા) જીવનારી સ્ત્રીનો થતો હોય નિરાતની પળોમા – એ રીતે નિરૂપી છે

હજી તો રહોડામાં પેહવાને વાર છે એટલે થોડા વાર નિરાતે ભીંતને અઢેલી છીંકણીની ડબ્બી લઈને બેસે ને બને પગ આરામથી લબાવે. હવે પૂછો તમતમારે શુ પૂછવુ છે આ બૅંકસ્ટેઇજમાં રહેનારી રેવાને ?

તમને પચાસ ઉપર થયાં. દુનિયાની દષ્ટિએ હવે તમારી અનુભવી વડીલમાં ગણતરી થાય. શુ તમને કોઈને શિખામણ આપવાનું મન નથી થતું ? કોઈ તમારી શિખામણ સાભળે, એને અમલમા મૂકે – એવુ એવુ થાય તો ગમે ને ? તરત રેવા ચારેબાજુથી હસ્તી ઊઠે થાય ની, થાય ની. કેમ નીં થાય ? (પૃ ૨૦૮)

અહીં સુધી તો રેવા મારી-તમારી માફક એને સાચુ સૂઝે તે કહેવા ઉત્સુક છે પણ આ એક વાર કહી મેલ્યા પછીની વાતે એ નોખી-નિરાળી નીવડે છે બીજા બૅંકસ્ટેઇજના પાત્રો તો કોણ જાણે, રેવા તો એવુ પાત્ર કે પોતે શિખામણ આપે સાભળવી હોય તે સાભળે, મન પર લેવી હોય તે લે ને આચરણમા મૂકવી હોય તો મૂકે આમ તો શિખામણ આપવી જ એને ગમે નહીં પણ ફન્ટસ્ટેઇજનું પાત્ર જીવનમા ઘણીં વખત પછડાટ ખાય એટલે નાસીપાસ્ત ને હતાશ થઈ જાય ત્યારે રેવા શિખામણના બેચાર શબ્દો કહે. એ પણ ફન્ટસ્ટેઇજના પાત્ર સાથેના સબધને કારણે, કારણ કે ફન્ટસ્ટેઇજના પાત્રના સુખે સુખી અને દુ ખે દુ ખી રહેનારી આ સ્ત્રી ફન્ટસ્ટેઇજના પાત્રને દુ ખી જુએ એટલે પોતે દુ ખી થાય. પોતાને દુ ખ થાય તો પોતે શું ઉપાય અજમાવે એનો એને મનમા વિચાર આવે. એટલે એ ઉપાય ફન્ટસ્ટેઇજના પાત્રને કહે. ફન્ટસ્ટેઇજના પાત્રે એ ઉપાય યોજવો એની ચિંતા પછી રેવા છોડી દે કરહે કરવુ ઓહે તે. આપણે હુ ?

એને ક્યાં શિખામણ કે ઉપદેશ આપી કોઈ મહાન પુરુષોની જેમ બીજાને મહાકાર્યમા પોતાની સાથે જોડવાં છે ? (પૃ ૨૧૧)

મહાન માણસોની, એમનાં મહાકાર્યોમા બીજાને જોડવા-જોતરવાની વાત કોરાણે મૂકીને, મને સમજાયેલી ને સૂઝેલી વાત, મારી આસપાસના લોકો પાસે સ્વીકારાવવા અને એ વાતને આચરી પાળીને એ બધાં સર્વવાતે સુખી થઈ મારો અહેસાન માને – એવી પ્રબળ કામના આપણને કોને નથી ? એ સવાલ જાતને પૂછીએ તો જ રેવાની આ કરહે કરવુ ઓહે તે. આપણે હુ ? –વાળી નિતબતપૂર્વકની નિર્વેદાવસ્થા સમજાશે અને એનું માહાત્મ્ય માણી શકાશે.

મનુષ્યની જીવાદોરી સમાન આ અપેક્ષા – આશા – ધારણા – શ્રદ્ધા વિના, સાદી ભાષામા કહીએ તો કરોડરજ્જુ વિનાના માણસની કલ્પના પણ થવી – કરવી અઘરી છે ત્યારે રેવા જેવુ – નજીકના સ્વજન-સબધીને શિખામણ આપવાનુ મન કેમ નીં થાય ? – એવી કબૂલાત હળવે હૈયે કરતુ ઉત્તરદાયિત્વ – ઘર – કુટુંબની સઘળી જવાબદારી નિભાવવામા સદાય મોખરે અને શિખામણ શાસનના મોરચે ક્યારેય અડિંગો ન જમાવનારુ આ કથાચરિત્ર સરજવુ અઘરુ હતુ. કથાનો પ્રાણ તેમાંના અતર્બહિર સઘર્ષના નિરૂપણથી પ્રગટે છે – એ તથ્યના અજવાળામા જોઈએ તો, મારા કેટલા ટકા ? – એવો સવાલ પૂછીને પલાયન કરી જવાને બદલે, સામાની સ્થિતિમા પોતાની જાતને મૂકીને, સૂઝે તે ઉપાય-ઉકેલ બતાવ્યા પછી સહેજ પણ તણાયા વિના – કરહે કરવુ ઓહે તે. આપણે હું ? –નો, તાદાત્મ્ય પછીના તાટસ્થ્યનો અભિગમ દાખવતી અને એ રીતે બહુધા નેપથ્યે જ જીવતી રેવાને

કથાનાયિકા જ નહીં, કથાનાયક તરીકે પણ આલેખવાનુ અઘરુ હતુ પણ નવલકથાકારે એ બહુ રસાળ રીતે કર્યું છે રેવા એના સઘળા સ્થળકાળજન્મ પરિવેશ સમેત, એને ભાગે આવતાં સઘળા વર્તન-વ્યવહારો સહિત, એના પિતા મગનના મતે હુકનિયાળ નીવડેલી આ પોરી, એના અંતિમ શ્વાસ સુધી કથાના વાચકને એની સ્ફૂર્તિલી જીવતતાનો અનુભવ કરાવે છે કથાનુ પ્રધાન પાત્ર આમ પૂરી પ્રતીતિકરતા સાથે પ્રત્યક્ષ થયુ છે એનુ શ્રેય નવલકથાકારની અત્યત સયત પાત્રનિરૂપણકળાને સાપડે છે

રેવાની આકરી કસોટી એના સાસુ મછી, જેઠ જેઠાણી ધીરુ અને પાલી, પતિ ખડુ અને પુત્રી માલા જેવા પાત્રો – નજીકના સ્વજનો દ્વારા થાય છે આમાના મછી અને પાલી સાથે તો સમજ્યા કે એ સબધની મથરાવટી જ મેલી – એટલે એ લોકોની સાથે વાધાવચકા પડે અને નાની વહુ તરીકે રેવાએ ખમી ખાવુ પડે પણ પતિ ખડુ અને મોટી દીકરી માલા તરફથી પણ અનુક્રમે જુગારની લત અને સમાજ કુટુબની પરવા કર્યા વગર પોતાનુ ધાર્યું કરવાની બાબતે રેવા મૂઝાતી રહી છે ખડુને રમવાની ટેવ પડી ગઈ છે – એવુ જાણ્યા પછી – અબીને મોટી ફરિયાદ ખડુ કરતાય મણિ–રેવા સામે હતી એ જ ઢીલી દાણ તા । મરદની લગામ હાથમા રાખતા નીં આવડે તેમા – ખડુની આ એબથી દુ:ખી રેવા વખતોવખત આસુ સારતી રહે છે પણ એની મા અબીએ, એના બાપુ મગન દારૂની લતે ચડી ગયેલો ત્યારે એક મહિના સુધી એણે મગનને પાસે ન આવવા' – દઈને મગનને સાવ રાક બળદ જેવો બનાવી દીધેલો એવુ કશુ આકરુ પગલુ ભરતી નથી એટલુ જ નહીં, ખડુ ફાવે ત્યારે અકારણ ગુસ્સે થયા કરતો – એનુ કારણ મોટી દીકરી માલાને કહેવાનુ એ વિચારે છે પણ માલા એ વિશે પૂછે છે કાકાભાઈને થોડાથોડા દહાડે એકાએક હુ થઈ જતુ છે ? – એનો ઠાવકો જવાબ – ઑફિસમા થયુ ઓહે કઈક' – આપી દે છે રેવાની આ ધીરજ ફળે છે એણે છઠ્ઠી સુવાવડે દીકરાને જન્મ આપ્યો – એ શુભઘટનાએ ખડુને પણ સકલ્પ કરવા પ્રેર્યો પાનાને હવે હાથ ની લગાડવાનો. પતિ સામે કે પુત્રી સાથે ખડુની આ એબની વાત સુધ્ધા ન કરીને વેઠી લેનારી રેવા માલાના અવ્યવહારુપણાથી પણ મૂઝાય છે

આ પોરીઓને કઈકઈને થાકી કે સગેવહાલે આવતી જતી રો એમ પોતામા જ ભરાયેલા રઈએ તો નાતમા કોણ ઓળખે જે । પણ આજની પ્રજા કોઈનુ હાભળતી જ કાં છે ? એમા મારી માલાને તો બીજાય વાધાવચકા ભારી. ખરવાહે જવાની વાત આવે ને એનો બબડાટ શરૂ થઈ જાય. આજી બઉ પચાત કરતી છે તા જઈએ એટલે આખો દિવસ કઈ ને કઈ શિખામણ પાતામાથી જ ઊગી નીં આલે...નીં, ઉ નીં જવાની. માલાને ઉ ઓળખુ હીખામણ કોઈએ આપી ની ને એનો પારો ઊચો ચડ્યો નીં. આજીનુ જે નીં હાભળે તે મારુ કાથી હાભળવાની ? (પૃ ૨૦૯ ૨૧૦)

રેવામા અધિકાર સત્તા શાસનની કશી હાયવરાળ નથી મગનને દારૂ છોડાવવા અબીએ લીધેલા આકરા ઉઠાણ – ઉ બાપાને ફરિયાદ કરવા નીં જવા. અઈ તારે માથે જ ઠેપાઈને રહેવા. તુ મારી લાખ ની. પણ આ શરીરને ની અડવા દઉ – રેવા અજમાવતી ।ભાવ જ એણે કેળવ્યો કે કેળવાવા દીધો નથી. એટલે તો એ માલા સદર્ભે સમાધાન

1 મારો પતિ કે મારી પોરી મારુ કહ્યુ ન માને ? – મારા કહ્યામા કેમ ન રહે – એવો

પામી શકે છે કે – 'આજીનું જે નીં સાંભળે તે મારું કાંથી હાંભળવાની ?' – આ ભૂમિકાએ રેવા સ્વેચ્છાએ પોતાને પહેલા નહીં પણ પછીના ક્રમે મૂકી શકે છે – કશા અફસોસ વિના !

રેવાની સાસુ મંછી એ, આ કથાનું રેવાના પછીના ક્રમે ઉત્તમ માવજત પામેલું દુશ્ચરિત્ર છે. એનું દુરિતપણું નાનાવિધ' તરેહ-તરીકાથી સર્જકે પ્રગટ કર્યું છે એની દુશ્મનાવટ આખા જગત સામે છે પણ એનો સૌથી વધારે ભોગ એના પતિ પરાગજી, પુત્રો ધીરુ અને ખંડુ તથા પુત્રવધૂઓ પાલી અને રેવા તથા નજીકના પડોશીઓ બને છે. પાલી સાથે જાણે એને પરભવની 'પ્રીત' છે. એની પાછળ મંછી જાણે આદું ખાઈને અડી ગઈ – પડી ગઈ છે. એ પુત્રવધૂ થઈને આવી (પૃ. ૩૪) ત્યારથી માંડીને બે પુત્રવધૂઓની ઘરડી સાસુ થઈ ત્યાં સુધી (પૃ. ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૬૫, ૭૭, ૭૮) અકારણ જમાદારગીરી કરતી રહે છે. બે જીવસોતી રેવાને માળિયેથી કરાંઠી ઉતારતી કષ્ટાતી જોઈને ખંડુ કરાંઠી ઉતારી આપે છે. એને એમ કરતો અટકાવીને મંછી કહે છે . "બૈરાંનાં કામ બૈરાં કરે. પુરુષથી એવાં કામ નીં કરાય... ઊ જોવાવાળી બેઠી છું ને એને હું તકલીફ પડતી છે !" આ સ્થિતિમાં પણ રેવા, 'કરાંઠીનું તબાહરું માથે મૂકી, દરેક પગથિયે ઢગરા ટેકવીટેકવી ધીમેધીમે ઊતરવાની આવડત' કેળવી લે છે પણ સાસુનો કશો વિરોધ કરતી નથી.

કથાની એવી જ એક ઊડીને આંખે વળગે તેવી વિશેષતા છે અનાવિલ સમાજનું પરિવેશરૂપ આલેખન. તાપી આ પારના અને ઓ પારના અનાવિલ અને ભાઠેલા લોકોના સમાજજીવનનું ચિત્રણ, જેમણે સ્વામી આનંદનાં લખાણો : 'મોનજી રૂદર', 'મહાદેવથી મોટેરા' અને 'છોટુકાકાના અસીલો' – વાંચ્યાં હશે એમને માટે અજાણ્યું નહીં હોય પણ સ્વામીમાં એ સમાજચિત્ર માત્ર ખપ પૂરતું જ થયું છે જ્યારે અહીં તે એક કુટુંબકથા નિમિત્તે વ્યાપક અને સઘનરૂપે આલેખાયું છે. આ કથાનું દરેક પાત્ર, તેની વ્યક્તિગત વિલક્ષણતા ઉપરાંત અનાવિલ સમાજના સભ્ય તરીકે – પ્રતિનિધિ તરીકે – એ સમાજની વિલક્ષણતા સમેત નિરૂપાયું છે. આ વાતના દેખીતા દૃષ્ટાંત તરીકે રેવાના બનેવી ઠાકોર વશીનું સ્મરણ થઈ આવે છે. એક લહેરી, જરા બેજવાબદાર માણસ તરીકે જીવતો આ ઠાકોર એના સસરા મગન રણછોડ મુજબ સાત 'સુંવાળી ચોટલી' જ છે એ ગ્રામસમાજની નિંદા અને શહેરીજીવન જીવવા નહીં મળવાના વલોપાતમાં એટલો ગળાબૂડ રહે છે કે એના બબડાટથી એનો સાહુ અને રેવાનો પતિ ખંડુ જ નહીં, વાચક પણ ત્રાસી જાય છે (પૃ. ૯૪) આ ઉપરાંત ભૂંસા-ભજ્યાના ભફાકા, પોરીઓને પરણાવવા અંગેની ચિંતા, શેખીભર્યા પુરુષવર્ગ ઉપર લગભગ શાસન કરતી સ્ત્રીઓ અને બારડોલી સત્યાગ્રહની આસપાસની અંગ્રેજ-ગાંધીઘટના બહુધા રોમાન્ટિક અને ક્વચિત્, પરાગજીના રાજીનામા જેવી કે રેવાના ફુઆ સુબોધચંદ્ર દ્વારા ધીકતી વકીલાત છોડીને તકલી કાંતવા લાગી જવા જેવી ઘટનાઓથી પણ આ વિલક્ષણ સમાજની વિશિષ્ટતા નિરૂપાઈ છે.

*

આમ સરસ રીતે કહેવાઈ રહેલી આ કથા નવલકથાકારની કેટલીક મર્યાદાઓને કારણે નિરસ પણ બની છે. આમાંની સૌથી આગળ તરી આવતી મર્યાદા છે કથાના લગભગ દરેક પ્રકરણમાં, બ્રાહ્મણોની ભોજનપંગતે મુખ્ય વાનગીઓની પૂર્વે પીરસાતા અપૂશણ (ભાતનો કોરો કોળિયો)ની જેમ, માનવજીવનનાં સુખ, દુ:ખ, સંબંધ, જિજીવિષા, સમય,

સ્વમાન, ભગવાન, સંસારસાગર, માણસ નામનું વિચિત્ર પ્રાણી, અંગ્રેજોની નીતિ, ઈર્ષ્યા, સમાચારઘેલછા, સલાહ આપવાના શોખ-સંતોષ, સમાજ નામનો ન્યાયાધીશ – આ બધી વાતે જે તે પ્રકરણ સાથે સીધો સંબંધ ન હોવા છતાં ચિંતન વેરાયા કર્યું છે. મંછીની મર્યાદા દર્શાવવા નવલકથાકારે નોંધ્યું છે કે "વૃદ્ધત્વમાં માણસને અનેક શારીરિક-માનસિક રોગ થતા હોય છે. એમાંનો એક રોગ ઉપદેશરોગ છે." આ વિધાન રેવા–મંછીની આ કથાને પણ લાગુ પડે છે.

ઉપર નોંધી છે એ સઘળી વાતે, નવલકથાકારને સુકથાના મદિરારસ સાથે ઉપદેશ પણ પાઈ દેવાનો અધિકાર છે જ પણ એ ઉપદેશ ભાતના કોરા કોળિયા જેવો હોય તો ગળે ઉતારતા વાચકને કષ્ટવું પડે – એ વાત પણ ભુલાવી જોઈએ નહીં.

પાત્રો અને પરિસ્થિતિ વિશેનાં કથનોની બહુલતા પણ નવલકથા-વાચનથી મળવા જોઈતા રસમાં વિઘ્નો સર્જે છે. વળી, આ પ્રકારનાં કથનો લગભગ ગુણાવગુણની યાદી સમાં થયાં છે. ખાસ કરીને મંછી જેવા જીવંત થઈ પડેલા પાત્ર સંદર્ભે, આ સાસુમા એની વહુઓની કનડગત શી શી રીતે કરે છે – એ રસાળ અને રોચક નીવડનારી બાબતનું યાદીરૂપ આલેખન, વાચકને સાંપડવા જોઈતા, પ્રત્યક્ષ ઘટનાના સાક્ષી થવાના આનદથી વંચિત રાખે છે. આ મુશ્કેલી માત્ર જયંત ગાડીતની જ નથી, આજના ઘણા સ્થાપિત નવલકથાકારો પણ કથાકથનનો આવો ટૂંકો રસ્તો અજમાવે છે કારણ કે ઘટેલી ઘટનાના અહેવાલરૂપ સપાટ કથનમાં, સ્થળ, સમય અને પાત્રના સંયોજનથી રચાતી ત્રિપાર્શ્વી ઘટનાના નિરૂપણમાં દાખવવી પડતી સંકુલતા આપોઆપ નિવારાઈ જાય છે.

નવલકથાનાં આરંભ-અંતનાં પ્રકરણો સર્જક માટે તેજાબી કસોટી બની રહેતાં હોય છે. કથાપ્રારંભનો કિલ્લો તો મોટા ભાગના સર્જકો, પૂરતી તૈયારી, તત્પરતા, ઉત્સાહ અને સ્ફૂર્તિના સથવારે ફતેહ કરી લેતા હોય છે પણ કથાના અંત ભાગે ઉપરનોંધી એ સઘળી બાબતો ખલાસ થવામાં હોય છે અને નવલકથાને સમેટવાની અધીરાઈ ઉમેરાઈ હોય છે આ સ્થિતિમાં નવલકથાલેખક, ગુજરાતી કહેવતમાં નોંધાઈ છે એવી, બેસતા રાજા અને ઊઠતા બકાલીની ઉતાવળ-અધીરાઈ અનુભવે છે. દર્શકકૃત સુંદર નવલકથા 'દીપનિર્વાણ' નવલકથાકારની સૂચિત મર્યાદાનું સ્પષ્ટ દૃષ્ટાંત છે. કથાકથન દરમિયાન કેન્દ્રમાંથી પરિઘ તરફ વિસ્તરતી નાનાવિધ ત્રિજ્યાઓને સાંકળતી પરિઘરેખા, દર્શકે 'ઉપસંહાર' એવા શીર્ષકથી લબડધક્કે દોરવી પડી છે. 'એક અસ્વપ્ન સુખી જીવન'ના સર્જકના હાલ પણ કથાંતે લગભગ દર્શક જેવા જ છે. એક જ દૃષ્ટાંતથી આ વાત સ્પષ્ટ થશે – ખંડુ વશી જેવા ચાર પુત્રીઓનાં લગ્ન વિશે લગભગ કશા આયોજન વિના જ જીવેલા અનાવિલ માણસના અવસાન પછી, એના જીવતાં એક પણ પોરીનું લગ્ન તો શું, સગાઈનીય કશી હલચલ હતી નહીં – એ સ્થિતિમાં માત્ર ૨૧૫ અને ૨૧૬ – એમ બે પૃષ્ઠોમાં આ રીતે થયેલાં દર્શાવાયાં છે :

— "સુમનમામાના ધ્યાનમાં છોકરો આવ્યો, રમેશ દ્વારા માલાનો અભિપ્રાય પૂછ્યો અને તરત માલાએ હા પાડી દીધી." (પૃ ૨૧૫)

"થોડા વખતમાં અમદાવાદની અંદર હાઈસ્કૂલમાં નોકરી કરતા મૂળ પલસાણાના એક કરા સાથે દુર્গાનાં લગ્ન થઈ ગયાં." (પૃ. ૨૧૫)

— "દુર્ગાનાં લગ્ન પછી ત્રણ વરસે રમીલાનાં લગ્ન થયાં ત્યારે ઇન્દિરા ગાંધી અને મોરારજી દેસાઈ વચ્ચે થયેલી લડાઈ પૂરી થઈ ગયેલી." (પૃ. ૨૧૫)
— "ખંડુની ચોથી અને સૌથી નાની પોરી નયનાનાં લગ્ન ખુદ ખંડુના શોખીન આત્માને પણ ગમ્યાં હોત એવી ચમક અને શોખથી થયાં." (પૃ. ૨૧૬)

ઉપરનોંધ્યાં અવતરણોથી સ્પષ્ટ થાય છે કે સમય અને સ્થળ સંદર્ભે નવલકથાકારે કેવા કેવા લાંબા અને ઊંચા કૂદકા નવલકથાને હેમખેમ પૂરી કરવા માટે લગાવવા પડ્યા છે.

કથાભાષા એ હજુ આપણો, એરણ પરથી ઘડાઈને ઊતરેલો દાગીનો થઈ શકી નથી નવલકથામાં થતાં વિવિધ ભાષાપ્રયોજનો પાત્રગત સંવાદાદિ ભાષાપ્રયોજનો તથા નવલકથાકાર દ્વારા પ્રત્યક્ષ રૂપે થતાં કથન-વર્ણનગત ભાષાપ્રયોજનમાં માન્ય-સ્ટાન્ડર્ડ-ભાષાનું જ રૂપ પ્રયોજાય કે પછી પાત્રસૃષ્ટિની સ્થળ, કાળ, જાતિ, લિંગ અને માનસિક-ચૈતસિક અવસ્થા અનુસાર પાત્રગત ભાષા-પ્રયોજનમાં યોજાતા ભાષારૂપમાં વૈવિધ્ય અનિવાર્ય બને છે – એ વાતે કદાચ અપેક્ષિત સ્પષ્ટતા સધાઈ રહી છે પરંતુ નવલકથાકાર દ્વારા પ્રયોજાતા ભાષારૂપ અને પાત્રો દ્વારા પ્રયોજાતાં ભાષારૂપો વચ્ચે અનુક્રમે માન્ય ભાષારૂપ અને પાત્રોની સ્થળકાળમાણસજન્ય વિલક્ષણતાને અનુસરતા તળપદ ભાષારૂપ વચ્ચે કેટલો ભેદ-વિભેદ હોવો જોઈએ – એ અંગે પર્યાપ્ત સ્પષ્ટતા થઈ નથી. અહીં એક દૃષ્ટાંત તરીકે, રઘુવીર ચૌધરીકૃત 'ઉપરવાસ' નવલત્રયી અને 'અમૃતા' એ બે નવલકથામાં નવલકથાકાર દ્વારા યોજાયેલાં ભાષારૂપની તુલના કરીએ તો એ ભેદ સ્પષ્ટ થશે અને વાચક-ભાવકને કલાત્મકતા-રમણીયતાનો અનુભવ કરાવવામાં આવો ભાષાભેદ અનિવાર્ય કે ઉપયોગી બને છે કે કેમ તે પણ સમજાશે.

'અમૃતા'માં કથાનાયિકા પ્રવાસ કરીને અનિકેતના પાલનપુરના ઘેર પહોંચ્યા પછી નાહી-પરવારીને અનિકેતની સામે આવીને ઊભી રહે છે – એ ક્ષણનું એનું રૂપ-વર્ણન આમ થયું છે : "નિર્બંધ કેશરાશિ, આનત કર્ણાભૂષણ અને શ્વેત મોતીની માળા. એટલું જ નહીં, મધ્યયુગીન ઐશ્વર્યનો ખ્યાલ આપતી કીનખાબની સાડી પહેરીને એણે દ્વાર ખોલ્યું ત્યારે પ્રથમ નજરે તો અનિકેતને વાસકસજ્જા સુંદરીનું સ્વપ્ન દેખાયું "

અમૃતાનું અહીં સદ્યસ્નાતરૂપ આલેખાયું છે. 'અમૃતા' પછી ઠીક ઠીક સમયે અને તદ્દન જુદાં વિષયવસ્તુ તથા દેશકાળ અને પાત્રસૃષ્ટિ ધરાવતી નવલકથા 'ઉપરવાસ' નવલત્રયીના પ્રથમ ખંડ 'ઉપરવાસ'માં કથાનાયક એવા દેવુ અને લવજીની મોટી બહેન હેતી ન્હાવા બેઠી છે અને આડશ માટે મૂકેલા ખાટલાની ઈસ ઉપર ઓઢણી અને ચણિયો નાખ્યાં છે. કાંચળી એણે પીઠ પાછળ રહેલી ગમાણના લાકડા પર મૂકી હતી પણ ન્હાતાં ન્હાતાં એની ઉપર છાંટા પડતાં એ ભીંજાશે એવા ખ્યાલથી એ કાંચળી પણ ખાટલાની ઈસ ઉપર મૂકી દેવા એ ઊભી થાય છે રઘુવીરે સમય અજવાળિયાનો પસંદ કર્યો છે. હેતીનું ઊભું થવું, કાંચળી લઈને ખાટલાની ઈસ પર મૂકવી અને પાછા ન્હાવા બેસી જવું – આ ત્રણ ક્રિયાની વચ્ચે ક્યાંક, કિશોરી મટીને યુવતી થઈ રહેતી હેતી સાથે એક નાની શી ઘટના ઘટી છે – એ ઘટનાનું કથન રઘુવીરે આમ કર્યું છે :

"એ તો કાન સરવા કરીને, કોઈ આવતું-જતું નથી – એની ખાતરી કરી અધ્ધર

પગે થઈ. ઊભા ખાટલા બહાર ડોકિયું કર્યું અને પછી તો મન કાઠું કરીને આખી ઊભી થઈ ગઈ, જોતજોતામાં પેલી બાજુથી કાંચળી ઉપાડી લીધી. ખંખેરીને, ફૂંકીને મૂકી."

આ તો થયું એક નાની ક્રિયા-પ્રક્રિયાનું વર્ણન પણ હવે પાત્ર વિશેનું હેતી વિશેનું કથન જુઓ : "પણ એ દરમિયાન એની ગોરી કાયા પર ચાંદનીની ચમક એને દેખાઈ ગઈ. પોતાની દેય એણે આવી કદી નોતી દીઠી, પોતે પોતાને આવી વહાલી કદી નોતી લાગી. એના રૂંવે રૂંવે એક ઝબકારો થઈ ગયો હતો. અષાઢી વરસાદથી કોરી માટી જેમ પહેલાં ચમકે ને પછી મહેંકમહેંક થઈ ઊઠે તેમ."

ઉપર નોંધ્યાં છે એ બંને અવતરણો નવલકથાનાં છે, નવલકથાકારે કરેલાં કથનગત ભાષાપ્રયોજનનાં છે, નવલકથાનાં મહત્ત્વનાં સ્ત્રીપાત્રો વિશેનાં છે એટલું જ નહીં, સ્નાન દરમિયાન અને પછીથી એના ખીલી ઊઠેલા દોહલાવણ્ય વિશેનાં છે – આમ એકસામટી પાંચપાંચ બાબતમાં સમાનતા ધરાવતાં આ કથનગત ભાષાપ્રયોજનનાં બે દૃષ્ટાંતોમાં પ્રયુક્ત ભાષારૂપ કેવાં તો ધ્રુવસ્થ છે ! પ્રથમ દૃષ્ટાંતમાંના નિર્બંધ, કેશરાશિ, આનત, કર્ણ, આભૂષણ, ચૈત, મધ્ય, યુગીન, ઐશ્વર્ય, પ્રથમ, વાસકસજ્જા અને સ્વપ્ન – જેવા સંસ્કૃત તત્સમ્ શબ્દોની સામે, બીજા દૃષ્ટાંતમાં વપરાયેલા ગોરી, કાયા, દેય, દીઠી, નોતી, રૂંવે, ઝબકારો, અષાઢી, વરસાદ, કોરી માટી, પહેલાં – જેવા દેશજ શબ્દોને મૂકી જોતાં, નવલકથાની વસ્તુસામગ્રી, દેશકાળ, પાત્રસૃષ્ટિની સામાજિક-માનસિક હેસિયત અને અવસ્થા જેવાં પરિબળો – તત્ત્વો, નવલકથાકાર દ્વારા થતાં કથન અને વર્ણનગત ભાષાપ્રયોજન વિશેના આપણા, કથાકારે એના દ્વારા થતાં કથન-વર્ણનમાં તો માત્ર માન્ય – સ્ટાન્ડર્ડ – ભાષારૂપ જ પ્રયોજવું જોઈએ – એ આગ્રહને કેવો તો ખોટો ઠેરવે છે – તે સ્પષ્ટ થાય છે. પ્રથમ દૃષ્ટાંતમાંનું સંસ્કૃતનિષ્ઠ ભાષારૂપ અને બીજા દૃષ્ટાંતમાંનું તળપદ – બોલીજન્ય ભાષારૂપ, માન્ય ભાષારૂપના વિકલ્પે, નવલકથાકારને અભિપ્રેત ભાવસંપ્રેષણ સંદર્ભે કેટલાં અને કેવાં સુસંગત નીવડે છે તે જાતઅનુભવે જાણી શકાય તેમ છે.

આટલી લાંબી અને કોઈને મૂળ વાતથી ફંટાઈ જતી અનુભવાય – એવી ભૂમિકા બાંધ્યા પછી આનંદ એ વાતનો પ્રગટ કરવો છે કે રઘુવીર હેતીની કાયાના કામણ વિશે વાત કરતાં કરતાં કાયા શબ્દ પછી પાછો પોતાની દેય શબ્દ મૂકે છે એવી જ રીતે જયંત ગાડીત પણ કથન-વર્ણન માટે માન્ય ભાષારૂપના આગ્રહથી મુક્ત થઈ કથાનાં પાત્રો બોલે છે તે ભાષારૂપનો ઉપયોગ કરે છે : "સુખી ઘરની એકની એક પોરી મંછીની પાછળ નાતીલાં મોંમાં આંગળાં ઘાલી ગયાં. એટલાં ઘરઘામણ ને વરસોવરસ જુવાર–ચોખા–દાળ–ઘી–તેલ–ગોળ કરંડીથી ભરેલી ગાલલી ને અનેક વસ્તુઓ વરાગજ્જાના ઘરમાં આવવે રાબી." (પૃ. ૩૩)

જયંત ગાડીત મૂળે સૌરાષ્ટ્રના એટલે અનાવિલ સમાજનું ભાષાબોલીરૂપ એમને સહજ નથી – ન હોય એ સમજી શકાય તેવું છે. તેમ છતાં એમણે આ બોલીરૂપને પ્રશસ્ય રીતેરૂપે પ્રયોજ્યું છે. એમાં તેમને એમનાં અનાવિલ પત્ની મંજુલા ગાડીતની મદદ મળી છે પણ મદદ આખરે મદદ છે – મૂળ લખાણમાં કોઈ મદદરૂપ થઈ થઈને કેટલું થઈ શકે ? ટૂંકમાં, જયંત ગાડીત વાચકને અનાવલાંનાં મહોલ્લા-ગામમાં લઈ જઈ શક્યા છે !

છેલ્લે બે નાની વાત : કથાનાયિકા રેવા–મણિના નામકરણની વાતે, પસંદ થયેલાં [illegible]ી અને મણિગૌરી – જેવાં નામોમાંથી "મંછી નામ કાને આવતાંની સાથે મગને

એના પર ચોકડી મૂકી દીધી. હમણાં જ પરણેલી ગામની એક પોરીનું નામ મંછી હતું. ભારે લડાક. એ પરણી ત્યારે ગામની સ્ત્રીઓએ નિરાંતનો શ્વાસ લીધો એવી એકે સ્ત્રી ગામમાં નહોતી જેની જોડે મંછી લડી ન હોય. કેટલીક તો એનો પડછાયો જોઈનેય ભાગતી." (પૃ. ૭). પણ મણિ મોટી થાય છે ત્યારે પેલી લડાક મંછીના દીકરા ખંડુ વશી સાથે એને "એ તો દુખી જ થવાની. મારું મન કહે છે – એવું કહીને, દીકરા સુમનના આ લગ્ન વિશેના વિરોધનેય અવગણીને મગન મણિને, કર્કશા અને દુરિતના સરદાર સમી મંછીની પુત્રવધૂ તરીકે રાજીખુશીથી વળાવે છે – ત્યારે મંછીનો પડછાયો જોઈનેય કેટલીક સ્ત્રીઓ તો ભાગતી – એવા મગનના અને મૂળે નવલકથાકારના વિધાન સામે પ્રશ્નાર્થચિહ્ન ખડું થઈ જાય છે.

નવલકથા એક જ ઉ અને ઈને સ્વીકારનારી નવી જોડણીથી છપાઈ છે. આ જોડણીના પક્ષમાં એવી દલીલ થતી રહી છે કે ઈ-ઉના વિકલ્પો ઘટતાં જોડણીની માથાકૂટ ઓછી થશે અને આપણે શુદ્ધ ભાષા લખતા-છાપતા થઈ જશું – એમ ન જ થાય એમ નથી કહેવું પણ આ નવલકથાની છપાઈમાં તો એવું નથી જ થયું. આમ થવામાં મૂળ હસ્તપ્રત, તેનું અક્ષરાંકન, તેનું પ્રૂફવાચન – આ બધી જ બાબતો જવાબદાર હોઈ શકે પણ ૨૦૯મા પાનાની પાછળ છપાવું જોઈતું ૨૧૦મું પાનું ૨૧૧મા પાનાની જગ્યાએ છપાયું છે – આ ભૂલ પણ છપાઈ વખતે બટરપેપરની પ્લેટ બનાવવાના કામમાં થઈ હશે – પણ આવી ભૂલો કોઠે ન પડી જાય એ જ ચિંતા અહીં કરું છું.

અંતે એક સારી કથા, તેની બીજી આવૃત્તિ વેળાએ ઉપરસૂચવી એ મર્યાદાઓથી મુક્ત થઈને, વધુ-સારી બને તેવી શુભેચ્છાઓ !

(દર્શક ફાઉન્ડેશનના ઉપક્રમે અપાયેલ વક્તવ્યનો સ્વાધ્યાય)

ㅋ

સાભાર ગ્રંથસ્વીકાર

નવલિકા

નીલગગનનાં પંખેરું : વિઠ્ઠલરાવ શ્રીમાળી, ૨૦૦૫, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પૃ.૧૨૬, ₹ ૭૦/-. **લજ્જા** : ચંદ્રિકા ચોહંસદ, ૨૦૦૫, પ્રકા. એમ.એમ. શેખ, ભાવનગર, પૃ.૫૭, ₹ ૪૦/-. **અમે (લઘુકથા)** : નસીમ/હરીશ મહુવાકર, ૨૦૦૫, પ્રીત પ્રકાશન, ભાવનગર, પૃ.૧૩૦, ₹ ૭૦/-. **નિશિનાયિકા** : કલ્પના વોરા-શાહ, ૨૦૦૬, જાલુ નવલ કાંગ મેમોરિયલ ટ્રસ્ટ (કલકત્તા) પૃ.૧૨+૧૯૨, ₹.૧૨૦/-.

નવલકથા

ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં : હિમાંશી શેલત, ૨૦૦૬, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ પૃ.૬+૧૫૬, ₹ ૭૦/-.

હસ્તપ્રતવિદ્યાના જિજ્ઞાસુઓ માટે માહિતીપ્રદ સંપાદન | કાન્તિભાઈ બી. શાહ

[હસ્તપ્રતવિદ્યા અને આગમસાહિત્ય : સંશોધન અને સંપાદન : સંપા. નિરંજના વોરા. ગુજરાત વિદ્યાપીઠ. ૨૦૦૧. પૃ ૧૪+૨૦૨. રૂ. ૧૨૫/-]

આ ગ્રંથ એ આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી જન્મશતાબ્દી નિમિત્તેના પરિસંવાદમાં રજૂ થયેલા સંશોધન-લેખોનો સંચય છે. આ પરિસંવાદનું આયોજન ગુજરાત વિદ્યાપીઠ દ્વારા ચાલતા આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા અધ્યયનકેન્દ્ર અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ વિષય પરના પરિસંવાદની પ્રસંગોચિતતા એ રીતે ગણાય કે શ્રુતોપાસનાને પોતાનું જીવનલક્ષ્ય ગણીને મુનિશ્રી પુણ્યવિજયજીએ જ્ઞાનભંડારોનો ઉદ્ધાર, હસ્તપ્રતોનું સંરક્ષણ અને આગમ-પ્રકાશન પાછળ પોતાનાં તમામ શ્રમ-શક્તિ કેન્દ્રિત કર્યાં હતાં.

અહીં ગ્રંથસ્થ લેખો મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચી શકાય : (૧) જૈન હસ્તપ્રતોનો અને મુખ્યત્વે ગુજરાતના હસ્તપ્રતભંડારોનો પરિચય કરાવતા લેખો. (૨) હસ્તપ્રતોના અભ્યાસનું સાંસ્કૃતિક-શૈક્ષણિક દૃષ્ટિએ મહત્ત્વ દર્શાવતા તેમજ કેટલાંક કૃતિસંપાદનોનો પરિચય કરાવતા લેખો. (૩) આગમસાહિત્યના સંશોધન-સંપાદન વિશેના લેખો.

પ્રથમ પ્રકારના લેખોમાં હસ્તપ્રતલેખન સંદર્ભે ઉપયોગમાં લેવાયેલી સામગ્રી, સંસાધનો, હસ્તપ્રતલેખનની પદ્ધતિઓ, હસ્તપ્રતોના વિવિધ પ્રકારો, હસ્તપ્રતોનું રૂપવિધાન, હસ્તપ્રતોની જાળવણી વગરે વિશેનો તેમજ જ્ઞાનભંડારો/સંસ્થાઓનો પરિચય ઉપલબ્ધ થયો છે.

બળવંત જાનીએ એમના લેખમાં હસ્તપ્રતોની યોગ્ય જાળવણી માટેનાં કેટલાંક મૂલ્યવાન સૂચનો કર્યાં છે. એમણે પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, ખંભાતના ભંડારો, અમદાવાદની લા. દ. ભા. સં. વિદ્યામંદિર સંસ્થા આદિનો કેટલોક ઇતિહાસ રજૂ કર્યો છે. સિદ્ધરાજ-કુમારપાળ જેવા રાજાઓએ ગ્રંથભંડારોની સ્થાપના અને જાળવણીના કાર્યમાં લીધેલા રસથી માંડી કર્નલ ટોડ, ફાર્બસ, બુલ્હર જેવા યુરોપીય વિદ્વાનો, વડોદરા રાજ્ય, સી.ડી. દલાલ, મુનિશ્રી પુણ્યવિજયજી વગેરે તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા થયેલી આ ક્ષેત્રની કામગીરીને અવલોકતો આલેખ અહીં રજૂ થયો છે.

ભારતીબહેન શેલતે 'હસ્તલિખિત પ્રતિઓની લિપિઓ' લેખમાં હડપ્પા અને મોહેં-જો-દડોમાંથી પ્રાપ્ત મુદ્રાઓ અને તામ્રપટ્ટિકાઓનાં લખાણોની લિપિનો પરિચય કરાવી ભારતમાં સૌથી વિશેષ પ્રચલિત એવી બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિમાં ઉત્પત્તિ-વિકાસની નોંધ લીધી છે. વિભૂતિબહેન ભટ્ટે ભો. જે. વિદ્યાભવનના હસ્તપ્રત-સંગ્રહનો સવિસ્તર પરિચય ઐતિહાસિક અભિગમ જાળવીને આપ્યો છે. ચંદ્રકાન્તાબહેન ભટ્ટ મુખ્યત્વે હસ્તપ્રતોના વિવિધ પ્રકારોનો, ચા. ઠા. સાવલિયા સચિત્ર જૈન હસ્તપ્રતોનો, વી. એલ. પંડિત હસ્તપ્રત-લેખનકળાનાં સંસાધનો અને સંરક્ષણનો પરિચય આપે છે. શ્રીધર અંધારે અને એસ. જી

કાંટાવાળાના અંગ્રેજી લેખોમાં તેમજ પ્રેમસુમન જૈનના હિંદી લેખમાં અનુક્રમે હસ્તપ્રતોનો ચિત્રાવલિ સહિતનો, હસ્તપ્રતોની જાળવણી વિશેનો અને જૈન પાંડુલિપિનો પરિચય મળે છે.

લેખોનો બીજો પ્રકાર હસ્તપ્રતઆધારિત કૃતિસંપાદનો વિશેનો છે. અહીં કૃતિનું સંશોધન-સંપાદન જ્યાં લેખકનું પોતાનું છે ત્યાં એ સંપાદનોમાં ઉપયોગમાં લીધેલી હસ્તપ્રતો, એની તુલના, પાઠભેદ, પાઠનિર્ણય વગેરેને આવરી લેતી સંપાદન-પ્રક્રિયાની તાસીર પણ એમાં જોવા મળે છે.

તપસ્વી નાન્દીનો 'ભરતનું નાટ્યશાસ્ત્ર : પાંડુલિપિ 'N' – એક સમીક્ષા' લેખ મહત્ત્વનો છે. અહીં એમણે 'ભરતનાટ્યશાસ્ત્ર'ની લિપ્યંતર કરેલી નેપાળની N પાંડુલિપિનો ગ્રંથના બીજા ભાગના સંદર્ભે વિચાર કરી એ લિપિ વિશે કેટલાંક મહત્ત્વનાં તારણો રજૂ કર્યાં છે.

નારાયણ કંસારાએ પ્રસિદ્ધ જૈનાચાર્ય બુદ્ધિસાગરસૂરિકૃત 'પંચગ્રંથી વ્યાકરણ'ના સંપાદનકાર્યમાં આરંભના મૂળ શ્લોકો પ્રાપ્ત ન હોઈને ગ્રંથની સ્વોપજ્ઞ વૃત્તિને આધારે મૂળ શ્લોકોની પુનઃરચના (Reconstruction) કરવાની થઈ એની કેટલીક રસપ્રદ માહિતી આપી છે.

કાન્તિભાઈ બી. શાહે સં. ૧૫૭૨માં જૈન સાધુકવિ સહજસુંદરે રચેલી મધ્યકાલીન ગુજરાતી કૃતિ 'ગુણરત્નાકર છંદ'ની પ્રાપ્ત હસ્તપ્રતોમાં મળતાં પાઠાંતરો અને પાઠનિર્ણય અંગે કેટલાંક રસપ્રદ દૃષ્ટાંતો ટાંકીને ચર્ચા કરી છે.

હરિપ્રસાદ શાસ્ત્રીએ હસ્તપ્રતોનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ સોદાહરણ દર્શાવ્યું છે. પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓને આધારે તત્કાલીન ઇતિહાસનું મહત્ત્વનું પગેરું સાંપડી શકે છે; જેમકે સિદ્ધરાજ સાથે સંકળાયેલી કેટલીક પરાક્રમ-ઘટનાઓ અને એનો સમય પુષ્પિકાઓનો આધાર લઈને નિશ્ચિત કરી શકાય છે. એ જ રીતે સાંસ્કૃતિક ઇતિહાસની વિગતો પણ એમાંથી પ્રાપ્ત થાય છે જેને આધારે જિનાલયોનાં સ્થાપત્યો, મૂર્તિઓ વગેરેના સમયની ઉત્તરમર્યાદા આંકવાનું સુગમ બને છે. પ્રિયબાળાબહેન શાહના લેખમાં પણ હસ્તપ્રતોનું આવું જ ઐતિહાસિક મહત્ત્વ દર્શાવાયું છે. પૂર્ણિમા ઉપાધ્યાયે એમના લેખમાં મહાભારતની સમીક્ષિત આવૃત્તિના હાથ ધરાયેલા પ્રયાસોનો સંક્ષિપ્ત ઇતિહાસ આલેખ્યો છે. સાથે ભારતીય સંસ્કૃત સાહિત્યના પ્રથમ પાઠસંપાદક ગણાયેલા મેક્સમ્યૂલરના પ્રારંભિક પાઠસંપાદનકાર્યનો પરિચય આપ્યો છે. ગોવિંદભાઈ મોદીના લેખમાં અમદાવાદની ભંડેરીપોળ વિસ્તારમાંથી આજથી લગભગ ત્રણસો વર્ષના ગાળાના ફારસી ખતપત્રોનો અભ્યાસ રજૂ કરાયો છે.

ત્રીજા પ્રકારના લેખો આગમસાહિત્યના સંશોધન-સંપાદન અંગેના છે. બંસીધર ભટ્ટનો લેખ 'હસ્તપ્રત-પ્રકાશન : મર્યાદાઓ અને અપેક્ષાઓ' મુખ્યત્વે આગમસાહિત્યને લક્ષમાં રાખીને લખાયો છે. લેખકે 'પ્રકાશન' શબ્દ 'editing'ના અર્થમાં પ્રયોજ્યો છે. પશ્ચિમના વિદ્વાનો અને સંસ્થાઓએ રસ લઈને જૈન આગમગ્રંથોનાં જે પ્રકાશનો કર્યાં છે એની ઘણી મહત્ત્વની માહિતી એમણે પૂરી પાડી છે. આવાં સંશોધન પ્રકાશનોમાં હેરમાન યાકોબી, એન્સ્ટ લોયમાન, શૂબ્રિંગ વગેરે નામો નોંધપાત્ર છે. વીસમી સદીના આરંભે ભારતમાં આગમપોથી-પ્રકાશનના જે કેટલાક પ્રયાસો થયા તેમાં સંશોધનની અપેક્ષાઓ

પર્યાપ્તપણે સંતોષાતી નથી એવી લેખકની ટીકામાં તથ્ય છે.

કે. આર. ચન્દ્ર અને વસંતકુમાર ભટ્ટ બન્નેના લેખોમાં મુખ્યત્વે આગમસાહિત્યની ભાષાના સંદર્ભે વિચારણા થઈ છે. બન્ને લેખકો માને છે કે મૂળમાં આગમની અર્ધમાગધી ભાષા એના શુદ્ધ સ્વરૂપમાં મળવાને બદલે એના પર મહારાષ્ટ્રી પ્રાકૃતનો ઘેરો પ્રભાવ પડેલો છે. એના મૂળ સ્વરૂપની ખોજ એક મોટી સમસ્યા છે અને એના પ્રતિષ્ઠાપનનો પ્રશ્ન મહત્ત્વનો છે.

કે. આર. ચન્દ્રે 'આચારાંગ'ની હસ્તપ્રતોને આધારે કેટલાક પ્રાચીનતમ રૂપોના પાઠો તારવી બતાવ્યા છે, તો વસંતકુમાર ભટ્ટ જૈનાગમોનાં પ્રાપ્ત પાઠાંતરોમાં પ્રાકૃત ભાષાનાં મળતાં વૈકલ્પિક રૂપોમાંથી સમયદૃષ્ટિએ પહેલા રૂપાંતરનો પાઠ સ્વીકારવાના મતના છે આ બન્ને ભાષાવિદોનાં મંતવ્યો, કદાચ મતાંતર હોય તોપણ, વિચારણીય અવશ્ય છે એમ કહી શકાય.

ગ્રંથના આરંભમાં કુમારપાળ દેસાઈનો 'આમુખ' તથા નિરંજના વોરા અને ચીનુભાઈ નાયકના લેખો મુનિશ્રી પુણ્યવિજયજીના જીવન અને એમની અવિરત જ્ઞાનસાધનાની ઝાંખી કરાવે છે.

આજે જ્યારે જૂની હસ્તપ્રતોનાં સંશોધન-સંપાદન પ્રત્યેની રુચિ ઓસરતી જાય છે અને જે કંઈ કામ થાય છે તેમાં પણ પદ્ધતિપૂર્વકનું કેટલું તે એક કોયડો છે ત્યારે, હસ્તપ્રત-વિદ્યાના જિજ્ઞાસુઓ માટે આ એક માહિતીપ્રદ અને ઉપયોગી સંપાદન બની રહે છે.

'ઈઓ' – એકવીસમી સદીના માનવની સંવેદના ઝીલતી સમૃદ્ધ કવિતા | યોસેફ મેકવાન

[ઈઓ : પ્રવીણ દરજી, રન્નાદે, ૨૦૦૫, પૃ. ૯૨, કિં. રૂ. ૬૫]

હમણાં પ્રવીણ દરજીના ત્રીજા કાવ્યસંગ્રહ 'ઈઓ' [IO]માં એક ઝબોળો માર્યો અને.. મનજળ પર વિચારો તરંગાતા-વર્તુળાતા' રહ્યા...

વિવેચન, લલિતનિબંધ, શિક્ષણ, હાસ્ય, અનુવાદ, પ્રૌઢ-બાળસાહિત્ય સંપાદન વગેરેમાં પ્રદાન કરનાર પ્રવીણ દરજીએ આ પહેલાં 'ચીસ' અને 'ઉત્સેધ' નામક કાવ્યસંગ્રહો આપ્યા છે. ઉત્તમ લલિત નિબંધો, સ્મરણીય પ્રવાસ નિબંધો અને ઊર્મિના તરંગો પર લહેરાતા વિચારાત્મક-ચિંતનાત્મક નિબંધો એમને આપણા સમયના એક ઉત્તમ નિબંધકાર ઠેરવે છે આ બધાં સર્જનો સાથોસાથ તેમની ભીતર વહેતું નિત્ય કાવ્યઝરણું પણ કવિતામાં એક નૂતન આબોહવા લઈ આવે છે. કાવ્યવસ્તુ અને એને અનુરૂપ કાવ્યભાષા, ગદ્યલય અને બોલચાલની બાનીના શબ્દપ્રયોગો એમના સંવિત્‌માં નીતર્યાં નીર જેવાં છલકાય છે. પ્રજા-પ્રજા વચ્ચેના વાડા-સીમાડા તૂટી રહ્યા છે. દેશ-વિદેશની સરહદો વધુ સાંકડી બની રહી છે, ત્યારે જે રીતે વાસ્તવ જીવન અમળાઈ આકાર લઈ રહ્યું છે, તેના નવાં ભાવકલ્પનો - પ્રતીકો - રૂપકો વડે અવતરિત આ કાવ્યોમાં કવિનું સર્જનકર્મ સહૃદયી ભાવકોનું વિશેષ રૂપે ધ્યાન ખેંચે છે. પરંપરા અને આધુનિકતાનો રમણીય સમવાય અહીં છે. લખેલું ફરી ...ે લખ્યા કરતા ઘણાં કવિઓ વચ્ચે આ નવો-નોખો સૂર છે. અનેક સંદર્ભો લઈ ચાલતી કવિતા વાચને વાચને જામનો નશો ચઢાવે છે.

આ સંગ્રહના આરંભે કવિએ નોંધ્યું છે કે એક પોલીનેસ મિથમાં 'ઈઓ'નો નિર્દેશ છે. તેમાં સૃષ્ટિના સર્જન વિશેનો ખ્યાલ નિહિત છે. સાથે વિચાર અને શબ્દનો પણ તેમાં મહિમા છે.

ઈશ્વરના વીર્યવાન શબ્દોથી આ જગત અસ્તિત્વમાં આવ્યું. આપણે ત્યાં ભારતીય સંસ્કૃતિમાં પણ વેદો-ઉપનિષદ્‌ના ઋષિઓએ પણ શબ્દ અને વિચારની એ પરમશક્તિનો પરિચય કરાવ્યો જ છે. આમ, 'ઈઓ'ની આ રચનાઓનું વિશ્વ આવી કોઈ મૂળ સંવેદનાઓથી સર્જાયું. એ કવિનું સંકેતસૂચન. આનો અર્થ એટલો કે વિચારજન્ય – ઊર્મિજન્ય શબ્દો વડે બનેલી ઘટના તે કાવ્ય. કવિતાના અર્થવલયો અને આંતરગતિને પામવાં અકળ છે. પણ સરવાળે એ આનંદથી રોમાંચિત કરનારી કળા છે. આ અર્થમાં 'ઈઓ'ની રચનાઓમાં કવિ પ્રવીણ દરજીનું સંવિત અને શક્તિ સુપેરે પ્રકટ્યાં છે.

'ઈઓ'ની પ્રથમ રચના 'રંગલાજી, રંગ લાવો જી' અને અંતિમ રચના "ચાચર ચોકમાં" ભવાઈના વેશના લય-લહેકામાં અને પરિવેશમાં આલેખાયા છે. એમાં રચાતાં દૃશ્ય પ્રતિરૂપોથી અને શ્રાવ્ય પ્રતિરૂપોથી પ્રત્યક્ષ થતું જીવન એટલે જાણે ભવાઈની ભવાઈ ! ભવાઈના વિસરાયેલા સ્વરૂપને આ રીતે સ્થળ અને સમયના નૂતન સંદર્ભો સાથે એક જુદા જ આયામ પર મૂક્યું એ એમનું કવિકર્મ. મનુષ્યમનમાં જે અનેક તુચ્છતાઓ, ક્ષુલ્લકતાઓ પડેલી છે જેથી તે પીડાય છે, મૂંઝાય છે, એનાં અહીં પ્રતીકાવ્યક્ત – ભાવાત્મક રૂપો આલેખવામાં કવિની કારયિત્રી પ્રતિભા ઓળઘોળ ખીલી છે ! આપણે રમતમાં બધાં જ પાનાં ખોલી નાખીએ તો રમતની મજા ક્યાં રહે ? આ અર્થમાં કવિને ઈશ્વર સમકક્ષ સર્જક કહ્યો છે. એટલે ભાષાની ભિન્ન ભિન્ન લયભંગિ દ્વારા પોતાને અભિપ્રેત એવો અર્થ તે તાદૃશ કરે છે ! એ આપણી – સહૃદયીની – ભાવયિત્રી પ્રતિભાને ઝંકારે છે. આ બન્ને રચનાઓમાં મિથનો – પુરાકલ્પનનો – સબળ ઉપયોગ સધાયો છે. મનુષ્ય-યાતનાની નિયતિનું સિસિફસનું મિથ સરસ રીતે વણાયું છે :

ઊંચી ટેકરી, પથ્થર ભારે
દિન-રાત બસ કરે મથામણ, પરસેવે તો ન્હાતા જી...
ચઢે માંડ પથ્થર ટોચે ત્યાં તો ગબડે પાછો નીચે જી...
ઉપર નીચેના, નીચે ઉપરના હડસેલા એમ હાલે રે... (પૃ. ૨)

– એમ સંદર્ભમાં આવતાં અન્ય મિથ પણ કલાદેહ ધારણ કરી આપણા ચેતાતંત્રને રણઝણાવી કાવ્યાનંદ આપે છે. એકવિધતા ભરેલા આ જીવનથી હવે છૂટવું જોઈએ ! કાવ્યમાં વારંવાર આવતી નીચેની પંક્તિઓ આ ભાવને ઘૂંટે છે :

કંઈક તો નવું લાવો જી
રંગલાજી, રંગ લાવો જી (પૃ. ૨)

અંતિમ કાવ્ય "ચાચર ચોકમાં" જીવન વિના ભજવાતી આ ભવાઈને પ્રત્યક્ષ કરી આપે છે :

ભૂંગળ બાજે પોલી રે...
ચાચર ચોકમાં કોઈ નવિનો વેશ થાય ને
વેશ મહીં કોઈ હાજર નહીં ! (પૃ. ૩)

આમ, 'ચાચર ચોકમાં' કાવ્યની અંતિમ પંક્તિઓ કવિદર્શનના સારગર્ભ જેવી છે જે આ સંગ્રહની અન્ય રચનાઓના ધ્વનિને પણ ઉજાગર કરે છે :

રંગ વિનાનો રંગલો નીચે, ભાવન વિનાની ભવાઈ
ચાચર ચોકમાં ચાંચડ બેઠા, ઊડવા પર છે તવાઈ
તા તા થઈ તાતા થઈ થઈ, તક્ ધીનાધીન તક્ (પૃ. ૯૦)

અર્વાચીન સમાજને, તેમાં ચાલતા માનવવ્યવહારને તેના યથાર્થ પરિપ્રેક્ષ્યમાં મૂલવતો આ કાવ્યસંગ્રહ કવિનું જીવનદર્શન સૂચવે છે. વર્તમાન જીવનની બદીઓ, ખામીઓ, છીછરાપણું, સ્વાર્થીપણું, આપમોટાઈ, ટૂંકી દૃષ્ટિ.. વગેરે જેવાં અનિષ્ટોથી જીવનમૂલ્યોનો જે હ્રાસ થયો છે, તેનાં ભાવપ્રતીકો કાવ્યસંરચનામાં ઓતપ્રોત થયેલા અનુભવાય છે. સમગ્ર જનસમાજને સંભળાવતાં એ કહે છે કે –

કરમ ફૂટ્યાની કડવી વાતો કરી કરી સૌ થાક્યા
અડધું જીવીએ, અડધું મરીએ, લખ લખ જન્મો ભાગ્યા. (પૃ ૮૭)

આમ, પ્રથમ અને અંતિમ કાવ્યના આંતર-બાહ્ય રૂપથી જે ચિતાર ખડો થાય છે તે આહ્લાદક છે. તે વાંચતાં સહૃદયીમાં રહેલા સ્થાયી ભાવો સળવળી ઊઠે છે ને સંસારી ભાવો તેમાં સંતાકૂકડી રમે છે ! આ વાત "ઈઓ"ની હર કવિતામાં ઉજાગર થયેલી જોઈ શકાય છે. એ જ કાવ્યાનંદ, એ જ કાવ્યાનુભૂતિ !

બીજો વિચાર.. "ઈઓ"ના પ્રથમ અને અંતિમ.. વચ્ચે ઊઘડેલા કાવ્યજગત વિશે. ફૂટ્યો અને પછી સળંગ..!

'ચાલ્યા કરું છું.'માં કોઈ અજ્ઞાત તર્જનીના સંકેતથી ચાલ્યા કરતા વિશ્વના વિકસિત લોકો કોઈ સ્વપ્નના દેશ પ્રતિ પગલાં ભરી રહ્યા છે, આ સતતની પ્રક્રિયા છે, જે અટકવાની નથી, કમ થવાની નથી એ નિર્દેશ છે. તો સામે છેડે "કારણ કે" કાવ્યમાં અવિકસિત લોકો "વ્યવહારના કિનખાબી ઝભ્ભા" ચડાવીને ઘસી રહ્યા છે. દરેક સમાજનો બહુધા ભાગ સામાન્ય સ્તરથી પણ નિમ્નસ્તરે જીવન વ્યતીત કરે છે, તેનું દર્શન છે. "કારણ કે લોકો લોકો જ છે." એ આરંભિક પંક્તિ જ અંતિમ ઉદ્‌ગારમાં આવતાં એવા લોકોની સ્થગિતતા-ગતિહીનતાનું હૃદયસ્પર્શી ચિત્રણ અંકિત કરે છે.

'છલ', 'સ્વયં અગ્નિ', 'લહેરી લાલો', 'નકશો' વગેરે જેવી રચનાઓમાં પ્રતીકાત્મક આવતાં મિથનું નિરૂપણ ભાવ અને કથયિતવ્યને સંવાદી બનાવે છે. તેથી તે ચિત્તાકર્ષક બને છે. મહાભારતનાં પાત્રોના સંદર્ભો જીવનવ્યાપ્ત આભાસી સત્યમઢ્યા છલનું જીવંત ચિત્ર અંકિત કરે છે. માનવ અંદરથી તો સ્વયં અગ્નિ સમો છે... જો તે જાગૃતિ અનુભવે તો સાચો બની શકે ! એ ઝંઝાવાતો સામે ટકરાય પણ ટોળાનો માણસ નહીં બની શકે એવો સૂર ભાવકને સંભળાયા વિના રહેતો નથી. 'લહેરી લાલો'માં સંકુલ જીવનનો ચિતાર આપતાં 'ઈશ્વર' છે એમ સમાધાન સાથે માણસે અંતે સ્વીકારવું રહ્યું..

જિંદગી ઈશ્વરે એની મરજીથી આપેલું બંધ કવર છે.
એને ખોલવાનું નથી તેમ એ આપણી સંપત્તિ નથી.
એને સાચવી રાખીએ એ જ ગનીમત. (પૃ. ૧૫)

'નકશો' કાવ્યમાં કવિ ભારતનો નકશો નિહાળે છે. એ વેળા કવિચિત્તમાં સંચિત લા દેશોના સાંસ્કૃતિક ધાર્મિક વારસાના ભાવો એ નકશાને 'નકશી'માં પરિવર્તિત કરે પછી એ માત્ર નકશો ન રહેતાં દેશનો એ જીવનાધાર છે, એવું ફલિત થાય છે. અહીં ધાં-સાદાં કથાનકો પ્રતીકાત્મક રૂપે રચાઈ ભાવજગતને ઝંકૃત કરે છે. આ જ ભાવ સામે ાથી 'શિક્ષક' કાવ્યમાં વ્યંગ-કટાક્ષરૂપે આલેખે છે. તેમાં કારુણ્ય છે.

સ્થળવિષયક કાવ્યો 'મસૂરી', 'મુંબઈ ચેતા' અને 'મુંબઈ' જેવી રચનાઓમાં જ્વારોપણ, ઉપમા, રૂપક જેવા અલંકારોથી જે અર્થ નિપજાવે છે, તે સાદર આત્મીયતા માંગે છે. વિચાર અને કલ્પનાનો તાલમેળ સહજ સધાયો હોવાથી આસ્વાદ્ય બને છે.

મસૂરીને ઈશ્વરના ડ્રોઈંગરૂમનું રૂપક આપી કવિએ મસૂરીના ઐશ્વર્યનો અચ્છો પરિચય ાવ્યો છે. તો 'મુંબઈ'ને અધૂરા માસે અવતરેલા બાળક જેવું કહી વ્યંગાત્મક ધ્વનિથી લું બધું ઇંગિત કરી દીધું છે !

'આ ટેબલ', 'આ ચશ્માં', 'વાતો થયા કરે છે', 'કહો શું ?', 'કહો જોઈએ', 'ભાડૂત' રે જેવા સામાન્ય વિષયોમાંથી કે પ્રસંગોમાંથી જીવનના અંતરતમને સ્ફુટ કર્યું છે. ભેદ્યયુક્ત વાણી દ્વારા ક્યારેક સરળ તો ક્યારેક સંકુલ લાગતા જીવનની વ્યથા-કથા ત્મક ઉક્તિઓ દ્વારા નિરૂપાઈ છે. ત્યારે થાય કે કવિતા ક્યાંથી ક્યાંથી આંપણી પાસે વે છે ! કાવ્યસંસિદ્ધિનો કવિનો પોતાનો જ કહી શકાય તેવો આ તરીકો છે.

આ સંગ્રહમાં પ્રગલ્ભ પ્રણયોર્મિનાં કાવ્યોનું પણ સ્પર્શક્ષમ શૈલીમાં સંવેદ્ય આલેખન , છે. પ્રેમમાં વિષાદ અને આનંદનો અંગત અનુભવ આપણા ભાવવિશ્વને ભર્યું ભર્યું છે. 'કેવળ તું'માં સ્મૃતિઓથી ઘેરાતો વિષાદ સુપેરે પ્રતિબિંબિત થયો છે. પહેલાં કેવો વસંવાદ હતો એનું આ ચિત્ર જુઓ –

દરિયાકાંઠે તેં કહેલી વાતોની હજ્જ્ય છાલકો વાગ્યા કરે છે.
દૂર ફ્લેમિંગોની હાર ઉપર હાર અને સામે માત્ર આપણે બે !
એક ચાંચમાં બીજી ચાંચ અને અધખૂલી આંખ ને ચાર પાંખનું. (પૃ. ૩૪)

પછીની સાત પંક્તિઓમાં ઉત્કટ મિલનનો ક્રિયાત્મક શૃંગાર સઘન રીતે આલેખાયો કાવ્યાન્તે એકલતાની ભીંસ 'કેવળ તું'ની ઉક્તિમાં અનુભવાય છે !

પછી એ સ્મૃતિ જ્યારે જીવવાનું આલંબન બની રહે ત્યારે તે કલરવતું પંખી બની ે એની પ્રતીક્ષા છે. ત્યારે સ્મરણો ચઢે છે. પ્રથમ મિલનની ક્ષણ... એની તાજપભરી ભિવ્યક્તિ જુઓ–

જે દિવસે આપણે પરસ્પરની આંખોની પૂતળીઓની અદલાબદલ કરેલી
એ દિવસે જ આપણાં ચશ્માંસ્થો સાવ્ય બદલાં હતાં (પૃ. ૩૩)

બે હૃદયોના અદ્વૈતના આ નિરૂપણમાં પ્રેમની પરાકાષ્ઠા છે ! એના રસની માત્રા 'ત્યાં કાવ્યમાં સંયત છતાં ધારદાર રીતે આલેખાઈ છે–

આ સુવાસિત વક્ષસ્થળ અથવા તો માર્દવનું મંદિર
આ હૃદયનું એ જ તો લીંપ્યું-ગૂંપ્યું આંગણ, એ જ ભ્રમણરેખા. (પૃ. ૩૪)

પરંતુ આ સ્પર્શ પૂર્વેની માનસિક અવઢવને કવિ સિફતથી શબ્દદેહ આપે છે, ત્યારે ાં રોમાંચમઢ્યો વિસ્મય લાખ્ખો વીણાના રણઝણતા તારની અનુભૂતિ જન્માવે છે ! પ્રથમ

વાર' કાવ્યમાં કામદીપ્ત અમૂર્ત ક્ષણોનું મધુરતમ કલેવર રચી રહે છે :

તું
અનાવૃત્ત દેહને આચ્છાદિત કરવા મથ્યા કરે
અને હું
અંબર કસ્તૂરીધૂપ થઈ આવૃત્ત-અનાવૃત્તની સીમાને
ઓગાળતો રહ્યો હતો. (પૃ. ૬૭)

કામસંતૃપ્તિના આ અનુભવને કવિ ઈશ્વરની અનુભૂતિમાં મૂકે છે. 'ત્યારે' કાવ્યમ આ જ ભાવ ઘૂંટાઈને આવે છે –

સંવનનની ચરમકક્ષાને પ્રગટ કરતું એ ધારદાર કલ્પનમાણો,
કાંઠા પર આવી પડેલી મત્સ્યનો તરફડાટ
ઊંડા શ્વાસોની ધમણ : કરોડો, કમળના કંપ.

વિકસતી જતી ગ્લોબલ સંસ્કૃતિના આ સમયમાં દામ્પત્યપ્રેમના કુટુંબ-ભાવનાન આછ્યાં નીર વિલાતા જાય છે. વિજ્ઞાનનાં આધુનિક ઉપકરણોએ જીવનમૂલ્યોમાં ધરમૂળથ પરિવર્તન આણ્યાં છે. રોજિંદા જીવનની પળોજણોએ અને પોતાને માટે જ જીવી લેવાન લીપ્સાઓએ પરંપરાથી ચાલ્યા આવતા આદર્શોના છોતરે છોતરાં કાઢ્યાં છે બેસૂમાર ભૌતિ સમૃદ્ધિ જાણે અભિશાપ બની ગઈ છે. દેશ-વિદેશે ચાલી રહેલી વૈશ્વિકીકરણન (ગ્લોબલાઇઝેશનની) પ્રક્રિયાએ જીવનની નક્કર–કઠોર વાસ્તવિકતા ખડી કરી છે વ્યવહારોની, સંઘર્ષોની, સંસ્કૃતિઓની, રૂઢિઓની, સંબંધોની રચી દીધી છે માયાજાળ એમાંથી કોઈ બાકાત રહી શકે એમ નથી. બધા વચ્ચે 'વિભક્ત અને અવિભક્ત અ વિભક્ત'નું વિષચક્ર ચાલ્યા કરે છે. આ સઘળામાંથી તરીને લક્ષ્યને પહોંચવું – પરસ્પ પ્રેમ કરવો – અશક્ય નહિ તો દોહ્યલું તો છે જ ! એટલે શ્રદ્ધાથી કવિ કહે છે –

હું મને ચાહું છું.
અને તેથી
હું તને બેસુમાર ચાહું છું. (પૃ. ૭૪)

'તેથી' કાવ્યની આ અંતિમ પંક્તિઓમાં કવિનું અંત સત્ત્વ વિશિષ્ટ અને અભિન રૂપે ઊઘડ્યું છે ગદ્યલય અને ગદ્ય-ભાષા પારસ્પરિક ઓતપ્રોત થઈ અર્થઘટનોનું આપણામ જે ઓવરલેપિંગ કરે છે, પછી જે સંયોજન રચે છે તે ટેક્નિક કવિતાને જીવંત બનાવે છે કવિની કાવ્યસંવિધાનકળાની શક્તિનો આ ઉત્તમ નમૂનો છે ! સામાન્ય અને અકાવ્યાત્મ પદાર્થોનો પરસ્પરનો સંબંધ રચી કલ્પનાના માધ્યમ દ્વારા જે કાવ્યાત્મકતામાં રૂપાંતર ક છે એ સરાહનીય છે. તેથી આ કાવ્ય આપણા અનુભવજગતનું પુનઃ ગ્રથન કરી આપણ અસ્તિત્વને ઝંકોરે છે !

વ્યક્તિપ્રેમની સાથે સાથે કવિએ માનવપ્રેમનીય ખેવના સેવી છે. જાતિ-જાતિ વચ્ચેન વર્ગ-વર્ગ વચ્ચેના, દેશ-દેશ વચ્ચેના લોહિયાળ વિગ્રહો-સંઘર્ષો વડે ક્યારેય મનુષ્યજાતિ શુભ થવાનું નથી, કલ્યાણ થવાનું નથી. પરસ્પરની ચાહના જ તેને અનેક પ્રકારના આતંકથી ઉગ્રવાદથી ઉગારશે આ જાણવા છતાં શું થાય છે અહીં ? કવિ કહે છે – 'એ ક્ષણે' કાવ્યમા

જાણું છું કે –
ચાહવું એ કપરી, અતિ કપરી બાબત છે.
છતાં
ચાહવું એટલે જ જીવવું.
એક વૃક્ષની જેમ, નદીની જેમ, પંખીની જેમ. (પૃ. ૮૧)

વૃક્ષ–નદી–પંખીનાં ઇંગિતો વ્યંજનાથી કેટકેટલું સમજાવી દે છે ! પણ એવું ક્યારે થાય ? કાવ્યમાં આગળ નાર્સિસસના મિથનો સબળ ઉપયોગ કરી કવિએ તાક્યું તીર માર્યું છે । બધો વ્યામોહ છૂટે ત્યારે... મનને નીરવ શાંતિનો આનંદ મળે । એ આનંદ સર્વત્ર હોય... ગાવાનો.. નાચવાનો, કૂદવાનો... સીટી વગાડવાનો... પણ માનવની નિયતિમાં આ નથી ! 'ચાહો કે તજો' કાવ્યમાં કહે છે –

ચાહો, તજો ને તજો ચાહો
આ જ એક નિયતિ છે યાર ! (પૃ. ૫૧)

માનવના હાથમાં ઘણું બધું છે અને છતાં નથી કેમ કે તેનો સૂત્રધાર છે નિયતિ !

– આમ 'ઈઓ'નાં કાવ્યોમાંથી પસાર થતાં સાંપ્રત સમયમાં બદલાયેલા અને બદલાયે જતા માનવના મનનો ટળવળાટ, સંતાપ, સંઘર્ષ, ક્ષુબ્ધતા, સંવેદનશૂન્યતા... વિચારશૂન્યતા વગેરેના આકારોનું કોલાજ ચિત્તમાં રચી રહે છે.

અનેક રીતે ભાવાભિવ્યક્તિ સાધતી 'ઈઓ'ની આ રચનાઓ ભાષાના બોલચાલના પ્રયોગો, તળપદા શબ્દોનો યથોચિત ઉપયોગ, ઇન્દ્રિયવ્યત્યય, અને ભાવવ્યત્યયનો તાલમેળ ભાવને-લાગણીને દઢાંકિત કરતાં રમ્ય કલ્પનો, રચનારીતિનું વૈવિધ્ય વગેરેથી સહૃદયી ભાવકને પોતીકી લાગશે. વિજ્ઞાનની રૉકેટફાળ વચ્ચે એકવીસમી સદીના મનુષ્યનાં હૃદયસંદનોનો આલેખ-ગ્રાફ 'ઈઓ'માં જે રીતે આપણી સમક્ષ સક્ષમરૂપે આવે છે, તે જોતાં પ્રવીણ દરજી ઉત્તમ નિબંધકારની સાથે ઉત્તમ કવિ પણ છે તેની પ્રતીતિ કરાવે છે.

લલિત નિબંધના સર્જક પ્રવીણ દરજી અહીં એક બીજે છેડેથી વાણીને ખોજીને આપણા સમયના માનવીની સંવેદનાને કાવ્યમાં જે રીતે રૂપાંતરિત કરી આપે છે અને વિચાર-શબ્દના યુગપદ વૈભવમાંથી જે આનંદવિશ્વનું નિર્માણ કરે છે એ બિના તટસ્થપણે જોતાં અનેકશઃ ધ્યાન ખેંચનારી બની રહી છે. 'ઈઓ' વર્તમાન કવિતામાં એક નવા ઉછાળનો અનુભવ કરાવે છે.

એક સ્વપ્નિલ રેખાંકનયાત્રા | જય પંચોલી

[રેખાંકન : રસિકલાલ ન પરીખ, લેખન-સંકલન : ઊર્મિ પરીખ, અનડા બુક ડીપો, અમદાવાદ, કિંમત : ૩. ૩૦૦]

કેટલીક વ્યક્તિઓ – વ્યક્તિવિશેષો જાણે કે ઈશ્વરનાં વરદાન પામેલી હોય છે. એમની દૃષ્ટિ, એમની વૃત્તિ, એમનું ચિંતન, અભિવ્યક્તિ વગેરે સૌના હૃદયની આરપાર ઊતરે એવાં – સૌના હૃદયભાવોને વાચા આપવા જ જાણે પ્રગટ્યાં હોય...

પ્રસિદ્ધિ કે સંપત્તિનો ચળકાટ નહીં... ઋજુતા–સાદગી અને સરળતાનું તેજોદર્શન. તેમને મળતી તમામ વ્યક્તિને થાય. અપાર સ્નેહ-પ્રેમ નિરંતર અનુભવાય... સર્જનક્રિયા એ કલાકાર માટે ખરે જ, એક આનંદ-યાત્રા બની રહી હોવી જોઈએ.. જાણે કોઈ એવા ત્રિપાર્શ્વ કાચમાંથી જોઈએ અને મેઘધનુષ્યના સાતેય રંગો છલકાઈ ઊઠી – મહેંકી-મહોરી ઊઠે... એવું જ કંઈક "રેખાંકન" પુસ્તકને જોતાં જ અનુભવાય. પ્રસન્ન થઈ ઝૂમી ઊઠીએ.

લેખિકા-કલાકાર સુશ્રી ઊર્મિ પરીખ પિતા અને ગુરુ રસિકલાલ પરીખને ઉત્કૃષ્ટ ભાવ સહ ભાવાંજલિ અર્પે છે. આ અગાઉ તેમનું પહેલું પુસ્તક "કલાગુરુ રસિકલાલ પરીખ" જે ૬ મહિના પછી અપ્રાપ્ય બન્યું... એ શ્રેણીનું આ બીજું પુસ્તક કહી શકાય જેમાં સંખ્યાબંધ ડ્રોઇંગ – સ્કેચ – કમ્પોઝિશન – ઇલસ્ટ્રેશન સમાવીને સંકલનને વધુ ઉત્કૃષ્ટ બનાવ્યું છે 'રેખાંકન' નામકરણથી જ પુસ્તકનાં મૂલ્ય – હેતુ – ઉપયોગિતા સુપેરે સ્પષ્ટ થાય છે એક વાત અવશ્ય નોંધવી જોઈએ કે : આપણે ત્યાં શરૂથી જ ઇલસ્ટ્રેશન – પ્રસંગચિત્રો માટે કલાકારોની નજર ગઈ નથી. જે છૂટાં-છવાયાં થયાં તે. જરૂરિયાત મુજબ જ એમાં સૌ પ્રથમ કલાગુરુ શ્રી રવિશંકર રાવળે કલમ ચલાવી અને એના પૂર્ણ વિકાસનું શ્રેય શ્રી રસિકલાલ પરીખને જ અપાય. એ રેખાંકનો અગત્યની દસ્તાવેજી નોંધ જેવાં છે રહેશે.

સમગ્ર પુસ્તકમાં રેખા-કલમ-પ્રસંગનું લાવણ્ય–પ્રભુત્વ જ ઠેર ઠેર વેરાયેલુ અનુભવાય. કેટકેટલા પ્રયોગો–ટેક્નિક-શૈલીમાં એમની કલમ ઉત્કૃષ્ટ શિખરો સર કરતી આનંદ અર્પતી અનુભવાય. રેખાંકનો – સ્કેચ – પોટ્રેટ – ઇલસ્ટ્રેશન ભરપૂર માત્રમાં ઉપલબ્ધ થવાથી આ પુસ્તક એક રેફરન્સ બુકની કક્ષા પ્રાપ્ત કરી શક્યું છે

નોંધપાત્ર ઘટના એ છે કે : ૧૯૪૦થી ૧૯૫૫ દરમિયાન વિપુલ પ્રમાણમાં ઇલેસ્ટ્રેશન વર્ક કર્યું એમાં માનવદેહની આકૃતિઓ સપ્રમાણ–નમણી સુંદર જોવા મળે છે. રેખા સંવેદનશીલ છે તો રેખાચિત્રો સંપૂર્ણ ચિત્રની કક્ષાનાં પૂર્ણ આયોજન યુક્ત છે. આલેખન તો ઘણા બધા કરી શકે પરંતુ આવું સરળ – સુરેખ – સુંદર રચના-કૌશલ્ય તો સાચા સર્જકની દૃષ્ટિમાં જ સંભવે.. રેખાંકનોમાં વિવિધ લાક્ષણિકતાઓનો સહજપણે સમાગમ થયેલો છે. અવકાશ તથા ત્રિપરિમાણ ધરાવતાં સ્વરૂપોને સમજવા માટે, અભ્યાસ સાથે કરેલાં રેખાંકનોમાં છાયાપ્રકાશની રમતને મહત્ત્વ અપાયું છે. રાજકારણ તથા સાહિત્યની વિખ્યાત વ્યક્તિઓના ચહેરા–પોટ્રેટના ચિત્રણમાં તેમની પહેચાન – ખાસિયત મળે તેવી આબેહૂબ આકૃતિ માટે જરૂરી રેખાઓનો વિવેકપૂર્વક વિનિયોગ એ એમની આગવી સિદ્ધિ જ લેખાય.

ઝીણાભાઈ કેસાઈ (સ્નેહરશ્મિ)ના ગુજરાતી "સાહિત્ય મલ્લાર", ઠેતિહાસ "ભારત ઇતિહાસ સોપાન" અને અનેક પ્રકાશકોનાં પ્રકાશનો – પાઠ્યપુસ્તકોમાં ખૂબ મોટી સંખ્યામા સુઘડ–સુંદર–ભાવવાહી–હેતુલક્ષી–વૈવિધ્યપૂર્ણ આકૃતિઓ, વ્યક્તિચિત્રો, પ્રસંગચિત્રો અને સ્થળચિત્રોનાં રેખાંકનો નિષ્ઠા-જહેમતથી કર્યાં.

આવું વૈવિધ્યસભર – નમણું – નાજુક પુસ્તક પ્રગટ કરવા બદલ અનડા પ્રકાશન અને સુશ્રી ઊર્મિ પરીખને હૃદયનાં અનેક અભિનંદન.

આ પુસ્તક આર્ટ પેપર પર છાપવાને કારણે કિંમતની દૃષ્ટિએ થોડું વધુ કહેવાય. મત મુજબ "વધુ ને વધુ વિદ્યાર્થીઓ સુધી આ ખજાનો પહોંચાડવાનો ઉદ્દેશ

છે." ત્યારે સૂચન કરવાનું મન થાય કે : પુનર્મુદ્રણ – રીપ્રિન્ટ વખતે આર્ટ પેપરને બદલે સારી ક્વૉલિટીનો અન્ય પેપર લેવાથી કિંમતમાં ઘટાડો કરી શકાય.

અંતમાં કહેવાનું મન થાય કે :

"ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ,
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના."

સુંદર પ્રકાશન બદલ સુશ્રી ઊર્મિબહેન પરીખને ફરી ફરી હૃદયનાં અભિનંદન.

□

સાભાર ગ્રંથસ્વીકાર — પ્રકીર્ણ

શેક્સપિયરના રંગકર્મીઓ (અનુવાદ) અજિત સરૈયા, ૨૦૦૫, એન. એમ. ઠક્કરની મુંબઈ, પૃ.૧૩૨, રૂ.૧૦૦/-. તમારાં અક્ષાંશ તમારો રેખાંશ તમારું કર્મ : અજિત સરૈયા, ૨૦૦૫, એન. એમ. ઠક્કરની કંપની, મુંબઈ, પૃ.૧૬, રૂ ૧૨૫/- બોલતાં સારસ : રસિકલાલ દવે, ૨૦૦૫, પ્રકા. લેખક પોતે, પૃ.૧૩૨, રૂ. Nil. બાળઉછેરમાં બાળસાહિત્યનું સ્થાન : ઈશ્વર પરમાર, ૨૦૦૫, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પૃ.૫૪, રૂ ૩૫/-. ફિલસૂફીની આસપાસ : માવજી કે. સાવલા, ૨૦૦૫, અક્ષરભારતી ગ્રંથભંડાર, ભૂજ, પૃ.૬+૧૧૮, રૂ ૬૦/-. સફર... ચર્ચગેટથી બોરીવલી : જિતેન્દ્ર પાસડ, ૨૦૦૬, નિશર પ્રકાશન (મુંબઈ), પૃ. રૂ ૨૦/-. શ્રુતસેવી શ્રી લક્ષ્મણ ભોજકના સાંનિધ્યમાં : રસીલા કડિયા, ૨૦૦૬, પ્રકા. ચંદ્રકાન્ત કડિયા, અમદાવાદ, પૃ.૧૨+૧૭૨, રૂ. ૨૦૦/-. અમર જ્યોતને પંથે : હિંમતલાલ મુલાણી, ૨૦૦૬, અમર જ્યોત એજ્યુ. ટ્રસ્ટ, પાલનપુર, પૃ. ૨૪૮, રૂ Nil. સાસુજીના ભાવ અને ભીંજ્ય રે : પુરુરાજ જોશી, ૨૦૦૬, સંવાદ પ્રકાશન, વડોદરા, પૃ. ૮૫, રૂ. ૭૦/-. પૈડાંવાળી ખુરશી : નસીમા હુરજૂક, અનુ. કિશોર ગૌડ, ૨૦૦૬, ગંગાબા પરિવાર પ્રકાશન, અમદાવાદ, પૃ.૨૪+૩૦૦, રૂ. ૧૫૦/-. ધી લાઇફ ડીવાઇન : પ્રો. વિ. આર. પાઠક, ૨૦૦૬, પ્રકાશક, લેખક પોતે, પૃ ૧૬+૫૭૨, રૂ.૧૫૦/-. બાળકો કેઈ રીતે શીખે છે : અનુવાદ - કિરણ શીંગ્લોત, ૨૦૦૬, વિચારવલોણું પરિવાર, અમદાવાદ, પૃ.૫+૫૪, રૂ. ૩૦/-. મન સાથે મૈત્રી : વિમલા ઠાકર, અનુ. અરવિંદ દેસાઈ, ૨૦૦૬, માનવવિકાસ કેન્દ્ર વલ્લભવિદ્યાનગર, પૃ.૧૬૦, રૂ Nil. ગીતાબોધવાણી : રવિશંકર મહારાજ, ૨૦૦૪, રવિશંકર મહારાજ સેવા ટ્રસ્ટ, અમદાવાદ પૃ. ૧૨૮+૮૧૬, રૂ ૨૫૦/-. અમૃત ભાગ-૨ : વસંત પરીખ, ૨૦૦૫, પરીખ મણિયાર પરિવાર, પૃ.૧૬૦, રૂ. Nil. એનેસ્થેસિઆ – એક પરિચય : ડૉ. જિતેન્દ્ર બેલાણી, ૨૦૦૪, શ્રીમતી દક્ષા જિતેન્દ્ર બેલાણી (અમદાવાદ), પૃ. ૮૦, રૂ ૨૦/-. ઝલક-કિશોરી : સુરેશ દલાલ, ૨૦૦૬, ઇમેજ પબ્લિકેશન્સ (મુંબઈ-અમદાવાદ), પૃ. ૪+૧૧૬, રૂ. ૯૦/-. જેહાદ બાર પીપળાના પડાડમાં : બાબુ પરમાર, ૨૦૦૬, પ્રકા. લેખક પોતે, પૃ. ૧૨૨, રૂ. ૫૦/-. પહેલો અક્ષર : સંપા. હિમાંશી શેલત, ૨૦૦૬, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ.૬+૯૮, રૂ.૧૦૦/-. સંતોનું સાંનિધ્ય : કાર્તિકેય ભટ્ટ, ૨૦૦૫, ઇમેજ પબ્લિકેશન્સ (મુંબઈ, અમદાવાદ), પૃ. ૧૨+૨૫૦, રૂ. ૯૦/-. ઉત્તર ગુજરાતની કહેવતો : ભરત ક. દવે, ૨૦૦૫, પ્રકા. લેખક પોતે, પૃ.૮+૧૪૧, રૂ. ૧૦૦/-.

દૃશ્ય-શ્રાવ્ય

સંવેદનશીલ લોકોએ જોવા જેવી ફિલ્મ: ખામોશ પાની : Silent Water

શરીફા વીજળીવાળા

૧૫ જેટલા આંતરરાષ્ટ્રીય પુરસ્કારો જીતી ચૂકેલી આ ફિલ્મ દરેક સંવેદનશીલ વ્યક્તિએ જોવા જેવી છે. ભારતવિભાજનની ઘટનાને પશ્ચાદ્‌ભૂમાં રાખીને બનાવેલી આ પાકિસ્તાની ફિલ્મમાં સબીહા સુમારની વાર્તા છે, સંગીત અર્શદ મહેમૂદનું છે. કિરણ ખેરે 'સરદારી બેગમ' પછી ફરી એક વાર અહીં એની કારકિર્દીનો ઉત્કૃષ્ટ અભિનય કર્યો છે જોકે આ ફિલ્મમાં લગભગ દરેક વ્યક્તિએ એટલી સાહજિક રીતે પાત્ર ભજવ્યાં છે કે એ લોકો અભિનય કરે છે એવું કોઈ જગ્યાએ લાગતું જ નથી. 'Train to Pakistan' ફિલ્મની જેમ આ ફિલ્મની ભાષા પણ પંજાબી છે. ફિલ્મની માવજત એટલી કલાત્મક ઢબે થયેલી છે કે ભાષા ભાગ્યે જ વ્યવધાનરૂપ લાગે છે.

આપણે જાણીએ છીએ કે યુદ્ધ હોય કે કોમી તોફાન, વિયેતનામ હોય કે અફઘાનિસ્તાન, ભારત હોય કે પાકિસ્તાન ..સૌથી વધુ વેઠવાનું – શારીરિક અને માનસિક બેઉ સ્તરે – હંમેશાં સ્ત્રીઓના ભાગે જ આવે છે. ૧૯૪૭ના ઑગસ્ટ પહેલાં અને પછીના મહિનાઓમાં આપણા દેશમાં આભ ફાટ્યા જેવી સ્થિતિ હતી. દુનિયાના ઇતિહાસે કદી ન જોઈ હોય એવી વસ્તીની જંગી ફેરબદલ દરમિયાન વ્યાપેલી અરાજકતામાં સ્ત્રીઓ પર શબ્દોમાં વર્ણવી ન શકાય એવા અમાનુષી અત્યાચારો થયા. પોતાની પત્ની, બહેનો, દીકરીઓનું રક્ષણ કરવા માટે અસમર્થ રહેલા પુરુષોએ પોતાની અસહાયતા તથા નિર્બળતાનો બધો જ ગુસ્સો સામેની કોમની સ્ત્રીઓ પર અમાનુષી અત્યાચારો ગુજારીને કંઈક અંશે હળવો કર્યો. આમાં કોઈ કોમ ઓછી નો'તી ઊતરી. સ્ત્રીઓ પર થયેલા અત્યાચારોમાં ધર્મ-કોમ-ઉમર બધું જ ગૌણ થઈ ગયેલું. લાખો સ્ત્રીઓના અપહરણ થયા, હજારોએ કૂવા પૂર્યા. અપહૃત સ્ત્રીઓની હત્યામાં નહીં પણ એને બેઆબરુ કરવામાં જ બેઉ કોમને રસ હતો. આવી સ્ત્રીઓએ અમાનુષી અત્યાચારો વેઠ્યા; ચાર-પાંચ વાર વેચાઈ, કેટલીક ગાંડી થઈ ગઈ તો કેટલીક લશ્કરના જવાનોને હવાલે કરી દેવાઈ .. મા-બાપ-ભાઈ વગેરેએ એક જગ્યાએથી સલામત રીતે બીજી જગ્યાએ ખસી જવા માટે બહેન-દીકરીના સોદા કર્યાના દાખલા પણ અનેક છે. ચાન ચાન ને પાન પાન થઈ ગયેલી આવી સ્ત્રીઓ પોતાની આસપાસના માહોલને, અન્ય સ્ત્રીઓની હાલત તથા પોતાનાં કુટુંબીજનોની લાચારી કે કાયરતાને જોઈને વિધર્મી પુરુષની થઈ પણ જતી. બળજબરી કરનાર સાથે જિંદગી નિભાવી હોય એવી સ્ત્રીઓની સંખ્યા નાનીસૂની નો'તી. જોકે લૂંટનારા હાથોએ પછીથી પ્રેમ પણ કર્યો હોય અને જિંદગીભરનો સાથ નિભાવ્યો હોય એવા પણ પાર વગરના દાખલા નોંધાયેલા છે. આમ પણ સ્ત્રીની આ નૈસર્ગિક તાકાત પર વારી જવાનું મન થાય. કમળાબહેન પટેલે 'સોતાં ઉખડેલાં'માં નોંધ્યું છે કે 'જન્મજાત સંસ્કારોથી તદ્દન ભિન્ન વાતાવરણમાં એકાદ રહેલી સ્ત્રી 'ગાયના સમ' કે 'ગુરુગોવિંદસિંહના સમ' ખાઈ શકતી. હિંદુ-શીખ સ્ત્રી

અલ્લાકરમ', 'ઇન્શાઅલ્લાહ' બોલી શકતી. બળજબરીથી વશ કરાયેલી સ્ત્રીઓના અન્ય ધર્મીને ત્યાં નવેસરથી મૂળિયાં રોપવાની કુદરતી તાકાત માટે આપણને નર્યો અહોભાવ જ થાય. આ એવો તો કારમો સમય હતો કે બેઉ કોમના માણસોને બદલો લેવા સિવાય કશું સૂઝતું જ નો'તું. ને બદલો લેવાનું સૌથી સારું સાધન એ લોકોએ સ્ત્રીને ગણાવી. હંમેશની જેમ સ્ત્રીની સાથે એક વ્યક્તિ નહીં પણ વસ્તુ જેવો જ વ્યવહાર થયો. કે સ્ત્રીઓ મરી શકી એ તો છૂટી ગઈ... પણ જે ન મરી શકી એ જિંદગીભર એક ભવમાં ને ભવ જીવતી રહી... આવી જ એક સ્ત્રી વિશેની વાત 'ખામોશ પાની'માં થઈ છે.

વિભાજન પછી ૩૦-૩૫ વર્ષ પછીના પાકિસ્તાનની આ ફિલ્મ વાત કરે છે. ઇંતિઝાર હુસૈનના કથાસાહિત્યમાં અરાજકતાને કારણે જે બદહવાસ પાકિસ્તાન નિરૂપાયું છે તેનાં આ ફિલ્મ દર્શન કરાવડાવે છે. 'ખામોશ પાની'ની વાર્તા ૧૯૭૯માં શરૂ થાય છે. જનરલ ઝિયા ઉલ હકના શાસનકાળ દરમિયાનનું પાકિસ્તાન અહીં નજરે ચડે છે આ સમય દરમિયાન પાકિસ્તાન પર અંતિમવાદીઓની – જેહાદીઓની પકડ વધુ ને વધુ મજબૂત થતી જતી હતી. ચોતરફ મુલ્લાઓ-મૌલવીઓનું શાસન હતું. ચોતરફ આગ ઓકતાં ભાષણો થઈ રહ્યાં છે. કાફિરો (એટલે કોણ ? મુસલમાન નથી તે બધા જ એ વગરકહ્યે સમજી લેવાનું) સામેનો તિરસ્કાર ભાષણો દ્વારા, પત્રિકાઓ દ્વારા ઠલવાઈ રહ્યો છે. પ્રજાના મોટા સમૂહને જે વખતની રોટી કમાવા સિવાય કોઈ રસ નથી પણ આ ફિલ્મના નાયક સલીમની જેમ બેકાર, ચહ ભટકેલા યુવાનો ક્યારેક વ્યક્તિગત પ્રશ્નોને કારણે તો ક્યારેક હતાશાના માર્યા જેહાદીઓના હાથે ચડી જાય છે. એમના હાથા બની જાય છે અને પછીની એમની મંઝિલ હોય છે ટ્રેનિંગ કેમ્પ અને હાથમાં પિસ્તોલ કે થ્રી નોટ થ્રી... કોઈ પણ દેશ ટોપી-દાઢીવાળા કે દાઢીઓવાળાના હાથમાં જાય તો એની શી અવદશા થાય એનો સીધો ચિતાર નહીં મળે છે. જે વિચારવાના દરવાજા બંધ કરીને બેઠા છે, ધાર્મિક ઝનૂન ફેલાવી, સીધા-સાદા લોકોને ગુમરાહ કરવા સિવાય જેમને બીજો ધંધો નથી એવા લોકો રસ્તા પર, ટ્રેનિંગ કેમ્પોમાં આગઝરતાં ભાષણો આપી રહ્યા છે : ૧૯૪૭માં આપણે આપણા મુસલમાનો માટે એક દેશ હાંસલ કર્યો. આપણા મુસલમાન ભાઈઓના ખૂનથી એક લકીર ખેંચી. 'ઇસ્લામકા મતલબ સમઝતે હો ? તો આગે બઢો...'ના હોકારા-પડકારા કરનારા કે એને સાંભળનારા એમાંથી એકેય ખરેખર ઇસ્લામનો મતલબ સમજે છે ખરા એ પ્રશ્ન આપણે પૂછવાનો રહે છે. જોકે આ બધું સમાંતરે બતાવતા રહેતા દિગ્દર્શક ફિલ્મને એ દિશામાં નથી લઈ જવા માંગતા. એમને તો વિભાજન વેળાએ જેમના ભાગે સૌથી વધુ સહન કરવાનું આવ્યું હતું એવી હજારો કમભાગી સ્ત્રીઓની એક પ્રતિનિધિ વીરોની વાત કરવી છે. પાકિસ્તાનના એક કસ્બામાં રહેતી, મુસ્લિમ છોકરીઓને કુરાન પઢાવતી, ૧૮-૨૦ વર્ષના, સપનાઓમાં જીવતા દીકરા સલીમને કંઈક કામ કરવા સમજાવતી આયેશા (કિરણ ખેર) નમાઝ પઢે છે, મઝાર પર જઈ દુવા માગે છે.. આ સ્ત્રી મુસલમાન નહીં હોય એવી શંકા પણ નથી કરી શકાતી... કદાચ એ પોતે પણ ભૂલી ગઈ છે કે એ મુસલમાન નો'તી.

પાકિસ્તાનના એક કસ્બામાં છત પર કપડાં સૂકવતી બે સ્ત્રીઓના દૃશ્યથી ફિલ્મનો પ્રારંભ થાય છે. એમની બોલી, પહેરવેશ દર્શાવે છે કે વિસ્તાર પંજાબનો છે. ૧૮-૨૦ વર્ષના દીકરા સલીમ માટે મા કામ શોધી લાવે છે પણ એ નવાબજાદાને નાની-મોટી નોકરી

કે ખેતીમાં રસ નથી. મોટી મોટી વાતો કરવી અને ઝુબેદાના પ્રેમમાં ઘેલા ઘેલા ફરવા સિવાય એને કોઈ ધંધો નથી. એવું ભણ્યો પણ નથી કે એને કોઈ સારી નોકરી આપે. પતિના પેન્શનમાંથી અને છોકરીઓને કુરાન શીખવવામાંથી ઘર ચાલે છે. અહીં પડોશણ સાથેની વાતોમાં, ભેળા થઈને નખાતાં અથાણાં, સૂકવાતાં મરચાં, કપડાંનાં લેવાનાં માપ, માથામાં નખાતાં તેલ, બજારમાં હજામત કરાવતા પુરુષો, ખુલ્લા ટેબલ પર બેસીને ખાતા, ક્રિકેટ મૅચ પાછળ બધું ભૂલી જતા લોકો... આમાંનું એક પણ દૃશ્ય આપણને અજાણ્યું કે પરાયું નહીં લાગે. ભારતના ભાગલા કઈ હદે અકુદરતી હતા એ અહીં વગરકહ્યે વ્યંજિત થઈ શક્યું છે. જે બે પ્રજાનાં ભાષા, સંગીત, સંસ્કૃતિ, પહેરવેશ... બધું એક હતું એને ધર્મના નામે જુદી પાડી વચ્ચે એક લકીર ખેંચી દેવાથી કે પ્રજાના હૈયામાં વિષ રેડી દેવાથી હજારો વર્ષની સહિયારી સંસ્કૃતિ કે સહિયારા જીવનને, રહનસહનને બદલી નથી શકાતું તે પણ અહીં વગરકહ્યે સમજાય છે. પ્રજાના મોટા સમૂહને રાજકીય રમતો સાથે, જેહાદીઓની વાતો સાથે કશી લેવાદેવા ૧૯૪૭માં પણ નો'તી અને ૧૯૭૯માં પણ નથી તે છતાં સહન કરવાનું તો આ સામાન્ય પ્રજાના ભાગે જ આવે એ પણ અહીં સૂચવાયું છે. પ્રજાને સીધી સાદી વાત કે ટીકાની પણ છૂટ નથી. 'સરકાર' નામના અદૃશ્ય કાન, પંજા ચોતરફથી ભીંસી રહ્યા છે. પ્રજાને પરાણે બજારો બંધ કરાવતા જેહાદીઓ પાછા બધું અલ્લાહના નામ પર કરે છે ! પોતપોતાના દીનધર્મને માનનારી, બીજાના ધર્મને આદર આપનારી પ્રજાના પ્રતિનિધિ જેવો હજામ સામો થાય છે : 'અલ્લાહે શું કહ્યું એ હવે તમે આજકાલનાં છોકરાં નક્કી કરશો ?' દરેકને પોતાની રીતે ઇબાદત કરવાની છૂટ હોય એવું માનતી પ્રજા પંજાસાહેબના દર્શને આવેલા શીખોને ઉષ્માભર્યો આવકાર આપે છે. શીખોના આગમને સ્થાનિક રહેવાસીઓમાં ખુશહાલીનો માહોલ છે. આમ પણ મોટાભાગના ૩૦-૩૨ વર્ષ પહેલાં ભારત છોડીને અહીં આવ્યા છે ને હજીયે આ ભૂમિ પર 'મુહાજિર' જ રહી ગયા છે, પાકિસ્તાની થઈ શક્યા નથી ! હજામ શીખોને 'સત શ્રી અકાલ' કહે છે એ જેહાદીઓને ખૂંચે છે સામાન્ય પ્રજા માને છે કે આ લોકો તીર્થયાત્રા કરવા આવ્યા છે જ્યારે જેહાદીઓ કહે છે : એ લોકો જાસૂસી કરવા આવ્યા છે !

જે જેહાદીઓ પોતાની જાતને ઇસ્લામના સાચા રખેવાળ માને છે અને ઇસ્લામને શ્રેષ્ઠ ધર્મ માને છે તે ખરેખર ઇસ્લામ શું છે તે જાણતા જ નથી ! આવા લોકોની પાછળ ચાલી નીકળનારા સલીમ જેવા ગુમરાહ-બેકાર યુવાનોને ઈમાન-ધરમ શું છે એ આ અંતિમવાદીઓએ શીખવેલું છે. (સલીમનો પ્રશ્ન એ કોઈ પણ બેકાર યુવાનનો પ્રશ્ન છે - પછી એ જેહાદી મુસ્લિમ હોય, VHP કે બજરંગદળનો યુવાન હોય... આ બધાએ મગજના દરવાજા બંધ રાખેલા હોય છે, વિચારવાની ટેવ પાડી જ નથી હોતી.) માના પગમાં જન્નત છે એવું ધર્મ શીખવે... પણ સલીમ તો મુસલમાન હોવાના ગુરુરમાં માને 'કાફિર' કહે છે, જેના વગર ઘડીકેય નો'તું ચાલતું એ ઝુબેદાને એક ઝાટકે છોડી દે છે. ધર્મનો વધુ ને વધુ સંકુચિત અર્થ કરતા આ અંતિમવાદીઓ વિચારવામાં તો માનતા જ નો'તા. છોકરીઓની [illegible] દીવાલને વધુ ઊંચી ચણતા જેહાદીઓ સ્ત્રીને ફરીથી બુરખામાં, પરદા પાછળ [illegible]વા માગે છે. દીવાલ પર ઈંટ મૂકતા સલીમ સામે કાતર નજરે જોતી ઝુબેદા એટલે પછીથી સંભળાવે છે : 'મારું તારા જેવું નથી. નમાજ તો હું પણ પઢું છું. પણ સાથે

મારા મગજથી વિચારું પણ છું; આંખ-કાન ખુલ્લાં રાખું છું માત્ર બીજાનું સાંભળીને નથી ચાલતી.' ...સલીમની મા અને ઝુબેદા બેઉ એને કહે છે : 'તું ખોટા હાથોમાં પડી ગયો છે. એ લોકો રાજકારણીઓ છે...' પણ સલીમને તો પોતાનો મકસદ મળી ગયો, પોતે કંઈક બની ગયો હોય એવું લાગે છે.

દિગ્દર્શકે ઝીણી ઝીણી વિગતોથી નકશીકામ કર્યું છે. અસ્સલ પંજાબી માહોલ ઊભો કરવામાં ભાષાના લહેકા ઉપરાંત લગ્ન-નાચ-ગાન-પહેરવેશનો પણ એટલો જ ફાળો છે. આખી ફિલ્મ દરમિયાન કૂવાના શાંત જળમાં પેદા થતાં વમળોના પ્રતીક દ્વારા ડહોળાતા વાતાવરણને, ડહોળાતા મનને વ્યક્ત કર્યાં છે. આરંભે જ કૂવાની આસપાસ કેમેરા ફોકસ કરીને શ્વેત-શ્યામ દૃશ્યોની સમાંતરે કિરણ ખેરના અવાજમાં કોમેન્ટરી છે : બે મુલ્ક જન્મ્યા. આબરૂ બચાવવા કેટલીક મરી ગઈ, કેટલીક બચી ગઈ, લોહીનો દરિયો પાર કરીને કેટલીક વટલાઈ ગઈ... કિરણ ખેરના મનમાં ભૂતકાળનાં દૃશ્યો... સાવ ઝાંખાં પડી ગયેલાં વારેવારે ઝબકી જાય છે. શ્વેત-શ્યામ રંગમાં વારેવારે એક કૂવો, એમાં પડતી સ્ત્રીઓ, નહીં પડી શકતી ૧૮-૧૯ વર્ષની વીરો; હરિણીની જેમ ભાગતી વીરો, પાછળ પડતા, ઘસડી લઈ જતા પુરુષો, એ બધાના હાથમાંથી છોડાવી, પ્રેમથી ગળે ગળગાડી, મોંમાં કોળિયો દેનારો એક ચહેરો (જેનો ફોટો દીવાલ પર લટકે છે તે) દોડતી ટ્રેનોની આવન-જાવન.. આ બધાં દૃશ્યો કૂવે જતી કે લોઢાની પેટી ખોલતી કિરણના મનમાં કૂવાના જળમાં ઊઠતા વમળની જેમ ઘૂમરાયા રાખે છે. તાળામાં બંધ રહેતી લોઢાની એક પેટીમાં પોતાના ભૂતકાળને બંધ કરીને જીવતી આ સ્ત્રી પેટીમાં કુરાનની સાથે નાનકસાહેબનો ફોટો પણ સાચવીને બેઠી છે. આખા ગામમાં એક ટપાલી છે જેને એની સાચી ઓળખ ખબર હતી. આમ પણ આ એવો સમય હતો જ્યારે આખેઆખા ગામની વસ્તી બદલાઈ ચૂકી હતી. એટલે કોઈને એના મુસલમાન ન હોવા વિશે કેમ ખબર નો'તી એ પ્રશ્ન અસ્થાને છે. પોતાના ભૂતકાળને લોઢાની પેટીમાં પૂરીને જીવતી આ સ્ત્રી સંપૂર્ણપણે મુસલમાન થઈ ચૂકી છે ત્યારે પૂર્વપંજાબથી પંજાસાહેબના દર્શને આવેલા શીખોના ટોળામાંનો એક શીખ આ પ્રદેશનો જાણકાર હોય એવી નજરે ચોતરફ બધું જોઈ રહ્યો છે. વર્ષો પહેલાં લખાયેલો હોય એવો એક જર્જરિત કાગળ હાથમાં લઈ એ ઠેરઠેર શોધતો ફરે છે. ચાની દુકાને બેઠેલ ટપાલીને ખબર છે કે એ કોને શોધી રહ્યો છે. પહેલાં તો એ ના પાડી દે છે... પણ એના સૂતેલા ઝમીરને એની પત્ની જગાડે છે. ટપાલીની બહેન પણ ૧૯૪૭માં ગાયબ થઈ ગયેલી છે. એ પેલા શીખો સાચું કહી દે છે. શીખ ખડકી ઉઘાડે છે. હું જશવંત, વીરો... પણ પેલી ના પાડે છે તમે ઘર ભૂલ્યા; ભાઈ, અહીં એ નામની કોઈ સ્ત્રી નથી રહેતી..' હજી આ વાત ચાલતી હતી ને ફટકેલા મગજવાળો દીકરો આવી ચડે છે. 'આ મુસલમાનનું ઘર છે. તમે અહીં શું કરો છો ?' બંધ થતી ખડકી પાસે શીખ રાડો પાડી રહ્યો છે : એ મારી બહેન છે. વીરો, પિતાજી મરી રહ્યા છે. મરતા પહેલાં એક વાર તને જોવા માગે છે... વીરો...' એના હાથમાંનું લોકેટ લઈ સલીમ ખડકી ભીડી દે છે. લોકેટમાં કિરણ ખેરનો યુવાનીનો ચહેરો – જે ફિલ્મમાં વારંવાર શ્વેત-શ્યામ રંગમાં દેખાયા કર્યો છે – જોઈ દીકરો ભડકે છે. તો એમ વાત છે ? મારી મા કાફિર છે ? હું શું કરું મા ? બોલ હું શું કરું ?' પૂછતા દીકરાને મા એક જ જવાબ આપે છે : 'તારે કંઈ કરવાની જરૂર નથી.'

બધા વચ્ચે હાંસીપાત્ર થઈ બેસતા સલીમનું વધુ ફટકે છે. મા પર એનું દબાણ વધતું જાય છે : તું બધા સામે એક વાર કબૂલી લે કે તું મુસલમાન છે. બધાનાં મોં આપોઆપ બંધ થઈ જશે. ...તું બોલતી કેમ નથી ? મને મારવા કાં બેઠી છે ?... પાસ-પડોશના લોકો સંબંધ તોડી નાખે છે. પગના તળિયામાં તેલ ઘસી આપતી, પાણી ભરી આપતી અલ્લાળી પણ નથી આવતી. ને પડોશણ રાબ્બો પણ 'દીકરીના લગ્નમાં હું તો ઇચ્છું તું આવે પણ...' કહીને મૂંગી થઈ જાય છે. વળી એક વાર વીરોની ઓળખ છીનવાઈ જાય છે. મા-બાપ કૂવે પડવાનું કહેતાં હતાં ત્યારે વીરોને કોઈએ 'આયેશા' નામ આપી મુસ્લિમ તરીકેની ઓળખ આપી હતી. વળી શાંત જળના ડહોળનારાઓએ એની ઓળખ છીનવી લીધી. જે વ્યક્તિએ એને જે ઓળખ આપી તે સ્ત્રી હોવાના નાતે સ્વીકાર્યા વગર તેનો છૂટકો જ નો'તો. પણ હવે દીકરો એને નવી ઓળખ આપે છે, 'કાફિરની' ઓળખ. પેટનો દીકરો વડચકા ભરતો, 'મુસલમાન છું' એમ કબૂલવા દબાણ કરે છે ત્યારે વીરોની વેદનામાં સ્ત્રીમાત્રની વેદના મૂર્ત થાય છે. વીરો પડોશણને કહે છે : જો પેટનાં છોકરાં પણ આપણાં ન થાય તો પછી આપણું કોણ ? આપણું શું ?' કદાચ આ દરેક સ્ત્રીનો પ્રશ્ન છે.

મા સાથે નાતો તોડી ચૂકેલો સલીમ ઝુબેદા સાથેનો સંબંધ પણ તોડી નાખે છે. હવે ધર્મનું ઝનૂન એની રગેરગમાં વ્યાપી ગયેલું છે. બધા જ્યારે આયેશા સાથેના સંબંધ તોડી નાખે છે ત્યારે ઝુબેદા એની સાથે પડછાયાની જેમ રહે છે. કૂવા પાસે ભાઈ સાથે લડતી વીરોની વાતો એણે પોતાના કાને સાંભળી છે. એ ભાઈને પૂછતી હતી : 'તું કેમ આવ્યો છે ? તમે તો ૩૦-૩૫ વર્ષથી મને મરેલી માની જ હતીને ? તો હવે આટલાં વર્ષે શા માટે આવ્યો છે ? મેં માંડ માંડ મારી જિંદગીને થાળે પાડી હતી, માંડ ઠરીઠામ થઈ હતી. તમે તો કદી ભાળ કાઢી નો'તી કે વીરો જીવે છે કે મરી ગઈ છે. માંડ શાંત પડેલા જળને વળી ડહોળવા કેમ આવ્યો છે ? મને જીવતી મારીને તમારા કલેજે ઠંડક નથી વળી ? આબરુ બચાવીને તમને તો જન્નત મળી ગયું ને ? પણ મારા માટે કયું જન્નત ? મુસલમાનોનું કે શીખોનું ? આટલાં બધાં વર્ષોથી તમે મને મારીને ખુશ છો પણ હું જીવું છું. મેં પોતે મારી જિંદગી બનાવી. તમારા સાથ કે ટેકા વગર જ. હવે આ જ મારી જિંદગી છે.. તું જા અહીંથી ને મને મારા હાલ પર છોડી દે...' આ સંવાદની સાક્ષી થતી ઝુબેદાને હવે પોતાની પીડા નજીવી લાગે છે. આ સ્ત્રી એની અંદર પીડાનો કેવો ભંડાર ભારીને બેઠી છે એ જાણ્યા પછી હવે એને એકલી મૂકવા પણ એ તૈયાર નથી. 'કાલે પાછી આવીશ' કહીને એ જાય છે અને શહેરના બગડેલા માહોલને કારણે પડોશમાં રહેતા ટપાલી, એની પત્ની અને યુવાન દીકરીને લઈને આવે છે. વાતવાતમાં લગ્નના બાકી કામ વિશે પડોશણ બોલી જાય છે અને 'હું તો ઇચ્છું છું કે તું આવે પણ..' એનું જવું જોખમી બની રહે.

હવે કઈ ઓળખ શોધી ? એની હાજરી પણ જો જોખમી લાગતી હોય તો... દિવસે રસ્તા પરના સરઘસમાં જોયેલા ખૂની ચહેરાઓમાં એને ઝાંખો પડી ગયેલો ભૂતકાળ ફરીથી જીવતો થતો લાગે છે. કૂવાનાં જળ વમળાતાં નજરે પડે છે... ને અચાનક જ શાંતચિત્તે [illegible] ખેર પોતાનો રસ્તો શોધી લે છે.. નમાઝ પઢી, હળવેકથી બારણું ખોલી બહાર નીકળી [illegible]. કૂવા પર ઊભી રહે છે ને એક ધૂબાકો . ઘડીક વમળાતાં જળ વળી શાંત થઈ [illegible]. ૧૯૪૭માં ઠેકડો નહીં મારી શકેલી વીરોને એ જ કૂવાનો આશરો લેવો પડે છે.

સંબંધ વિશેનાં નરસિંહરાવનાં કેટલાંક રસપ્રદ વિધાનો પણ આ લેખમાં ટાંકે છે. (પૃ. ૫૮) વળી ગુજરાતી સાહિત્યમાં પહેલવહેલો કોઈ કવિએ પોતાના કાવ્યસંગ્રહમાં નોટેશન છાપવાનો પ્રયત્ન કર્યો હોય તો તે આ કવિએ – તે વીગત પણ નોંધે છે. (પૃ ૬૩)

અજિતભાઈ ન્હાનાલાલનાં ગીતો-ઢાળોની વાત કરતાં તેમનો લોકગીતો, નાટ્યગીતો, હવેલીસંગીત તેમ જ ચારણી છંદો વગેરે સાથેનો જે સંબંધ છે તે સોદાહરણ દર્શાવે છે. જોકે આ વિશે તેમની પાસેથી વધુ સઘન અને ગહન ચર્ચાની અપેક્ષા તો વણપૂરી જ રહે છે.

'મેઘાણીભાઈ અને ગુજરાતી સંગીત'માં આપણી લોકસંસ્કૃતિની અસ્મિતા જગાડનાર મેઘાણી માટે અજિતભાઈ ભાવુકતાથી 'દિવ્ય ગાયક' (પૃ. ૬૯) જેવો શબ્દપ્રયોગ કરે છે. જોકે ગુજરાતની લોકકવિતાને મેઘાણીના કંઠની બુલંદી ને ભીનાશનો રૂડો સાથ મળ્યો છે એમ જરૂર કહી શકાય. મેઘાણીએ આપણા લોકઢાળોને ખપમાં લઈ જેટલી સંખ્યામાં નવાં રસમય ગીતો આપ્યાં તેટલાં કોઈએ હજુ આપ્યાં નથી એમ જયમલ્લભાઈ પરમારને અનુસરીને કહી શકાય. (પૃ. ૭૧)

ગુજરાતી સાહિત્યનાં અભિજાત ગીતો સુંદર સંગીતમાં મઢીને ઘરે ઘરે પહોંચાડવાના અજિતભાઈ ને નિરુપમાબહેનના અભિયાનમાં ર. વિ. પાઠક સાથેનો ઘરોબો પ્રેરણારૂપ બની રહેલો. (પૃ. ૭૯) એ ઘરોબો પિંગળ અને સંગીતનાં મેળ-મહોબત સમજવામાં કેવો ઉપકારક થયો તે 'કવિતા અને સંગીતનો મણિકાંચનસંયોગ' લેખ વાંચતાં પામી શકાય છે. શેઠદંપતી ને ર. વિ. પાઠકના ઘરોબાનેય આપણે મણિકાંચનસંયોગ જેવો જ લેખી શકીએ !

સુગમ સંગીત વિશેનો તેમનો મહત્ત્વનો – આ સંગ્રહનો ઉત્તમ લેખ તે 'આધુનિક ગુજરાતી ગીતરચના' વિશેનો છે. ડૉ. હરિવલ્લભ ભાયાણીએ આ લેખમાં 'સંગીતશત્રુ' ગીતકારોની દૃષ્ટિ ઉઘાડવાની ક્ષમતા નિહાળી છે. અજિતભાઈ માને છે કે "જ્યારે ગીતના શબ્દના અર્થને અનુવર્તી સૂર મળે એટલે બંદિશ અને છેલ્લે ગાનારના કંઠની ચેતના મળે ત્યારે ગીત સુંદરમાંથી મહત્-ની કક્ષાએ પહોંચી જાય છે" (પૃ. ૮૩) અજિતભાઈએ યોગ્ય રીતે જ ગીતની વાત છેડતાં આર. સી. મહેતા, સુન્દરમ્, રામપ્રસાદ બક્ષી વગેરેને યાદ કર્યા છે તેમણે 'સંગીતમપિ સાહિત્ય સરસ્વત્યા સ્તનદ્વયમ્' – એ આપણી પ્રાચીન સૂક્તિને ટાંકી ગીતમાં સૂર અને શબ્દના સંતુલિત સંબંધની જિકર કરી છે. (પૃ. ૮૪) તેમણે સાંપ્રત ગુજરાતમાં સત્ત્વશીલ કવિતા અને તેના ગાન બાબતે જે વિચ્છેદ-વૈષમ્ય-કુંઠિતતા પ્રવર્તે છે તેની વાત કરી (પૃ. ૮૮), ઉત્તમ કવિતા ને ઉત્તમ ગાનના સંવાદ-સુમેળની ભારપૂર્વક હિમાયત કરી છે. મરાઠી કવિઓને યાદ કરી અજિતભાઈ એક સરસ વાત કહે છે :

> "...ગીતના સર્જનમાં મૂળ કવિનો જ હાથ છે ગેયપદરચના દ્વારા કવિ જ તેની આકૃતિ ઘડે છે સંગીતકારે તે આકૃતિમાં ઉચિત સ્વરપૂરણી જ કરવાની રહે છે તે મૂળ આકૃતિ ફેરવી શકતો નથી." (પૃ ૮૮-૮૯)

અજિતભાઈ યોગ્ય રીતે જ ગીતરચનાનું વાગ્દૃષ્ટિએ એક આગવું કાઠું હોવાનો સંકેત કરે છે. (પૃ. ૮૯) વળી તેઓ નિરંજન ભગતનું ઉદાહરણ ટાંકી, ગીતસર્જકોમાં 'ગીતને જરૂરી તેવી આવકારદાયક બેદરકારી' (પૃ ૯૨) ઇષ્ટ લેખે છે. ગીતમાં કેટલીક વાર સંપ્રજ્ઞતા કે સાવધાની પ્રમાણભાન ન સાચવે તો તે ગીતમાં વિક્ષેપરૂપ થાય છે. ગીતમાં તો ખોવાઈ જવાનું હોય છે; એમાં અબાધિતપણે વિસ્તરવાનું ને વિહરવાનું હોય છે.

અજિતભાઈ યોગ્ય રીતે જ આધુનિક ગીતરચનાઓની કેટલીક લાક્ષણિકતાઓ દર્શાવતાં સુગમ સંગીતના સંદર્ભમાં રાગીયતા (melodiousness માટેનો સુન્દરમે યોજેલો પર્યાય), ચરણાન્તે વિરામ, પ્રાસવિધાન, તાલબદ્ધતા અને ગેયતાને અનુકૂલ વાક્કર્મની આવશ્યકતા દર્શાવે છે. દૂધમાં સાકર ભળી જાય તેમ શબ્દમાં સૂર ભળી જવો જોઈએ (પૃ. ૯૮) – એ તેમની વાત ખૂબ માર્મિક છે.

જેમ નાટકને રંગભૂમિ પર રજૂ કરવામાં દિગ્દર્શકની નાટ્યલક્ષી સર્જકતા મહત્ત્વની હોય છે તેમ ગીત ગાઈને રજૂ કરવામાં તેના ગાયકની કાવ્યસાપેક્ષ સંગીતલક્ષી સર્જકતા મહત્ત્વની હોય છે. ગીતને જિવાડવા કે જિતાડવાનો મુખ્ય આધાર ગાયક ઉપર હોવાનું તેમનું મંતવ્ય ધ્યાનપાત્ર છે. (પૃ. ૧૦૭) તેઓ ગેય કાવ્ય રચવું, સુગેય કાવ્યને સ્વરમાં કંડારવું અને સ્વરબદ્ધ કૃતિને વફાદારીપૂર્વક ગાવી – એ ત્રણેય પ્રવૃત્તિઓની સ્વતંત્રતા સ્વીકારે છે. (પૃ. ૧૦૭) જેમ કાવ્યસર્જનને, તેમ બંદિશસર્જનને તેઓ 'આંતરસ્ફુરણાની પ્રવૃત્તિ' લેખે છે. એ રીતે 'જેમ કાવ્યનું તેમ જ બંદિશનું ઊગમસ્થાન અગોચર છે' (પૃ. ૧૧૧) એમ તેઓ કહે છે. ગીતની તરજમાં કૌવત હોવું જરૂરી છે; ટેકનીક ને કસબ તો તેને માત્ર રૂપ આપી શકે છે, પ્રાણ નહીં. (પૃ. ૧૧૦)

અજિતભાઈએ ગીતની ગાયકી બાબત પણ કેટલીક મુદ્દાની વાતો કરી છે, દા.ત. તેઓ લખે છે : 'ગાવું હોય તો સર્વપ્રથમ મોઢું બંધ કરી સાંભળતાં શીખો. સંગીતનો પ્રવેશ કર્ણમૂળ દ્વારા થવો જોઈએ.' (પૃ. ૧૧૭) એ પછી તેઓ લખે છે :

> "શાસ્ત્રીય સંગીતમાં શિખવાડાય છે તેમ સુગમ સંગીતના ગાયકે સારેગમથી શરૂ કરવાનું નથી. એણે તો આધુનિક શિક્ષણરીતિની જેમ વિધવિધ પ્રકારનાં ગીતો સીધાં સાભળી ગાવા પ્રયત્ન કરવાનો છે અને ત્યારબાદ વ્યાકરણ શીખવાનું છે. કાન જીભને ખો આપે પછી ગાવાનું શરૂ થાય. વ્યાકરણ સૌથી છેલ્લું. સીધુ વ્યાકરણથી જ શરૂ કરશો તો ગીત-સંગીતના ઐશ્વર્યનો કદી સાચો પરિચય નહીં થાય." (પૃ. ૧૧૭)

જોકે સૂરની સાફ લગાવટ, અવાજની ફિતરત કે રાગની સમજ શાસ્ત્રીય સંગીતના શિક્ષણ વગર કદી આવી શકે નહીં એમ પણ તેઓ કહે છે. વધતેઓછે અંશે છોટો ખ્યાલ, દાદરા, ઠૂમરી, ગઝલ વગેરે શીખવાં જરૂરી છે. એ સાથે શાસ્ત્રીય સંગીતમાં આવતાં સ્વર-અભ્યાસ, તાન, પલટા, મીંડ, આસ, ગમક વગેરે અલંકારો સુગમ સંગીતમાં ખૂબ જ જરૂરી હોવાનું પણ તેઓ દર્શાવે છે. (પૃ. ૧૧૭–૧૧૮) વળી સુગમ સંગીતમાં માધુર્ય ને સહજતાનું પણ મહત્ત્વ છે જ.

અજિતભાઈ સુગમ સંગીતમાં ગાયક મૂલતઃ અંતસ્તત્ત્વને અવલંબીને જ ગાય એવો આગ્રહ યોગ્ય રીતે જ રાખે છે. કોયરસંગીતની – સમૂહસંગીતની પણ તેમને અછડતી ચર્ચા કરી છે. એ કરતાં સમૂહગીતને 'એક પ્રકારનો યોગ' લેખી તેમાં વ્યક્તિએ પોતાના અહમ્‌ને ઓગાળીને સમૂહમાં ભળી ગાવાનું હોય છે એમ જણાવે છે. એ રીતે સમૂહગીતને તેઓ 'સમવેત ગીત' કહે છે. (પૃ ૧૨૦)

સુગમ સંગીતમાં સૂરને ખાતર શબ્દનું અપમાન ન થાય એ ગાયક કલાકારે જોવું જોઈએ. (પૃ. ૧૨૦) ગીતનો રસ લેવાની ગ્રહણશક્તિ સુગમ સંગીતના કલાકાર પાસે હોવી જોઈએ. સુગમ સંગીતમાં ગીતનું 'સાહજિક ઊર્મિના આવિર્ભાવ' રૂપે અવતરણ થાય એ

સમજ્યા નહીં હોવાનો એમનો પ્રતિભાવ. (પૃ. ૧૨૬)

અજિતભાઈએ ગુજરાતી ગેય કવિતાનો ઉપયોગ મુખ્યત્વે પ્રયોજિત સંગીત તરીકે જ થયો હોવાનું જણાવ્યું છે. (પૃ. ૧) તેઓ પ્રયોજિત સંગીતના કાવ્યપ્રકાર તરીકે પદો – ગરબીઓનો નિર્દેશ કરે છે. (પૃ. ૨) વળી તેમને પદ, ગરબી, આખ્યાન તેમ જ હવેલી સંગીતની સ્વરબંદિશમાં તેમ જ ઘણે સ્થળે કથાભાવમાં એકવિધતા જણાય છે. (પૃ. ૩) જયદેવના 'ગીતગોવિંદ'થી માંડીને આપણી લોકગીતોની પરંપરાનો પણ પ્રયોજિત સંગીતમાં મહત્ત્વનો ફાળો રહ્યો છે. તેઓ નર્મદનો 'ગીતોમાં નવા ઉપાડ તેમ જ નવી બંદિશો આપનાર' તરીકે ને ન્હાનાલાલનો 'શિષ્ટવાણીના સર્વોત્તમ ગીતવિધાયક' તરીકે ઉલ્લેખ કરે છે. (પૃ. ૩) ન્હાનાલાલ પછી ગુજરાતી ગેય કવિતાનો ઝડપી વિકાસ થયાનું તેમનું નિરીક્ષણ છે. (પૃ. ૩) પ્રયોજિત સંગીતની વાત કરતાં ગુજરાતી રંગભૂમિનાં ગીતો, ભવાઈનું ગીત-સંગીત વગેરે પણ તેમના ધ્યાન બહાર નથી. (પૃ. ૪) આપણા પ્રયોજિત સંગીતના સ્વરૂપ-ઘડતરમાં પશ્ચિમની અસરે સમૂળગી ક્રાન્તિ આવી હોવાનો તેમનો અભિપ્રાય વધુ ઊંડી ચર્ચાવિચારણા માગી લે એવો છે. અજિતભાઈએ પશ્ચિમની કલા-સંસ્કૃતિની અસર માઇક્રોફોન, રેકર્ડ, રેડિયો ને ફિલ્મના સંદર્ભમાં લીધી છે તે પણ ધ્યાનમાં રાખવા જેવું છે. (પૃ. ૫)

અજિતભાઈ 'Symphony' માટે 'નાદચિત્રો' પર્યાય આપે છે અને આપણે ત્યાં એ કલા વિકસવી બાકી હોવાનું જણાવી; આપણે ત્યાં તિમિર બરન અને રવિશંકર, શિરાલી અને અનિલ વિશ્વાસ, જયરામ ઐયર અને પન્નાલાલ ઘોષ જેવા પ્રયોગવીરો થવા જોઈએ એમ જણાવે છે. (પૃ. ૭) તેઓ સુગમ સંગીતમાં નૃત્ય-સંગીતનોય સમાવેશ કરે છે. (પૃ. ૧૧)

શુદ્ધ સંગીતમાં રસનું સર્જન સ્વર કે સૂરના માધ્યમથી કરાય છે, જ્યારે સુગમ સંગીતમાં સ્વર ઉપરાંત શબ્દાર્થની સહાય પણ લેવાય છે. (પૃ. ૧૧-૧૨) એ રીતે સુગમ સંગીતમાં સંગીત જેટલું જ કવિતાનું પણ પ્રાધાન્ય હોય છે. (પૃ. ૧૨). તેઓ સુગમ સંગીતની વ્યાખ્યા આપતાં લખે છે : 'સુગમ સંગીત એટલે સંગીત અને કવિતાનું લગ્ન.' (પૃ. ૧૪) સુગમ સંગીત સંગીતની રચના અને સમજ બંનેને સુગમ કરે છે. (પૃ. ૧૫) તેઓ શાસ્ત્રીય સંગીતથી સુગમ સંગીતની ભિન્નતા વિશે ચર્ચા કરતાં સમયના પરિમાણનો ખ્યાલ પણ આદર કરે છે. શુદ્ધ સંગીતનું સાચું સ્વરૂપ કંઠ્ય કરતાંયે વાદ્યસંગીતમાં અનુભવાય છે. (પૃ. ૧૫) સુગમ સંગીતમાં શબ્દ અને સ્વર સહલીલા આદરે છે એમ તેઓ કહે છે. એ રીતે સુગમ સંગીત 'અર્થાનુવર્તી' બને છે. આમ સ્વર-બંદિશ રાગાનુવર્તી મટી અર્થાનુવર્તી બને ત્યારે સુગમ સંગીત તરીકે ઓળખાય છે. (પૃ. ૧૬)

અજિતભાઈ કવિતાને સુગમ સંગીતના અવિભાજ્ય અંગરૂપ લેખે છે અને તેથી ગેય પદ્યસર્જકે સંગીતાભિમુખ તો સુગમ સંગીતના સર્જકે કાવ્યાભિમુખ – પદ્યાભિમુખ – પિંગળાભિમુખ થવાની જરૂર રહે છે. (પૃ. ૧૭, ૩૦) તેઓ 'વાગ્ગેયકાર'નો નિર્દેશ કરી દયારામ સુધીના આપણા કવિઓમાંથી અનેક વાગ્ગેયકારો હોવાનું જણાવે છે. આજના સંદર્ભમાં એ વલણ ઢીલું પડ્યું હોવાનું તેમનું નિદાન છે.

તેમના મતે ગુજરાતી ગેય કવિતા પ્રયોજિત સંગીત તરીકે જ પાંગરી હોઈ ગેય કવિતા અને સુગમ સંગીત એક જ વસ્તુનાં બે પાસાં બની રહેલ જણાય છે. સુગમ સંગીત હળવું સંગીત નથી પણ કાવ્યાત્મક સંગીત – કાવ્યસંગીત હોવાની અજિતભાઈની સમજ છે.

(પૃ. ૨૦)

સુગમ સંગીતમાં તાલરચના કવિતાના છંદ-સંધિના પ્રવાહને પોષક હોવી જોઈએ. (પૃ. ૨૨) તેઓ વૃત્તવિદ્ધ રચનાઓની તુલનામાં જાતિછંદોવાળી રચનાઓ ગેયતાને સવિશેષ અનુકૂળ હોવાનું યોગ્ય રીતે જણાવે છે. (પૃ. ૨૭) તેઓ પિંગળના પોતાના અભ્યાસના ફળસ્વરૂપે કેટલાક છંદોના સંદર્ભમાં પોતાનાં નિરીક્ષણ આપતાં લખે છે :

> "પિંગળના અભ્યાસે મને સંગીતના ચાર માત્રાના ઘટક જોડે માત્રામેળ છંદના ચરણાકુળ, રોળા, સવૈયા, રુચિરા, લીલાવતી, પદ્માવતી તથા પ્રાચીન છંદો જેવા કે મરહઠ્ઠા ત્રિભંગી, દુમિલા, ગીતિ, ઉપગીતિ વગેરે બંધબેસતા જણાયા છે. છ માત્રા જોડે હીરચંદ, મદીદ્ય તોટક ઇત્યાદિ, પાંચ તથા દસ માત્રા જોડે ઝૂલણા, દીપક, મદનાવતાર, ટૂંકો-ગમક વગેરે તેમ જ સાત માત્રા જોડે હરિગીત, વિષય હરિગીત અને અઘોર છંદ તેમ જ ગઝલના હઝજ રમલ વગેરે છંદો બેસતા જણાય છે" (પૃ. ૨૯)

સંગીતના તાલોમાંથી છંદોની માત્રાસંધિઓ રચાઈ હોવાનું જણાવી, માત્રામેળ છંદ ઢાળોમાં ધ્રુવ-ટેક આદિનો વિનિયોગ, પ્લુતીકરણ, લઘુગુરુની વધઘટે સર્જાતી વિવિધ લયભંગિમાઓ વગેરેમાં સંગીતનું પ્રભાવ-પરિબળ હોવાનું અજિતભાઈ જણાવે છે. (પૃ. ૩૦)

તેઓ પદ્યને સુગમ સંગીતનું અવિભાજ્ય અંગ લેખે છે. (પૃ. ૩૩) વળી પદ્યરચના સંગીતપ્રધાન બનતાં અનેક માધુર્યયુક્ત સંધિભંગિઓ રચાતી હોવાનું પણ તેઓ દર્શાવે છે. (પૃ. ૩૪)

અજિતભાઈએ પુષ્ટિમાર્ગીય ગીતસંગીતની વાત કરતાં પ્રાચીન ધ્રુપદ-ધમારની સંગીત પ્રણાલીને યોગ્ય રીતે જ યાદ કરી છે. તેમણે પુષ્ટિમાર્ગીય ગીતસંગીતના સંદર્ભમાં અષ્ટછાપના કવિઓનાં નિદર્શનો આપી પુષ્ટિસંગીત કે હવેલીસંગીતની વિલક્ષણતા તરફ પણ આપણું ધ્યાન દોર્યું છે. વળી અષ્ટછાપના કવિઓની સમાન માત્રાવાળી, ટેકવાળી અને અસમાન માત્રાવાળી – એવી ત્રણ પ્રકારની પદરચનાઓ નિર્દેશી, એ ત્રણેયમાં અસમાન માત્રાવાળી પદરચનાઓ વધુ હોવાનું તેઓ તારવે છે. (પૃ. ૪૯)

અજિતભાઈની સ્વાધ્યાયનિષ્ઠાના ઇષ્ટ ફળ રૂપે આપણને 'નરસિંહરાવ દિવેટિયા અને પ્રયોજિત સંગીત' લેખ મળ્યો છે. આ લેખમાં તેઓ એક મહત્ત્વનું વિધાન કરતાં લખે છે 'ગાયકવાડ રાજ્યના સમયમાં વડોદરામાં ખાં મૌલાબક્ષ[જેમને ભારતવર્ષમાં સૌ પ્રથમ સ્વરલેખન-પદ્ધતિ (notation) તૈયાર કરવાનું બહુમાન જાય છે તે]ની સંગીતશાળામાં તૈયાર થયેલા ગણપતરાવ બર્વેએ ગુજરાતમાં સર્વપ્રથમ વૃત્ત અને છંદને સંગીત સાથે જોડવાનો પ્રયત્ન કરેલો.' (પૃ. ૫૫) આ પછી તેઓ આ ક્ષેત્રમાંની નરસિંહરાવની સેવાનો બિરદાવતા લખે છે :

> "પરંતુ શબ્દવાહિત ભાવને પ્રગાઢતર બનાવતું સંગીત, કવિતાને સ્વરબદ્ધિશ અને ગાનારનો કંઠ મળતાં તે સુંદરમાંથી મહત્‌ના કોઠામાં ચડી જાય છે તે વિશે, કવિતા અને સંગીતના, ગાન અને કાવ્યના 'રસમય અંકોડા'ની વિશદ છણાવટ આપણે ત્યાં કોઈએ સર્વપ્રથમ કરી હોય તો તે નરસિંહરાવે." (પૃ. ૫૬)

પ્રયોજિત સંગીતમાં વર્ણસંગીત ને સ્વરસંગીતનું પ્રસન્ન દામ્પત્ય લાગે છે એવી નરસિંહરાવની માન્યતા તેઓ બરોબર નોંધે છે. (પૃ. ૫૭) અજિતભાઈ કવિતા અને સંગીતના

વર્ષના ગાળામાં મુંબઈ, અમદાવાદ, ભાવનગર, દિલ્હી જેવાં સ્થળોએ ભુજ, ભાવનગર, રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત અને મુંબઈના ગુજરાતી ગાયકોની મદદથી અખિલ ગુજરાતી સુગમ સંગીત સંમેલનનાં ૧૬ જેટલાં વાર્ષિક અધિવેશનો યોજવાની ભારે જહેમત ઉઠાવી. વળી હેમચંદ્રાચાર્ય, દયારામ, નર્મદ, ગોવર્ધનરામ, નરસિંહરાવ, શ્રીઅરવિંદ, રવીન્દ્રનાથ, શરદબાબુ, કાકાસાહેબ, રામનારાયણ વિ. પાઠક, સ્વામી આનંદ, ઉમાશંકર જોશી, રાજેન્દ્ર શાહ, ઝવેરચંદ મેઘાણી, ધૂમકેતુ, બચુભાઈ રાવત, દિલીપકુમાર રાય અને પંકજ મલ્લિક વગેરેનાં જયંતીપર્વો પણ તેમણે સ્વાધ્યાયનિષ્ઠ ને રસાત્મક અભિગમથી આકર્ષક રીતે ઊજવ્યાં.

અજિતભાઈ ને નિરુપમાબહેનનું સ્વપ્ન-સંતાન તે સંગીત ભવન ટ્રસ્ટ. તેના ઉપક્રમે અનેક જાણીતા ગાયકો-વાદકો વગેરેનો સહકાર લઈ ગુજરાતના કેટલાક ઉત્તમ કે વિશિષ્ટ કવિઓની ગેય કવિતાને તેમણે ગુણીજનો સમક્ષ રજૂ કરવાનું સ્તુત્ય કાર્ય કર્યું. એ રીતે તેમના તરફથી 'યાહોમ', 'ગીત અમે ગોત્યું', 'નિરુદ્દેશે', 'આંખે કંકુના સૂરજ આથમ્યા', 'અમે કોમળ કોમળ', 'ટહુકે છે લીલીછમ ડાળ', 'મા મને સાંભરે રે' અને 'કોઈનો લાડકવાયો' જેવી ઑડિયો-કેસેટો આપણને સાંપડી. અજિતભાઈ અને નિરુપમાબહેને 'રવીન્દ્ર સપ્તાહ'નો; ૧૯૭૧માં મેઘાણી મણિમહોત્સવનો; ૧૯૭૩માં કવિ રાજેન્દ્ર શાહની ષષ્ટિપૂર્તિનો; ૧૯૮૧માં 'આંખે કંકુના સૂરજ આથમ્યા'ની એલ.પી.નો – એમ સુગમ સંગીતના અનેક દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમોની સરસ રીતે જમાવટ કરેલી. તેમણે બૉમ્બે યુથ કોયર (૧૯૫૯), પોતાના ગુરુ પંકજ મલ્લિક માટે થઈને પંકજ મલ્લિક રિસર્ચ ફાઉન્ડેશન તથા ટાગોર સોસાયટીના સફળ સંચાલનમાં પણ સિંહફાળો આપેલો. તેમણે તૈયાર કરેલું 'ટાગોર અને ભારતી ફિલ્મ સંગીત' પરનું દસ્તાવેજી ચિત્ર બી.બી.સી. પરથી રજૂ થયું હતું. વળી આકાશવાણી મુંબઈ–અમદાવાદ પરથી ગુજરાતી કવિઓ તથા સાહિત્યકારો વિશે તેમણે બાવન કાર્યક્રમો આપેલા. હિન્દીના છાયાવાદી કવિઓનાં ગીતો પર આધારિત 'અમૃતા' નામની તેમની કાવ્યસંગીતની શ્રેણી દૂરદર્શનની નેશનલ ચેનલ પરથી પ્રસારિત થયેલી. તેમણે 'કોહિનૂર ગીત ગુંજાર' નામની ભારતીય હિન્દી ચલચિત્ર પર આધારિત એક સંગીતશ્રેણી સતત બાર વર્ષ સુધી દર રવિવારે પ્રસ્તુત કરી હતી. વળી ૧૯૫૪થી ૧૯૫૯ દરમિયાન મુંબઈ આકાશવાણી પરથી 'આ માસનાં ગીતો'ની શ્રેણીનું સુંદર રીતે સંચાલન કર્યું હતું. અજિતભાઈ તથા નિરુપમાબહેને સત્યજિત રે, ઋત્વિક ઘટક જેવા કલાસ્વામીઓના ફિલ્મોત્સવ, કલામર્મીઓના પરિસંવાદો ને પ્રદર્શનો પણ યોજેલાં.

નિરુપમાબહેનના સહયોગમાં અજિતભાઈએ સુગમ સંગીતના સ્વરકાર ને ગાયક તરીકે તો કામ કર્યું જ તે સાથે એ અંગેના સ્વાધ્યાય-ચિંતન આદિના પરિપાક રૂપે કેટલાક લેખો પણ લખ્યા. એ રીતે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા', 'ઇલસ્ટ્રેટેડ વીકલી', નેશનલ કાઉન્સિલ ઑફ પરફૉર્મિંગ આર્ટ્સ(NCPA)ના સામયિક તથા સંગીત નાટક અકાદમીના ત્રૈમાસિક માટે પણ સુગમ સંગીત – પાર્શ્વસંગીત જેવા વિષયોને અનુલક્ષીને લેખો લખ્યા. તેમની પાસેથી આપણને 'સુગમ સંગીત' (પરિચયપુસ્તિકા), 'ગુજર ગયા વહ જમાના' જેવાં કેટલાંક પુસ્તકો મળ્યાં છે. 'The first decade of Indian Film Music' જેવા લેખો તો અવિસ્મરણીય છે. સુગમ સંગીતના ક્ષેત્રે આવું મહત્ત્વનું અર્પણ કરનાર અને એ માટે

દેશવિદેશમાં પણ સન્માનિત થયેલા આ સારસયુગલમાંથી અજિતભાઈની વિદાયથી જે ખોટ પડી છે તે તેમના સૂર અને શબ્દથી હવે તો ભરપાઈ કરવાની રહેવાની રહે છે.

શેઠદંપતીએ ભારતીય શાસ્ત્રીય સંગીતની અદબ જાળવવા સાથે, આપણાં લોકસંગીત, હવેલીસંગીત, ભજનપરંપરા, આખ્યાનાદિના ગાનની અને સમૂહગાનની (મૌખિક) પરંપરા વગેરેનોયે પ્રસંગોપાત્ત, અનુભવમૂલક સ્વાધ્યાય કરીને સુગમ સંગીતના ઉદ્‌ભવ-વિકાસની ગતિવિધિ; તેનો પિંગળ, લોકસંગીત, શાસ્ત્રીય સંગીત, કવિતા વગેરે સાથેનો સંબંધ; તેનાં મૂળભૂત તત્ત્વો વગેરેની ઉપયોગી ચર્ચાવિચારણા 'ગુજરાતમાં પ્રયોજિત સંગીત – સુગમ સંગીત' (૨૦૦૫) ગ્રંથમાં આપી છે. કુલ ૧૪૬ (૧૬ થી ૧૩૦) પૃષ્ઠના ડેમી સાઇઝના આ પુસ્તકમાં ૧૧ લેખો છે. તેમાં પ્રયોજિત અથવા સુગમ સંગીત, પુષ્ટિમાર્ગીય સંગીત, પિંગળ અને સંગીત, બંદિશ અને ગાયકી જેવા લેખો ઉપરાંત નરસિંહરાવ દિવેટિયાની સુગમ સંગીત વિશેની ચર્ચાવિચારણા, ન્હાનાલાલનાં ગીતોના ઢાળ, મેઘાણીભાઈની કવિતાનો ગુજરાતી સંગીત સાથેનો સંબંધ, કવિતા અને સંગીતના મણિકાંચનયોગના સંદર્ભમાં રામનારાયણ વિ. પાઠકનો અભિગમ, આધુનિક ગુજરાતી ગીતરચના જેવા વિષયોને અનુલક્ષીને લેખો છે. આ લેખો મોટે ભાગે 'કુમાર'માં; ઉપરાંત 'કવિલોક', 'ઉત્તરા', 'પરબ' જેવાં સામયિકોમાં છપાયેલા છે. 'કવિતા અને સંગીતનો મણિકાંચનસંયોગ' લેખ રામનારાયણ વિ. પાઠક વિશેના પરિશીલન-ગ્રંથ માટે તો 'નરસિંહરાવ દિવેટિયા અને ગુજરાતમાં પ્રયોજિત સંગીત' લેખ ૧૯૮૪ના ઑક્ટોબરમાં યોજાયેલા પરિસંવાદ માટે લખાયેલા. 'બંદિશ અને ગાયકી' ભાવનગરની મહિલા કૉલેજમાં તો 'આધુનિક ગુજરાતી ગીતરચના' – એ ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રમાં વંચાયેલ વ્યાખ્યાનલેખો છે. 'અંતરની ભીતર'માં અજિતભાઈએ પોતાની કેફિયત રજૂ કરતાં યોગ્ય રીતે જ વિજ્ઞાપન પણ એક કલા હોવાનું જણાવ્યું છે. (પૃ. ૧૨૪). તેમણે સાહિત્યને પોતાની ત્વચા તરીકે ઓળખાવ્યું છે. (પૃ. ૧૨૪). તેમણે આત્મસંતોષ સાથે જણાવ્યું છે કે –

> "નિરુપમા અને હું સંગીત-પ્રવૃત્તિમાં તંદુરસ્ત રહી શક્યાં છીએ તેમ અન્ય કલાકારનો સ્વીકાર અને સન્માન આપવાનું ઔદાર્ય કેળવી શક્યાં છીએ તેનું એક મોટું કારણ અમારી વિજ્ઞાપન-વ્યવસાયની તાલીમ. નિરુપમા પણ વિજ્ઞાપનક્ષેત્રે મારી સાથે કામ કરતી આવી છે અને વિજ્ઞાપનની તાલીમને લીધે અમે બન્ને મનોમાલિન્ય અને હૃદયકાર્પણ્યથી દૂર રહી નિરાળા તત્ત્વની નિર્મળ આરાધના કલાક્ષેત્રે કરી શક્યાં છીએ." (ગુ પ્ર. સં., પૃ. ૧૨૪)

એ પછી વળી તેઓ લખે છે :

> "મારાં દિગ્દર્શિત સર્જનોએ હમેશાં અપાર સફળતા પ્રાપ્ત કરી છે. કવિ રાજેન્દ્ર શાહના ગીતોનો 'ધ્વનિ' કે મેઘાણીભાઈનો 'વંદના' કાર્યક્રમ હો, 'આંખે કંકુના સૂરજ' રેકર્ડ કે દશ્ય શ્રાવ્ય કાર્યક્રમ હો, સૉફોક્લિસનું 'ઍન્ટિગની' નાટ્યદશ્ય, મકરન્દ દવેનાં પ્રાણવાન ગીતો અને ગુજરાતી દલિત કવિઓની રચનાને વાચા આપતો 'આક્રોશ' જેવો નિર્ભીક પ્રયોગ કે 'ધ્વજ ઉઠાવ મારી ભુજા' જેવી જાગૃત ચેતનાની જીવંત ગોષ્ઠિ હોય; સંગીત, સાહિત્ય અને નવજાગૃતિનાં મારાં નિજી સર્જનોએ મને હમેશ સંતોષ આપ્યો છે." (ગુપ્રસં. પૃ. ૧૨૫)

આમ અજિતભાઈને પોતાના કલા-સાધના બાબત કોઈ રાવફરિયાદ નથી; સિવાય સંગીતકારો ને નવોદિતો 'સહનાવવતુ' ને 'સંગચ્છધ્વમ્'ની વેદ-પ્રાર્થનાનો અર્થ

ટલાઈ, એક ભવમાં બે ભવ જીવી, દીકરા માટે ઘસાઈ તોય નામ, ધર્મ વગેરે એની ઓળખ નન્યું . લોહીના સંબંધોએ પહેલાં પોતાની આબરૂ બચાવવા એને કૂવે ધકેલી હતી... તે કૂવે પોતાનાં જ હાડમાંસનો દીકરો, આબરૂ માટે મા પાસે બીજો કોઈ રસ્તો નથી છોડતો... સેવાય કૂવાનો રસ્તો...

પછીના દૃશ્યમાં માની પેટી ખોલીને બેઠેલો દીકરો અંદરની વસ્તુઓને જુએ છે. એક જિંદગીને – એક અવતારને પેટીમાં પૂરી એક જ જનમમાં બીજો અવતાર જીવવાની તાકાત માત્ર સ્ત્રીમાં જ હોય છે. તે અંદરનો ગુરુ નાનકનો ફોટો પુરવાર કરે છે. માની પેટીને નદીમાં વહાવી દેતો સલીમ પેલું લોકેટ ઝુબેદાના હાથમાં પકડાવીને ચાલતો થઈ જાય છે. આ માયેનો, પ્રિયતમ સાથેના સંબંધ પૂરા કરતો સલીમ ફિલ્મના અંતે પૂરેપૂરો જેહાદી – ટોપી-દાઢી-ચશ્માં સાથેના રૂપે ભાયજ્ઞ દેતો નજરે પડે છે. ગળામાં લોકેટ પહેરતી ઝુબેદા સ્ત્રી હોવાના નાતે વીતેની પીડાને પામી શકી છે.

